**પૌરાણિક પાત્રોનો પરિચય કરાવતું સંસ્કૃતસત્ર – મૃગેશ શાહ**

નદી કિનારાનો શાંત વિસ્તાર હોય, આસપાસ પક્ષીઓ કૂંજન કરતા હોય, વૃક્ષોથી આચ્છાદિત સુંદર ઉપવન હોય અને તેમાં કોઈ જ્ઞાની પુરુષ વટવૃક્ષની છાયામાં બેસીને ઋષિછાત્રોને બ્રહ્મતત્વ કે અધ્યાત્મયોગનું રહસ્ય સમજાવી રહ્યા હોય – તેવા અનેક દ્રશ્યો આપણને પુરાણકથાઓમાં મળે છે. બહુધા આપણા અનેક પુરાણોની શરૂઆત નૈમિષારણ્યમાં પ્રકૃતિની ગોદમાં વિરાજમાન ઋષિઓના સંવાદથી શરૂ થાય છે; જેમ કે ભાગવતકાર કહે છે :

નૈમિષે સૂતમાસીનમભિવાદ્ય મહામતિમ |
કથામૃતરસાસ્વાદકુશલ: શૌનકોઽબ્રવીત્ ||

'એક સમયની વાત છે. ભગવદકથામૃતનું રસાસ્વાદન કરવામાં કુશળ મુનિવર શૌનકજીએ નૈમિષારણ્ય ક્ષેત્રમાં વિરાજમાન મહામતિ સૂતજીને નમસ્કાર કરીને પૂછ્યું….' આમ પુરાણોનો કથાપ્રવાહ આગળ વધે છે. આ દ્રશ્ય આપણી આંખ સામે જાણે સતયુગને ખડો કરે છે ! વેદની ઋચાઓ, દીર્ઘસ્વરે ઉચ્ચારાતા ઉપનિષદ-ગીતાના શ્લોકો અને વૈદિક મંત્રોના રહસ્યો પામીને જ્ઞાનપિપાસુઓ કૃતાર્થતાનો અનુભવ કરે છે. પરંતુ સતયુગ એ કોઈ નિશ્ચિત કાળગણનાનો સમય નથી. જ્યાં પણ આવા વૈદિકસત્રોનું વાતાવરણ સર્જાય છે ત્યાં સતયુગ આપ મેળે ખડો થતો હોય છે. સૌરાષ્ટ્રમાં મહુવા ખાતે પ્રતિવર્ષ યોજાતું 'સંસ્કૃતસત્ર' આપણને સતયુગ જ નહીં, છેક વેદકાલીન સમયમાં લઈ જાય છે.

માલણ નદીને તીરે, નાળિયેરીના વૃક્ષોથી આચ્છાદિત શ્રી કૈલાશ ગુરુકુળના પ્રાંગણમાં પૂ. મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાતું આ ત્રિદિવસીય સત્ર આપણને નૈમિષારણ્યના વાતાવરણની અનુભૂતિ કરાવે છે. આદરણીય શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશી તેમજ શ્રી વિનોદભાઈ જોશીના આયોજન-સંચાલન હેઠળ અહીં પ્રતિવર્ષ સંસ્કૃત સાહિત્યના વિદ્વાનો જે તે વિષયને અનુરૂપ પોતાનો અભ્યાસ અને ચિંતન શ્રોતાઓ સમક્ષ રજૂ કરે છે. પાત્ર-પ્રસંગને અનુરૂપ વક્તવ્ય સાથે વેદની ઋચાઓ કે પુરાણ-ઉપનિષદના શ્લોકોનું જે રીતે અહીં ગાન થાય છે તે સાંભળીને ઉપસ્થિત સૌ શ્રોતાઓ રોમાંચ અનુભવે છે. શ્લોકોનું મંથન થતાં જાણે તેમાંથી નવનીત પ્રગટ થાય છે. પૂ. બાપુની શ્રોતા તરીકેની ઉપસ્થિતિમાં ગુજરાતની વિભિન્ન યુનિવર્સિટીઓમાંથી આવતા સંસ્કૃતના વિદ્વાન પ્રાધ્યાપકો, ભારતીય સંસ્કૃત વિદ્યાપીઠના વિદ્વાનો ગહનમાં ગહન વિષયને એકદમ સરળ કરીને તેનો સાર આમ જનતા સમજી શકે તે રીતે મૂકી આપે છે. પુરાણો અને વેદની પ્રાચીન કથાઓને અહીં વર્તમાન સમયને અનુલક્ષીને સમજવાની કોશિશ થાય છે. માનવીની સનાતન વૃત્તિઓનું એક એવું ચિત્ર ખડું થાય છે કે જેથી આપણને એમ લાગે કે યુગો પહેલા કહેવાયેલી વાતો આજે પણ કેટલી યથાર્થ છે ! પાંચ સંગોષ્ઠિની બેઠકો સાથે યોજાતું આ સત્ર, ત્રીજા દિવસની અંતિમ 'વાચસ્પતિ પુરસ્કાર' પ્રદાનવિધિ સાથે સંપન્ન થાય છે. ચાલુ વર્ષે તા. 2,3 અને 4 સપ્ટેમ્બર, 2008 દરમિયાન આ રીતે નવમા સંસ્કૃતસત્રનું આયોજન કરવામાં આવ્યું જેનો વિષય હતો 'પૌરાણિક પાત્રો' – એટલે કે પુરાણોમાં આવતા જુદા જુદા પાત્રો પર વિદ્વાનોનું બૃહદ ચિંતન.

બરાબર સવારે નવ વાગ્યે પૂ. મોરારિબાપુ અને સંસ્કૃત સાહિત્યના વિદ્વાનોની પ્રેરક ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રાગટ્યથી આ નવમા સત્રનો આરંભ થયો હતો. ત્યારબાદ ગુરૂકુળના છાત્રો દ્વારા 'પુરુષસુક્ત'નું દિવ્યગાન

કરવામાં આવ્યું હતું. 'સંસ્કૃતસત્ર'ની ભૂમિકા વિશે વાત કરતાં શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશીએ આ પૂર્વે થયેલા આઠ સત્રોની ઝાંખી આપી હતી. 'શિવમહિમા', 'ભાગવદમહિમા', 'સંસ્કૃત મહાકાવ્યો', 'સંસ્કૃત નાટકો', 'પરમતત્વ વિભાવના', 'વૈદિક સાહિત્ય', 'આર્યંલિક રામાયણો' અને 'મહાભારતના પાત્રો' વિશે આઠ સત્રો યોજાયા બાદ આ વર્ષે 'પૌરાણિક પાત્રો'નો વિષય પસંદ કરવામાં આવ્યો છે તેમ તેમણે જણાવ્યું હતું. પ્રથમ સંગોષ્ઠિની બેઠકના વક્તાઓ રાધાવલ્લભ ત્રિપાઠીજી, મુકુન્દભાઈ વાડેકર અને યોગિનીબેન વ્યાસ તેમજ આ બેઠકનું સંચાલન કરનાર મનસુખભાઈ સાવલિયાનું બાપુએ સુત્રમાલાથી સ્વાગત કર્યું હતું અને ત્યારબાદ બેઠકના પ્રથમ વક્તવ્યનો પ્રારંભ થયો હતો.

**[સંગોષ્ઠિ-1]**

સત્રારંભની આ બેઠકનું સંચાલન સંભાળતાં મનસુખભાઈએ જણાવ્યું હતું કે 'વેદોમાં જટિલ કર્મકાંડ છે. ઉપનિષદોમાં તત્વની ભૂમિકા સામાન્ય માણસને સમજવી મુશ્કેલ પડે ત્યારે વેદવ્યાસજીને એમ થયું કે એવા શાસ્ત્રો રચાવા જોઈએ કે જે લોકહૃદય સુધી પહોંચે. આમ પુરાણોથી રચના થઈ. પુરાણોથી ભાષા અત્યંત સરળ છે. વિદ્વાન ન હોય તે પણ સમજી શકે છે. પુરાણોમાં ભક્તિ અને જ્ઞાનનો અદ્દભુત સમન્વય છે. બ્રહ્માંડ પુરાણમાં તો વળી એમ કહેવાયું છે કે જે વિદ્વાન વેદોને સાંગોપાંગ જાણતો હોય, ઉપનિષદોનો ગહન અભ્યાસુ હોય પણ જો પુરાણોનો તેને પરિચય ન હોય તો તેને હું વિદ્વાન કહેતો નથી – પુરાણોનું આટલું બધું મહાત્મય છે.' સંગોષ્ઠિના પ્રથમ વક્તા શ્રી રાધાવલ્લભ ત્રિપાઠીજીનો પરિચય આપતાં તેમણે જણાવ્યું કે 'શ્રી ત્રિપાઠીજી સંસ્કૃતના ધુરંધર વિદ્વાન છે, દિલ્હી સ્થિત સમગ્ર દેશની સંસ્કૃત સંસ્થાઓનું નિયમન કરનાર સર્વોચ્ચ સંસ્થાના તેઓ વાઈસ ચાન્સેલર છે. પુરાણો વિશે તેમનું ગહન પરિશિલન છે, સારા ચિંતક અને સારા વકતા છે. તેઓ આજે આપણને આ ત્રિદિવસીય ચાલનારા સત્ર માટે પુરાણોના પાત્રો, તેમની પ્રતિભાઓ અને તેઓની વિશેષતાઓ વિશે એક પૂર્વભૂમિકા બાંધી આપશે.'

શ્રી રાધાવલ્લભ ત્રિપાઠીજીએ પોતાના વક્તવ્યનો આરંભ કરતાં કહ્યું કે 'હું પુરાણોનો વિશેષજ્ઞ નથી. પુરાણો તો એટલા વિશાળ છે કે કોઈ એક પુરાણનો જીવનભર અભ્યાસ કરવામાં આવે ત્યારે તેના મર્મને કદાચ પામી શકાય. હું તો અહીં માત્ર ભૂમિકા સ્વરૂપે કંઈક કહેવાનો પ્રયત્ન કરીશ. સંસ્કૃતની પદ્ધતિ પ્રમાણે આપણે સૌથી પહેલા 'પુરાણ' શબ્દના લક્ષણોનો વિચાર કરવો જોઈએ. મહર્ષિ યાસ્કે 'પુરાણ' શબ્દનો અર્થ કરતાં કહ્યું છે કે 'पुरा नवम् भवति' – એનો અર્થ જેમાં અતીત નવું રૂપ ધારણ કરે છે તે પુરાણ. એ કદી જૂના થતા નથી. જૂનો કાળ જેમાં નવો થઈને જન્મે છે તે પુરાણ. જાણે સહસ્ત્રાબ્દિઓ આપણી આંખ સામે ઊભી થાય છે !' શ્રી ત્રિપાઠીજીએ આ વિશે દષ્ટાંત ટાંકતા સમજાવ્યું હતું કે 'ઘણી વાર જીવનમાં આપણે કશુંક સુંદર વાંચીએ છીએ ત્યારે એમ લાગે છે કે જાણે આપણે નવા થઈ ગયા ! કોઈ સારી કવિતા કે સાહિત્ય કે પછી ગમે તે. કવિતા, કલા, સાહિત્ય આપણને નવા કરે છે. શરીરનો થાક અને માનસિક વિકારોને દૂર કરીને આપણને આપણું સહજ સ્વરૂપ આપે છે. અરે, આપણે આટલી મુસાફરી કરીને અહીં મહુવા આવ્યા, પણ આવ્યા પછી જાણે એમ લાગ્યું કે આપણે નવા થઈ ગયા ! પુરાણોનું કામ વ્યક્તિમાં રહેલા ચૈતન્યને જાગૃત કરવાનું છે. વાયુ પુરાણમાં એમ કહ્યું છે કે જેમાં અતીત શ્વાસ લેવા લાગે તે પુરાણ. હવે પુરાણના બીજા લક્ષણોનો વિચાર કરીએ. બૃહદારણ્યક ઉપનિષદ પ્રમાણે એમ કહેવાયું છે કે પરમતત્વનો નિ:શ્વાસ એ પુરાણો છે. તેથી તેનું એક લક્ષણ એ પણ છે કે તે ઈશ્વરનું સ્વરૂપ છે.'

પુરાણો વિશે સરળ સમજૂતી આપતાં એમણે જણાવ્યું કે 'ઈશ્વર જેમ એકમાંથી અનેક થયો તેમ પુરાણો પણ કદાચ મૂળ એક જ હોય અને પછી તેમનું અઢાર પુરાણોમાં વિભાજન થયું હોય તેમ બની શકે. આ તો ફક્ત એક આંકડો છે બાકી પુરાણો તો એટલા લોકપ્રિય બન્યા છે કે તેની કોઈ ગણતરી નથી.' તેમણે શ્રોતાઓને હસતાં હસતાં જણાવ્યું કે મનેય એમ ઈચ્છા થાય કે 'હું મારા નામ પરથી એક રાધાવલ્લભપુરાણ લખી નાખું ! – એમ થવાનું કારણ એ છે કે આપણે આપણા મૂળ સાથે કોઈને કોઈ સ્વરૂપે જોડાવા માગીએ છીએ. પુરાણો સતત વધતા જ રહે છે. તેનું ન્યુક્લિયસ સતત વિસ્તરતું રહે છે. આ એનું એક લક્ષણ છે. પુરાણોને વેદોનું ઉપભૃહણ કહ્યા છે; એટલે કે પુરાણો એ વેદોમાં કહેવાયેલી વાતોનો વિસ્તાર છે.'

હવે આ પુરાણોનો વિસ્તાર કેવી રીતે થયો તેની વાત કરતાં શ્રી ત્રિપાઠીજીએ કહ્યું હતું કે 'પુરાણોનો વિસ્તાર સૂતજી દ્વારા થયો. ભારતની આ ખૂબી છે કે અહીં વ્યક્તિને એના કૂળથી નહીં પરંતુ એના કામથી ઓળખવામાં આવે છે. સૂતજી તો ક્ષત્રિય પિતા અને બ્રાહ્મણ માતા દ્વારા ઉત્પન્ન થયેલા વિલોમજ સંતાન છે પરંતુ તેમ છતાં પુરાણોને બચાવવાનું અને તેનો વિસ્તાર કરવાનું કામ તેમને સોંપવામાં આવ્યું. ભગવાન વેદવ્યાસ પણ એ રીતે નિમ્ન જાતિમાં ઉત્પન્ન થયેલા સંતાન છે. ઉપનિષદોમાં આવતી સત્યકામ જાબાલની વાત પણ તમે જાણો છો કે તે તેને પોતાના કૂળનો ખ્યાલ નથી. તે ગૌતમ ઋષિને નિર્ભિક પણે કહી શકે છે કે મને મારા પિતા કોણ છે તે જાણ નથી. ગૌતમ ઋષિ તેની સત્યવાણીથી પ્રસન્ન થઈને તેને 'સત્યકામ જાબાલ' એવું નામ આપે છે. અરે, છેક વેદકાળમાં જઈએ તો ઋગવેદમાં એવું વર્ણન આવે છે કે કારીગરો, નટો, વાદકો, ભાટ-ચારણો, નર્તકો – આ બધાને યજ્ઞોમાં આદર સહિત આમંત્રિત કરવામાં આવતા. તેઓ યજ્ઞનું જ એક અંગ ગણાતા. કોઈ એમને તુચ્છ કે હલકા નહોતું ગણતું. આટલા ઊંચા વિચારોની આપણી પરંપરા રહી છે. સૂતોએ આ બધી પરંપરા, વંશાવેલીઓ, ચરિત્રો, સૃષ્ટિની ઉત્પત્તિની વિગતો વગેરેનો સંચય કર્યો. સૃષ્ટિના મન્વંતરોની ગણતરી કરી. ભોજપત્રો પર બધું લખીને સાચવી રાખ્યું અને આ રીતે પુરાણોનો વિકાસ-વિસ્તાર થયો. વેદોમાં સુક્તો અને ઉપાસનાઓનું મહત્વ વધારે રહ્યું છે જ્યારે પુરાણોમાં વેદોમાં કહેવાયેલી બાબત ઉપરાંત દેશ શું છે ? જે તે દેશના તીર્થ, નગર, ભૂગોળ, પહાડ, નદી – વગેરે નિરક્ષર લોકોને પણ ખ્યાલ આવે તે માટે તેમાં ઉમેરવામાં આવ્યા. એટલે જ પુરાણો સાચા અર્થમાં વેદોનું ઉપભૃહણ છે.'

'ઘણા લોકો ક્યારેક એમ કહેતા હોય છે કે આપણે ત્યાં અંગ્રેજોએ આવીને એકતા સ્થાપી બાકી નાના-નાના રજવાડાઓ અંદર અંદર લડી મરતા હતા – આ વાત સાવ ખોટી છે. મુખ્ય પાંચ પુરાણોમાં એક શ્લોક વારંવાર આવે છે કે ભારત એટલે શું ? તો ત્યાં એવું વર્ણન આવ્યું છે કે જેની ઉત્તરે હિમાલય છે, જેના દક્ષિણે સમુદ્ર તટ છે તે સમગ્ર ભારતવર્ષ છે અને તેમાં રહેનારા લોકો 'ભારતીય' છે. પુરાણોમાં એકતાની આવી વાત યુગો પૂર્વેથી અપાયેલી છે. પુરાણો આપણને આપણી ઋષિ ચેતના સાથે જોડે છે. ભારતમાં રહીને શું બની શકાય તેનું વર્ણન પુરાણોએ કર્યું છે. તે દેશના લોકોનું આત્માભિમાન જાગૃત કરે છે અને જણાવે છે કે ભારતમાં જન્મ લેવો એ કંઈ જેવી તેવી બાબત નથી. તેઓ ભારતવાસીને દેવતાઓ કરતાં પણ વધારે ધન્ય ગણે છે કારણ કે ભારતમાં જન્મ લેનાર વ્યક્તિ પોતાના કર્મો દ્વારા પોતાને મુક્ત કરી શકે છે. પુરાણો તો સ્પષ્ટ કહે છે કે સ્વર્ગમાં યુગો સુધીના સુખો ભોગવવા કરતાં ભારતમાં થોડ સમયનું ક્ષણભંગુર જીવન લેવું એ ધન્યતાને પાત્ર છે. એની માટીમાં અનુરાગ અને પ્રેમ છે. પુરાણો આ રીતે આપણી સામે આખો સાંસ્કૃતિક વૈભવ મૂકી આપે છે.'

વક્તવ્યના અંતે શ્રી રાધાવલ્લભ ત્રિપાઠીજીએ જણાવ્યું કે પુરાણો જ્ઞાનની ધરોહર છે. એકબીજાથી સમગ્ર વસ્તુઓને જોડીને શીખવાનો પુરાણોનો 'એપ્રોચ' છે એટલે જ પુરાણો બહુ ઊંચાઈએ પહોંચે છે. તેની દષ્ટિ બ્રહ્માંડ સુધી વ્યાપે છે. જ્ઞાન, કલા, કથા, વાર્તા, કવિતા, વંશાવેલીઓ, જ્યોતિષ – આ બધું જ પુરાણ એકબીજા સાથે જોડતું જાય છે અને તેને જોડીને તે કંઈક નવું આપણને આપે છે; જેને સ્વીકારી આપણે ધન્ય બનીએ છીએ. એક જ શબ્દમાં કહીએ તો "આપણી સંસ્કૃતિ એ સ્વીકારની સંસ્કૃતિ છે, નેગેશનની નહીં."

પ્રથમ સંગોષ્ઠીના બીજા વક્તા શ્રી મુકુન્દભાઈ વાડેકરે પુરાણના એક પાત્ર 'હરિશ્ચંદ્ર' વિશે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. મુકુન્દભાઈ 'પ્રાચ્ય વિદ્યામંદિર'ના ડાયરેક્ટર છે. ધુરંધર વિદ્વાન, સારા વક્તા અને ચિંતક છે. તેમણે તેમની વાતનો આરંભ કરતાં કહ્યું હતું કે 'પુરાણ એ પાંચમો વેદ છે. તેમાંના અનેક પાત્રો પૈકી મારે જે વાત કરવાની છે તે હરિશ્ચંદ્રની વાર્તા ઐતરેય બ્રાહ્મણમાં આવે છે. દેવીભાગવતમાં તે ખૂબ વિસ્તારથી વર્ણવાઈ છે. મહાભારતના સભાપર્વમાં, બ્રહ્મપુરાણમાં, માર્કંડેય પુરાણમાં અને ભાગવતમાં પણ તે મળે છે. હરિશ્ચંદ્ર ઈશ્વાકુ વંશનો રાજા છે. તારામતી નામની તેની પત્ની છે. પિતાનું નામ ત્રિશંકુ અને માતાનું નામ સત્યવતી છે. પણ રાજાને પુત્ર ન હોવાથી તે દુ:ખી છે. એક વાર દેવર્ષિ નારદ રાજાને ત્યાં આવીને તેને વરુણની ઉપાસના કરવાનું કહે છે. રાજાએ તે પ્રમાણે કરતાં તેને પુત્રની પ્રાપ્તિ તો થાય છે; પરંતુ વરુણે એક શરત મૂકી હોય છે કે જ્યારે તને પુત્રની પ્રાપ્તિ થાય ત્યારે તેના વડે તારે નરમેધ યાગ કરવો એટલે કે પુત્રની બલી આપીને વરુણને તે પાછો સોંપવો. પુત્ર રોહિતની પ્રાપ્તિ થતાં વરુણ હાજર થાય છે કે હવે તું મારું યજન કર. તે સમયે હરિશ્ચંદ્ર કહે છે કે દસ દિવસ તમે રોકાઈ જાઓ. જન્મના દિવસોની શુદ્ધિ થયા વગર યજ્ઞ ન થાય. વરુણ માની જાય છે. દસ દિવસ પછી તે ફરી આવે છે. રાજા 'બાળકને દાંત ઉગે' ત્યાં સુધીની મુદત પાડીને ફરી વિદાય કરે છે. એ પછી ઉપનયન સંસ્કારનું બહાનું કાઢીને વરુણને ટાળી દે છે. અગિયાર વર્ષ બાદ વરુણ ફરી આવે છે ત્યારે પુત્રના સમાવર્તન સંસ્કાર બાકી છે એમ કહીને વરુણને યજ્ઞ માટે ના પાડે છે. છેવટે, કોઈ બહાનું ન રહેતાં એ યજ્ઞની તૈયારી કરે છે પરંતુ એ સમયે થાય છે એવું કે પુત્ર કોઈક કારણોસર વનમાં ભાગી જાય છે. આ બાજુ, યજ્ઞ બંધ રહેવાથી વરુણ ગુસ્સે થઈને હરિશ્ચંદ્રને 'ઉદર રોગ' થાય એવો શાપ આપે છે. રોહિત પાછો આવવાનો જ્યારે પ્રયત્ન કરે છે ત્યારે ઈન્દ્ર એને 'ચાલનારનું જ ભાગ્ય ચાલે' એમ કહીને વનમાં ફર્યા કરવાની સલાહ આપે છે. યજ્ઞમાં જઈશ તો તારો વધ થશે એમ રોહિતને સમજાવે છે.'

મુકુન્દભાઈએ કથાનો પ્રવાહ આગળ વિસ્તારતાં જણાવ્યું કે 'આમ ને આમ છ વર્ષ નીકળી જાય છે. એકવાર રોહિતને જંગલમાં અજિગર્ત નામનો બ્રાહ્મણ મળે છે. એને ત્રણ પુત્રો છે. રોહિત વિચારે છે કે આ બ્રાહ્મણ પાસેથી કોઈક એક પુત્રને વેચાતો લઈ લઈએ તો પિતાને એ દત્તક પુત્ર તરીકે આપી શકાય. જેથી યજ્ઞમાં પિતા તેનો ઉપયોગ કરીને પોતાનું વચન પૂરું કરી શકે. હવે પ્રશ્ન એ કે ત્રણમાંથી તૈયાર કોણ થાય ? છેવટે મધ્યમપુત્ર શુન:શેપને લઈને રોહિત હરિશ્ચંદ્ર પાસે આવે છે. યજ્ઞ વેદી પર એનો વધ કરવા માટે તૈયારીઓ થાય છે. પરંતુ એ પહેલા શુન:શેપ અનેક દેવતાઓની સુંદર સ્તુતિ કરે છે અને તેનાથી વરુણદેવ પ્રસન્ન થાય છે. શુન:શેપને તેમાંથી મુક્ત કરે છે. હરિશ્ચંદ્રનો ઉદરરોગ પણ દૂર થાય તેવું વરદાન આપે છે. આથી, ત્યાં નરમેધ યજ્ઞની જગ્યાએ સુંદર રાજસુય યજ્ઞ કરવામાં આવે છે. હવે બન્યું એવું કે એકવાર ઈન્દ્રને ત્યાં વસિષ્ઠ અને વિશ્વામિત્ર ઋષિ ભેગા થઈ ગયા. આમ તો બંને વચ્ચે બોલાચાલી થતી રહે છે, એવામાં વળી વસિષ્ઠે તે દિવસે હરિશ્ચંદ્રના

આ રાજસુય યજ્ઞની બહુ જ પ્રસંશા કરી. હરિશ્ચંદ્ર સત્યવાદી છે, દાની છે એમ કહીને રાજાનો ખૂબ આદર કર્યો. વિશ્વામિત્રએ કહ્યું કે મને વાત સાચી લાગતી નથી. મારે એમની પરીક્ષા કરવી પડશે. હવે અહીંથી બીજી કથાનો આરંભ થાય છે કે જેમાં હરિશ્ચંદ્રની પરીક્ષા લેવામાં આવે છે.

કથા બહુ લોકપ્રિય છે. એકવાર હરિશ્ચંદ્ર વનમાં જાય છે ત્યારે વિશ્વામિત્ર તેમને મળે છે. વિશ્વામિત્ર કહે છે કે મને તમારા રાજસૂય યજ્ઞની દક્ષિણા મળી નથી માટે હું જેટલું માંગું એટલું તમારે આપવું પડશે. રાજા પોતાની તૈયારી બતાવે છે. વિશ્વામિત્ર તેમની પાસેથી સત્તા, રાજ્ય, રાજકોષ, ધનધાન્ય, રથ બધું જ માંગી લે છે. હરિશ્ચંદ્ર 'હા' પાડે છે. છેવટે રાજાના વસ્ત્રો અને દાગીના પણ માંગીને કેવળ વલ્કલ પહેરીને નગર છોડવાનો આદેશ કરે છે. સહેજપણ વિચલિત થયા વિના રાજા વલ્કલ પહેરીને પત્ની અને પુત્ર સાથે નગર છોડી દે છે ! કેવો મોટો પરિત્યાગ ! વિશ્વામિત્ર કહે છે કે હજી મારી દક્ષિણા પૂરી થઈ નથી. બીજી દક્ષિણા ક્યારે આપો છો ? રાજા એક મહિનાની મુદત માંગે છે. મુદત પૂરી થતાં રાજા પોતાના પરિવાર સાથે વારાણસી આવી પહોંચે છે ત્યારે વિશ્વામિત્ર પોતાની માગણી કરતાં ફરી ત્યાં પ્રગટ થાય છે. રાજા કહે છે કે હજુ એક મહિનો પૂરો થવામાં અડધો દિવસ બાકી છે. જોઈએ શું થાય છે…. હરિશ્ચંદ્રને થાય છે કે હું દક્ષિણા કેવી રીતે આપીશ ? મારી પાસે તો કંઈ છે નહિ. એ સમયે પત્ની મદદે આવે છે. પત્ની કહે છે કે સ્ત્રી માટે તો પુત્રપ્રાપ્તિ એ જ એના જીવનનું પરમ સાર્થક્ય છે અને તે હું પ્રાપ્ત કરી ચૂકી છું. માટે તમે મને કોઈને વેચાણમાં આપી દો અને એનાથી જે પૈસા મળે એ વિશ્વામિત્રને આપી એમને સંતુષ્ટ કરો. રાજા હરિશ્ચંદ્ર બજારમાં આવીને બૂમો પાડે છે કે "જેને જતા જોઈને લોકો જમીન સાફ કરતાં એ રાજા આજે તમારી સમક્ષ પોતાની પત્નીને વેચવા નીકળ્યો છે. લેવી છે કોઈને મારી પત્ની ?" એક બ્રાહ્મણ આવે છે અને કહે છે કે મારી પત્ની બહુ નાજૂક છે, ઘરકામ કરી શકતી નથી. તમને જોઈએ એટલા પૈસા આપું અને તમારી પત્નીને દાસી તરીકે લઈ જાઉં. બધું નક્કી થાય છે. પુત્રનો વિરહ સહન ન થતા માતા તેને પોતાની સાથે લઈ જાય છે અને આમ રાજા સાવ એકલો પડી જાય છે. ફરી ત્યાં વિશ્વામિત્ર આવે છે. હરિશ્ચંદ્ર પ્રાપ્ત થયેલું તમામ ધન એમને આપી દે છે, પણ વિશ્વામિત્રને સંતોષ થતો નથી. રાજા કહે છે કે હજુ સૂર્યાસ્ત થવાને વાર છે. હું મારી જાતને વેચી દઉં છું – એમ કહીને એ પોતાને ચાંડાળને વેચે છે. તે તેને સ્મશાનમાં લઈ જાય છે. અને આ પ્રસંગે પુરાણોમાં એ સ્મશાનની રાતોનું ભયંકર વર્ણન ત્યાં આવ્યું છે. રાજાને સ્મશાનમાં મૂલ્ય લેનારનું કામ કરવું પડે છે. પ્રત્યેક શબના જે પૈસા આવે એમાંથી આટલા પૈસા રાજાને, આટલા પૈસા ચાંડાલને આપવા, બાકીના પોતે રાખવા વગેરે કામ કરીને એ પોતાના દિવસો વીતાવે છે. રાત્રિના બિહામણા અવાજો, શબ પાસે આક્રંદ કરતાં સ્વજનો વચ્ચે રાજા શાંત બેઠો છે. એકવાર તો એને સ્વપ્નમાં નરકની દશાઓ દેખાય છે અને યમરાજા એને ફરી પૃથ્વી પર મોકલી આપે છે. અત્યંત દુ:ખમાં રાજા પોતાનું જીવન વીતાવી રહ્યો છે.

છેલ્લે ચરમસીમાએ તો પુત્ર-પત્ની બધા મૃત્યુના મુખમાં આવી પહોંચે છે પરંતુ વિશ્વામિત્ર સૌને સાચવી લે છે અને 'આ તો એક પરીક્ષા હતી' – એમ કહીને પોતાની સત્વપરીક્ષામાં હરિશ્ચંદ્રને ઊતીર્ણ કરે છે. વિશ્વામિત્ર ઋષિ પ્રસન્ન થઈને કહે છે કે હવે તમે સ્વર્ગમાં જશો. પરંતુ રાજા હરિશ્ચંદ્ર ફક્ત પોતાના પરિવાર સાથે સ્વર્ગે જવાની વાતથી રાજી નથી, તેને તો આખી અયોધ્યા સ્વર્ગે આવે તો જ પ્રયાણ કરવું છે. દરેકના કર્મો અલગ હોય માટે તેનું ફળ પણ જુદું જુદું હોય એવી વાત આવે છે ત્યારે રાજા કહે છે કે મારું જેટલું પુણ્ય છે એ બધું મારી પ્રજામાં વહેંચી દો પણ સૌને મારી સાથે લઈ જાઓ.' આખ્યાનની સમાપ્તિ કરતાં મુકુન્દભાઈએ જણાવ્યું કે 'અંતે બધાને

સ્વર્ગે લઈ જવામાં આવે છે અને ત્યાં કથાની સમાપ્તિ થાય છે. પ્રજા પ્રત્યે પ્રેમ અને પોતાના જીવનમાં સત્યનું આચરણ કરવાનો બોધ આપતી આ કથા આપણને પુરાણોના મૂળ તત્વો પર વિચાર કરવા આજે પણ મજબૂર કરે છે.

પુરાણ-પાત્રો પૈકીના એક નારીપાત્ર 'અનસૂયા' વિશે વાત કરનાર સંગોષ્ઠીના ત્રીજા પ્રવક્તા યોગિનીબેન ગાંધીનગરની ઉમા આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃતના પ્રોફેસર અને 'હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ' છે. દિલ્હી ખાતે યોજાયેલી 'અખિલ ભારતીય સંસ્કૃત મૌલિક કથાલેખન'ની પ્રતિયોગીતામાં તેમણે પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કર્યું છે. પોતાના વક્તવ્યની શરૂઆત તેમણે વેદો-પુરાણોમાં ગવાયેલા નારી મહિમા વિશેની કેટલીક વાતોથી કરી હતી. 'माता भूमि पुत्रो अहं पृथिव्या:', 'નારી તું નારાયણી', 'गृहिणीम् गृहम् उचयते' જેવા પ્રસિદ્ધ સુત્રોને યાદ કરીને તેમણે જણાવ્યું હતું કે 'યજુર્વેદમાં નારીના શાશ્વત ગુણોની પ્રશંસા કરવામાં આવી છે. તૈતરિય ઉપનિષદમાં 'ન અરિ:' એટલે કે જેનો કોઈ શત્રુ નથી અને જે પુરુષ માટે ઉપકારક છે તે નારી – એમ વ્યાખ્યા કરવામાં આવી છે. ઋગવેદના પ્રથમ મંડળમાં જ્ઞાનની અધિષ્ઠાત્રીરૂપે સરસ્વતી દેવીની સ્તુતિ કરવામાં આવી છે.' આમ કહીને યોગિનીબેને ઋગવેદના આ પાવન મંત્રોનું કૈલાસના પવિત્ર વાતાવરણમાં સુંદર સ્વરે ગાન કર્યું ત્યારે સૌ કોઈ રોમાંચિત થઈ ઊઠ્યા હતા. વધુમાં તેમણે શતપથ બ્રાહ્મણ, શ્રદ્ધાસુક્ત, અરણ્યસુક્ત અને તૈતરેય બ્રાહ્મણમાં 'પત્ની: સર્વસ્ય મિત્રં' સુત્રરૂપે વર્ણવાયેલા નારી મહિમાની નોંધ લીધી હતી. વેદકાલીન સમય બાદ ઉપનિષદકાળનો સંદર્ભ લેતાં તેમણે જણાવ્યું હતું કે 'ઉપનિષદકાળની નારી સત્યવચની અને અધ્યાત્મમાર્ગની પ્રવાસીની છે તથા નીડર છે. છાન્દોગ્ય ઉપનિષદના 'સત્યકામ-જાબાલ'નું આખ્યાન તેનું ઉજ્જવળ ઉદાહરણ છે, બૃહદારણ્યક ઉપનિષદમાંનું મૈત્રેયીનું પાત્ર પણ સદા પૂજનીય છે. પુરાણોની વાત કરીએ તો માર્કંડેય પુરાણમાં 'દુર્ગાસપ્તસદી' દ્વારા નારીનો મહિમા ગવાયો છે. શકરાદય સ્તુતિમાંનો એક પ્રસિદ્ધ શ્લોક નારીનો મહિમા કરતાં કહે છે કે "હે દેવી પુણ્યશાળીને ત્યાં આપ લક્ષ્મી સ્વરૂપે અવતરો છો, તો પાપાત્માને ત્યાં દરિદ્રતા સ્વરૂપે અને કુલજનોના ગૃહમાં આપ શ્રદ્ધા સ્વરૂપે અવતરો છો." ભાગવત પુરાણમાં કુંતી, ગાંધારી, દેવકી, રાધા, સત્યભામા, યશોદા, રોહિણી, જામ્બવતી, વિદુલા જેવા કેટલાય નારીરત્નોનું આલેખન થયું છે. ઈશ્વર જેના ખોળામાં રમણ કરે એવી યશોદા વિશે તો શું કહેવું ?

અનસૂયા આ પ્રકારનું જ એક પુરાણોનું નારીપાત્ર છે. 'पर गुणेषु दोषा: विस्तरणं असूया तस्या: अभाव: अनसुया' બીજાના ગુણો જોઈને થતી ઈર્ષ્યાનો અભાવ એટલે અનસૂયા.' પુરાણકથાના આ પાત્ર વિશેની કથાનો આરંભ કરતાં તેમણે જણાવ્યું હતું કે 'અનસૂયા એ કંદર્પ પ્રજાપતિ અને દેવહૂતીના પુત્રી છે. સિદ્ધોમાં પ્રથમ દેવ કપિલમુનીના એ બહેન છે. તપસ્વીની અનસૂયાજીના લગ્ન બ્રહ્માજીના માનસપુત્ર તપસ્વી મહર્ષિ અત્રિ સાથે થયા હતા. તેઓ અત્રિને પ્રાણથી પણ વધુ વહાલા હતા. તેમના સતીત્વની ખ્યાતિ સાંભળીને તેમને વિચલિત કરવા એક વખત ઉમા, રમા અને બ્રહ્માણીએ ભગવાન શંકર, વિષ્ણુ અને બ્રહ્માજીને તેમના સતીત્વનો ભંગ કરવા માટે મોકલ્યા. ત્રણેય સાધુ વેશમાં આશ્રમે આવ્યા એટલે 'અતિથિદેવો ભવ:'ની પરંપરા અનુસાર અનસૂયાએ તેઓનું સ્વાગત કર્યું. કંદ,મૂળ અને ફળ આપતાં અતિથિઓએ તેનો અસ્વીકાર કર્યો. અનસૂયાજીએ ખૂબ વિનંતી કરતાં આ ત્રણેય મુનિઓએ 'અનસુયા વિવસ્ત્ર થઈને સત્કાર કરે' એવો વિચિત્ર પ્રસ્તાવ મૂક્યો. સમાધિદ્વારા અનસૂયાજીએ સાચી હકીકત અને રહસ્ય જાણ્યું. તેઓ બોલ્યા કે 'જો હું સાચી પતિવ્રતા હોઉં અને ભૂલમાં સ્વપ્નની અંદર પણ પરપુરુષનું કામભાવથી મેં ચિંતન ન કર્યું હોય તો આપ ત્રણેય છ-છ મહિનાના

બાળક બની જાઓ. પતિવ્રતા અનસૂયાજીનું આ પ્રમાણે કહેતાની સાથે જ ત્રણેય દેવો બાળક બની ગયા. અનસૂયાજીએ વિવસ્ત્ર થઈને તેમને સ્તનપાન કરાવ્યું. આશ્રમ પાછા ફરેલા મહર્ષિ અત્રિ આ દ્રશ્ય જોઈને ચકિત થઈ ગયા. તો આ તરફ, ઘણા દિવસથી પાછા ન ફરેલા પતિદેવોની ચિંતામાં ઉમા, રમા અને બ્રહ્માણી અત્રિના આશ્રમે આવી ચઢ્યા. ત્રણેય દેવીઓએ માતા અનસૂયાની ક્ષમા માગી ત્યારે તેમણે ત્રણેય દેવીઓને પોતાના પતિ પાછા સોંપ્યા. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ – એ ત્રણેય પોતપોતાના અંશથી દત્ત, દુર્વાસા અને ચંદ્રમા રૂપે અનસૂયાજીને ત્યાં અવતાર ધારણ કરશે એવું વચન આપ્યું અને એક સરખા મતથી કહ્યું કે સાચે જ ! અનસૂયા દેવી જ સાચા સતી છે.'

વાલ્મીકી રામાયણની વાત કરતાં યોગિનીબેને જણાવ્યું કે, 'વાલ્મીકી રામાયણમાં આવતો સતી અનસૂયા સંવાદ પણ અનસૂયાજીના પાત્રને અનેરું ગૌરવ બક્ષે છે. અનસૂયાજીએ સીતાજીને પતિવ્રતધર્મનો ઉપદેશ આપતા કહ્યું છે કે પતિ વનમાં હોય કે નગરમાં હોય, સજ્જન હોય કે દુર્જન હોય પણ જે સ્ત્રીઓને તે પ્રિય હોય તે સ્ત્રીઓ મહાન અભ્યુદયશાલિની-ભાગીની થાય છે. ઉત્તમ સ્વભાવવાળી સ્ત્રી માટે પતિ એ ખરાબ સ્વભાવવાળો હોય કે સ્વચ્છંદી આચરણવાળો હોય, નિર્ધન હોય કે ગમે તે – પરંતુ તેને માટે તે દેવતા સમાન છે.' રામચરિત માનસમાં આ પ્રસંગે વર્ણવાયેલી કેટલી સુંદર ચોપાઈઓનું ગાન કરતાં તેમણે કહ્યું કે મહાસતી અનસૂયાજીનું ચરિત્ર યુગપર્યન્ત ભારતવાસીઓના હૃદયમાં અધિષ્ઠિત બનીને ચિરસ્મરણીય રહેશે.

**[સંગોષ્ઠિ-2]**

પ્રથમ દિવસની સાંજે યોજાયેલી સંગોષ્ઠિની બીજી બેઠકનું સંચાલન વિજયભાઈ પંડ્યાએ કર્યું હતું. તેમણે જણાવ્યું કે 'પુરા નવમ્ ભવતિ' એ ન્યાયે પાત્રોનો અહીં નવેસરથી પરિચય મળી રહ્યો છે. પુરાણોની સામગ્રીમાં ઘણી ક્ષમતા પડેલી છે જેનો વ્યવસ્થિત અભ્યાસ થવો જોઈએ. શ્રુતિ અને સ્મૃતિને નેત્રો કહ્યા છે જ્યારે પુરાણને હૃદય કહ્યું છે. શ્રુતિ કે સ્મૃતિ ન હોય તો માણસ આંધળો કે કાણો કહેવાશે, પરંતુ હૃદય વગરનો જે માણસ હોય એના કરતાં આંધળા કે કાણા કહેવાવવું વધારે સારું છે. આ દ્રષ્ટિએ પુરાણો એ ભારતવર્ષનું હૃદય છે. આપણે તેના પાત્રોને ઓળખવાના અને સમજવાના છે.' આ બેઠકના પ્રથમ વક્તા ગંગાધર પંડાજીનો પરિચય આપતાં તેમણે જણાવ્યું કે 'ગંગાધરજીનું નામ જ કેટલું પૌરાણિક છે ! પુરાણ-ઈતિહાસના મર્મજ્ઞ જ્ઞાતા છે. રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનમાં એમણે કાર્ય કર્યું છે. 'સંપૂર્ણાનંદ યુનિવર્સિટી'માં ઈતિહાસ-પુરાણ વિભાગના અધ્યક્ષ છે. તેઓએ વિભિન્ન વિષયો પર દસેક પુસ્તકો લખ્યા છે. તેઓ આજે આપણને ધ્રુવ વિશે વાત કરશે.'

પોતાના વક્તવ્યની શરૂઆત કરતાં ગંગાધરજીએ જણાવ્યું કે 'પ્રત્યેક મનુષ્યને દેવઋણ, પિતૃઋણ અને ઋષિઋણ હોય છે. યજ્ઞથી દેવઋણથી મુક્તિ મળે છે, ધ્રુવ જેવા પુત્રને જન્મ આપીને મનુષ્ય પિતૃઋણમાંથી મુક્તિ મેળવે છે તથા ઋષિઋણમાંથી મુક્તિ મેળવવા મનુષ્યે અધ્યયન કરવું પડે છે. આજે આપણે આ જે કરી રહ્યા છીએ તે ઋષિઋણને ચૂકવવાનો જ ઉપાય છે. તે માટે આપણે ધ્રુવ ચરિત્ર ગાઈશું. અગ્નિ, વાયુ, હરિવંશ, બ્રહ્માંડ, બ્રહ્મ, કૂર્મ, ગરુડ, મત્સ્ય, વિષ્ણુ, લિંગ, પદ્મ, સ્કંદ, ભવિષ્ય, નરસિંહ પુરાણ વગેરેમાં ધ્રુવનું ચરિત્ર જોવા મળે છે.'

ધ્રુવની કથા સંક્ષેપમાં કહેતા તેમણે જણાવ્યું હતું કે, ‘ઉત્તાનપાદની બે પત્નીઓ સુરૂચિ અને સુનીતિ હતી. સુરૂચિના પુત્ર ઉત્તમ અને સુનીતિના પુત્ર તે ધ્રુવ. ધ્રુવ નાના હતા ત્યારે જોયું કે તેમનો ભાઈ ઉત્તમ રાજાની ગોદમાં રમે છે અને એકદમ આનંદમગ્ન છે. ધ્રુવને પણ પિતાના ખોળામાં રમવાની ઈચ્છા થઈ આવી. પરંતુ સુરૂચિએ તેને અટકાવતા કહ્યું કે પિતાની ગોદમાં બેસવા જેટલું તારું પુણ્ય નથી કારણ કે તું મારે ખોળે નથી જન્મ્યો. ઉત્તાનપાદ રાજા સુરૂચિના રૂપના દાસ હોવાથી કંઈ બોલી શકતા નથી. ધ્રુવ મૂંઝાય છે. પોતાની માતા સુનીતિને જઈને પૂછે છે અને તે તેને પરમાત્મા નારાયણની ઉપાસના કરવાનું જણાવે છે. બાળક ધ્રુવ તપ કરવાનો નિશ્ચય કરીને વનમાં જાય છે. ત્યાં નારદજી તેની પરીક્ષા કર્યા બાદ ‘ૐ નમો ભગવતે વાસુદેવાય’નો મંત્ર આપે છે. કર્મફળનો ત્યાગ, હરિચરણોમાં પ્રીતિ, સુખ-દુ:ખને સમાન સમજવા, મનની એકાગ્રતા રાખવી, શ્રદ્ધા રાખવી – વગેરે વિશે તેને વાત કરે છે.’ ધ્રુવની તપસ્યા વિશે વાત કરતાં ગંગાધરજીએ કહ્યું કે, ‘ધ્રુવ કઠીન તપસ્યા કરે છે. આરંભમાં ત્રણ દિવસે એક વાર કપિત્થ ફળ ખાઈને રહે છે, બીજે મહિને છ દિવસમાં એક વાર સૂકા પાંદડાં ખાઈને રહે છે, ત્રીજે મહિને નવ દિવસે એક વાર પાણી પીને રહે છે, ચોથા મહિને કેવળ વાયુ પર જીવે છે. પાંચમા મહિને એમનું વાયુ પર પ્રાણાયામ દ્વારા એટલું નિયંત્રણ આવી ગયું હોય છે કે સંપૂર્ણ વિશ્વના વાયુને પોતાના શરીરમાં ખેંચી શકે છે, પૃથ્વીને એક પગથી નમાવી દે છે. આવી આકરી તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન નારાયણ સુંદર રૂપ લઈ પ્રગટ થાય છે. પોતાનો શંખ તેના માથે લગાડે છે ત્યારે એમ લાગે છે કે જાણે શક્તિપાત કર્યો ! એ પછી બાળક ધ્રુવ ભગવાનની સુંદર સ્તુતિ કરે છે. ભગવાન વરદાન માંગવાનું કહે છે પણ ધ્રુવ માંગતા નથી. છેવટે ભગવાન સામેથી તેમને કહે છે કે પૂર્વજન્મમાં તમે બ્રાહ્મણ હતા અને તમારો મિત્ર બહુ મોટો રાજકુમાર હતો. એની સંપત્તિ જોઈને તેમને થોડી ઈચ્છા થઈ ગઈ હતી કે હું પણ આ બધું મેળવું તો કેવું સારું ! તેથી હું વરદાન આપું છું કે તમે વિશિષ્ટ પ્રકારના રાજા થશો.’ પ્રસંગની ગહનતા સમજાવતા ગંગાધરજીએ કહ્યું કે ‘પ્રશ્ન થાય કે ભગવાને આમ કેમ વરદાન આપ્યું ? પરંતુ ધ્યાનથી વિચારીએ તો સમજાય કે ઈશ્વર કોઈની વાસના અધૂરી રાખતો નથી. પોતાના ભક્તની નાનામાં નાની ઈચ્છા તે પૂરી કરે છે. ધ્રુવ રાજા બન્યા બાદ છત્રીસ હજાર વર્ષ સુધી શાસન કરીને અનેક યજ્ઞકાર્યો કરે છે. ઈશ્વરને પામવાની ધ્રુવની તપસ્યા કંઈ છ મહિનાની જ નહોતી. એ તો અનેક જન્મોની તપસ્યાનો પરિપાક હતો. સુનીતિમાં જે રહે તેને ધ્રુવ એટલે કે કશુંક શાશ્વત તત્વ મળે છે જ્યારે સુરૂચિમાં અર્થાત્ રૂચિ-ભોગમાં જે રહે એને ‘ઉત્તમ’ સુખ મળે છે પરંતુ એ લાંબા સમય સુધી ટકતું નથી. તેથી તે અધ્રુવ છે.

જીવનના ઉત્તરાર્ધે પોતાનું મન સંતુષ્ટ ન થતાં ધ્રુવ તીર્થયાત્રામાં નીકળી જાય છે. કાશીમાં ‘ધ્રુવેશ્વર’ મહાદેવની સ્થાપના કરીને ભગવાન શંકરની આરાધના કરે છે. મહાદેવને પ્રસન્ન કરે છે. અંતકાળે ભગવાનના રથ અને પાર્ષદો એમને લેવા આવે છે ત્યારે તે પ્રસન્નતા નથી અનુભવતા. તેમના મુખ પર તેમની માતાની ચિંતા સ્પષ્ટ દેખાય છે. પાર્ષદો તેમની ચિંતાનું સમાધાન કરતાં જણાવે છે કે તેમની માતા પહેલેથી જ વિષ્ણુલોકમાં પહોંચી ચૂકી છે ત્યારે તેઓ ગદગદ થઈને રથમાં બેસી વિષ્ણુલોક પ્રતિ ગમન કરે છે અને ભગવાનની સાયુજ્ય મુક્તિ પ્રાપ્ત કરે છે. ધ્રુવ યજ્ઞ કરીને દેવઋણ, અધ્યયન-તીર્થાટન કરીને ઋષિઋણમાંથી મુક્તિ મેળવે છે. પોતાની પરંપરામાં ‘પૃથ્વી’ જેની પરથી નામ પડ્યું છે એવા પૃથુરાજાના અવતારમાં નિમિત્ત બનનાર ધ્રુવ પિતૃઋણમાંથી પણ એ રીતે મુક્તિ મેળવે છે. ધ્રુવનું ચરિત્ર આપણને તપસ્યા કરવાનું શીખવે છે. જીવન અલ્પ

છે અને ગયેલો દિવસ ફરી આવતો નથી, આથી આપણે સૌએ ટૂંક સમયમાં એ તત્વને જાણી લેવાનું છે એવો આ પૌરાણિક પાત્રનો સંદેશ છે.' આમ કહી ગંગાધરજીએ પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

સંગોષ્ઠિના બીજા વક્તા શ્રી અરવિંદભાઈ જોશીએ પૌરાણિક પાત્ર 'વિશ્વામિત્ર' પર પોતાનું અધ્યયન રજૂ કર્યું હતું. સુરતની એમ.ટી.બી આર્ટ્સ કૉલેજમાં વર્ષો સુધી અધ્યાપનનું કાર્ય કરાવનાર અરવિંદભાઈને આ સંસ્કૃતસત્રમાં 'વાચસ્પતિ પુરસ્કાર' આપવામાં આવ્યો હતો. (તેમના સંસ્કૃતક્ષેત્રે વિશિષ્ટ પ્રદાનની અન્ય વિગતો આ લેખના અંતિમ ચરણમાં આપણે જોઈશું.) અરવિંદભાઈએ હળવાશથી રમુજી શૈલીમાં પોતાના વક્તવ્યનો પ્રારંભ કરતાં કહ્યું હતું કે 'વિશ્વામિત્ર વિશે બોલવાનું પસંદ થયું ત્યારે આનંદ પણ થયો અને આંચકો પણ લાગ્યો. આનંદ એટલા માટે કે વિશ્વામિત્રનું પાત્ર મને ગમે. પણ અહીં પૂ. બાપુના પ્રદેશમાં રામચરિત માનસમાંના એક પાત્ર પર બોલવું એ એક અંગ્રેજી કહેવત અનુસાર કોલસાની ખાણ જોવા માટે કોલસા લઈને જવા બરાબર છે ! પણ તોય, કોઈ મોટા માણસ સામે આપણે વાત કરીએ એટલે થોડા મોટા થઈ જઈએ એમ હું માનું છું. ફિલસૂફ અને શિક્ષક હોવાની સાથે કવિ પણ છું એટલે મારું ચિત્ત થોડું ચંચળ છે તેથી ધીમે ધીમે મારા મૂળ વિષય પર આવું છું.' એમ કહી અરવિંદભાઈએ પુરાણના આ પાત્રનો પરિચય આપવાની શરૂઆત કરી હતી.

તેમણે જણાવ્યું કે 'વિશ્વામિત્ર શબ્દ સંસ્કૃતમાં ખોટો છે. સાચો શબ્દ તો 'વિશ્વમિત્ર' છે. એનો સુક્ષ્મ અર્થ થાય છે વિશ્વનો મિત્ર. દરેક શબ્દોના સુક્ષ્મ અર્થોને જોવા જોઈએ. સુક્ષ્મ જ અગત્યનું હોય છે. આપણા બધાની અહીં ઉપસ્થિતિ પણ સુક્ષ્મ જ છે, સ્થુળ છે જ નહિ એમ મને સ્પષ્ટ લાગે છે. વિશ્વામિત્ર વેદકાળથી મળી આવે છે. ઋગવેદનું પ્રથમ સુક્ત જ વિશ્વામિત્રના પુત્ર મધુછન્દાએ લખેલું. 'મધુછન્દા' નામ જ કેવું સરસ છે ! એમ થાય કે કોઈ બાળકનું નામ રાખી દઈએ ! આખરે તો નામ જ અગત્યનું છે ને ! રૂપ તો સાચું દેખાતું જ નથી, નામના પ્રેમમાં પડી જવાય છે – માફ કરજો, થોડું પાછું વિષયાંતર થઈ ગયું !' એમ કહેતાં અરવિંદભાઈએ લાક્ષણિક અદાથી કહ્યું હતું કે 'મને કોઈ વિષય આપવામાં ન આવ્યો હોય તો હું ચાર કલાક બોલું પણ આ તો વિષય આપ્યો એટલે મુશ્કેલી પડે ! અહીં મારા કેટલાક વિદ્યાર્થીઓ પણ મને સાંભળવા આવ્યા છે તે એવું જોવા માટે કે સાહેબ તો વિષય બહાર જઈને બોલશે જ, એટલે સાંભળવાનીયે મજા આવશે !'

'વિશ્વનો મિત્ર' એમ ફક્ત નામ પાડવાથી સાર્થક થઈ જવાતું નથી. નામને સાર્થક કરવું એ આખી એક 'પ્રોસેસ' છે. વિશ્વામિત્ર રાજા હતા, રાણીઓ ઘણી હતી, પુત્રો ઘણા હતા – આવી બધી અનેક વાતો પુરાણોમાં છે. પણ આપણે એની શું જરૂર ? આપણે શું કામ કૌની કૌટુંબિક બાબતમાં માથું મારવું ? આપણે તો એમના ચરિત્રને સમજવાનું છે અને ચરિત્રને સમજાવવા માટે હું વિગતોની બહાર ચાલ્યો જઈશ. મારું કામ વિશ્વામિત્રનો એક્સ-રે, સોનોગ્રાફી કે કાર્ડિયોગ્રામ લેવાનું છે. તેમનું મૂળ નામ કૌશિક છે. ગાધિરાજાના પુત્ર હોવાથી તેમનું એક નામ ગાધિ પણ છે. વિશ્વામિત્ર તો જન્મે જ રાજા છે ! તેથી મોટો પ્રશ્ન એ છે કે રાજા હોય તો શું થવાનું બાકી રહ્યું ? વિશ્વામિત્રને થાય છે કે મારે તો કંઈક થવાનું છે, કંઈક ખૂટે છે – આ એમના ચરિત્રનું પાયાનું લક્ષણ છે. એમને થાય છે કે મારે રાજર્ષિ અને બ્રહ્મર્ષિ થવું છે. એમની સામે નજરમાં વસિષ્ઠ છે. તેમને એની ઈર્ષ્યા છે. માણસનું ઈર્ષ્યાનું લક્ષ્ય પણ ઊંચું હોય તો એ આપણને આગળ ખેંચી જાય છે – એ મુખ્ય વાત અહીં સમજવાની છે. આમ તો વિશ્વામિત્રનું પાત્ર અનેક નિર્બળતાઓથી ભરપુર છે, એવી નિર્બળતાઓ કે આપણે ધ્રૂજી ઊઠીએ પણ

એમનું લક્ષ્ય ઊંચું છે. જીવનમાં આપણે આ વસ્તુ એમની પાસેથી શીખવાની છે. વિશ્વામિત્ર ક્યારે થઈ ગયા એ જાણીને આપણે કોઈ ફાયદો નથી, મૂળ વાત એમના વ્યક્તિત્વના મર્મને સમજવાની છે.

વિશ્વામિત્રનું શરૂઆતનું વ્યક્તિત્વ છે તેમાં સ્પર્ધા ખૂબ છે. વસિષ્ઠ સાથે એમને ખૂબ સ્પર્ધા થાય છે. કામધેનુ ગાય ચોરી, સો પુત્રોને માર્યા, બધું લઈ લીધું – આ બધું ઠીક પણ અગત્યનો વિચાર માણસની આ વૃત્તિને સમજવાનો છે. 'હું બધાનું પડાવી લઉં' એવી વૃત્તિવાળા શરૂઆતની કક્ષાના આવા વિશ્વામિત્રો સમાજમાં ખૂબ છે. દિલ્હી તો એનું મુખ્ય સ્થાન છે ! વિશ્વામિત્રને સ્પર્ધા માટે સાધન બરાબર મળી ગયું અને તે સાધન એટલે તપ. તપ કરીને ક્રમે ક્રમે તો એમણે રાજર્ષિ અને બ્રહ્મર્ષિના પદ મેળવ્યાં પણ છેવટે એમણે એક શરત મૂકી કે તેમના પ્રતિસ્પર્ધી વસિષ્ઠમુનિ જ્યાં સુધી પોતાને 'બ્રહ્મર્ષિ' ન કહે ત્યાં સુધી એમને સંતોષ નહીં થાય. આ અહમનું વરવું દ્રશ્ય છે. 'મને કોઈએ સાહેબ કેમ ના કહ્યું ?' એવી આ વાત છે. જ્યાં સુધી આ લેબલો નીકળી ન જાય ત્યાં સુધી માનવીનો ઉદ્ધાર થતો નથી. આખરે તો નામ માત્ર એક ગપ્પું જ છે ને ! મારું નામ એ મારી ફોઈએ મારેલું એક ગપ્પું કે જે જીવનભર મારી સાથે રહ્યું ! નામ-પદનો મોહ માણસને ઊતરવો જોઈએ.

વિશ્વામિત્રે 5000 વર્ષ તપ કર્યું. પુરાણોમાં આવા આંકડા બહુ આવે. બે-પાંચ વર્ષ તો હોય જ નહિ. જેને જુઓ એ પાંચ-દશ હજાર વર્ષ તપ તો રમતાં રમતાં કરી નાખે ! – પણ આ એક રૂપક છે. લખવાની એક રીત છે. એનો અર્થ કંઈ ખરેખર 5000 વર્ષ નથી. સંખ્યા અગત્યની નથી, કહેવાનું તાત્પર્ય ઘણું તપ કર્યું એમ છે. મેનકાએ તપનો ભંગ કર્યો અને શંકુતલાનો જન્મ થયો એ ઘટનાથી મને એવું સમજાયું કે ગમે એટલી ખરાબમાં ખરાબ નિકૃષ્ટ ઘટનાનું પણ નિયતિની અંદર કોઈ નિમિત્ત હોય છે. એનું પણ કોઈ કારણ હોય છે. મેનકા અને વિશ્વામિત્ર ભેગા મળ્યા તો શકુંતલાનો જન્મ થયો અને શકુંતલાને લીધે ભરત નામનો પુત્ર જન્મ્યો. એ પુત્ર પરથી 'ભારત' એવું નામ પડ્યું. કેવું સુંદર જોડાણ ! આપણું મૂળ ઋષિઓમાં છે તેની આ સાબિતી છે.'

પ્રસંગને અનુરૂપ અરવિંદભાઈએ જણાવ્યું હતું કે 'અઘરામાં અઘરું જો કંઈ હોય તો એ સજ્જન રહેવાનું છે. સાધુ થવું સહેલું છે, યોગી થવું સહેલું છે પણ એક પણ પૈસો લાંચનો લીધા વગર જીવન કાઢવું એ અઘરું છે. સજ્જન બનવું એ આપણી સંસ્કૃતિ છે. વિશ્વામિત્રના જીવનના અન્ય પ્રસંગો જોઈએ તો એકવાર એ વસિષ્ઠ પાસે કામદેનુ ગાયની માંગ કરે છે. વસિષ્ઠ એ આપતા નથી. વિશ્વામિત્ર કામધેનુ ગાય લેવા આવે છે ત્યારે પુરાણોમાં સરસ કલ્પના કરી છે કે કામધેનુ ગાયમાંથી જ સૈનિકો નીકળે છે અને વિશ્વામિત્ર હારી જાય છે. આપણી કામનામાંથી જ આપણને દુ:ખ પહોંચાડે એવા તત્વો પેદા થાય છે. એકવાર વિશ્વામિત્ર ત્રિશંકુને તપથી સદેહે સ્વર્ગે મોકલવાની વાત કરે છે અને ત્રિશંકુને દેવતાઓ સ્વર્ગમાં પ્રવેશતા અટકાવે છે – એના પરથી આપણે ત્યાં ગુજરાતીમાં કહેવત પડી છે કે 'ત્રિશંકુ જેવી સ્થિતિ' એટલે કે નહીં ઘરનો અને નહીં ઘાટનો ! આ બતાવે છે કે પુરાણો આપણા લોહીમાં છે. આપણે તેને કહેવતોમાં વણી લીધા છે.

વસિષ્ઠ પ્રત્યેના દ્વેષ ને કારણે વિશ્વામિત્ર હરિશ્ચંદ્રની પરીક્ષા લે છે, એ પ્રસંગ પણ વિચારવા જેવો છે. છેક ત્યાં સુધી કે વિશ્વામિત્ર વસિષ્ઠને મારવા તૈયાર થાય છે. ઝૂંપડીની પાછળ રહીને વસિષ્ઠના મોઢે પોતાના વખાણ સાંભળે છે અને અંતે પશ્ચાતાપ થાય છે. આ બધી હકીકતમાં આપણી મનોવૃત્તિઓનું નિરૂપણ છે, વાસ્તવમાં વિશ્વામિત્ર એવા છે એમ સમજવાનું નથી. જ્યારે વિશ્વામિત્ર આર્દ્ર બને છે ત્યારે તેમના રાજર્ષિમાંથી બ્રહ્મર્ષિ

બનવાના પગથિયાં શરૂ થાય છે. તેમની યાત્રા આગળ વધે છે. આ કથા બોધ આપે છે કે અહંનું વિગલન થયા વિના બ્રહ્મર્ષિ બનાતું નથી. ગંગામાં ડૂબકી મારતી વખતે હૃદયની આર્દ્રતાને કારણે આંખ ભીની થાય અને એમાંથી જે બે આંસુ ટપકે એ જ સાચી ગંગા છે. વિશ્વામિત્રનું આ રીતે ઊર્ધ્વીકરણ થાય છે અને મને તો મારી રીતે એમ લાગે છે કે આ ઊર્ધ્વીકરણની શરૂઆત થયા પછી જ એમને રામ મળે છે. પુરાણોમાં ક્રમ ભલે ગમે તે હોય, આ મારું ખુદનું પુરાણ છે !' એમ અરવિંદભાઈએ હસતાં હસતાં કહ્યું હતું.

'વિશ્વામિત્ર'ના પાત્રનો ઉપસંહાર કરતાં તેમણે કહ્યું કે, 'વળી દશરથે રામને આપવાની ના પાડી એટલે વિશ્વામિત્રને પોતાની પ્રકૃત્તિ અનુસાર થોડો ગુસ્સો આવી ગયો. જો કે રામને મેળવવા માટે થોડું ગુસ્સે થવાય તોય માફ ! જેની સાથે વિશ્વામિત્રને સ્પર્ધા રહી એ વસિષ્ઠ દશરથ રાજાને કહે છે કે 'एषः विग्रहवान धर्मः' એમ કે આ વિશ્વામિત્ર તો સાક્ષાત ધર્મનો અવતાર છે, એ તો હું જ એમને જાણું, બીજું કોઈ જાણી શકે નહિ – આમ કહી વસિષ્ઠ વિશ્વામિત્રની ખૂબ પ્રશંસા કરે છે. અંતે જ્યારે વિશ્વામિત્રને રામ મળે છે ત્યારે તુલસીદાસજી લખે છે જાણે તેમને 'મહાનિધિ' મળી ગઈ. તેઓ ભગવાનના લગ્નના મહાન કાર્યમાં નિમિત્ત બને છે. રામસીતાનું મિલન કરાવીને જાણે તેમનું જીવનભરનું કલંક ધોવાઈ જાય છે. અંતે માત્ર એટલું જ કહીશ કે વિશ્વામિત્રના સમગ્ર જીવનને એક બાજુએ મૂકી દઈએ તો પણ તેમણે કરેલું એક કામ કદીયે ન ભૂલાય તેવું છે અને તે એ કે તેમણે વિશ્વને 'ગાયત્રી મંત્ર' આપ્યો છે. 'ૐ ભૂભુવઃ સ્વઃ તત્સવિર્તુવરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાતઃ' ગાયત્રીમંત્રના મંત્રદષ્ટ્રા ઋષિ તરીકે તેઓ યુગોપર્યન્ત લોકોના હૃદયમાં નિવાસ કરતા રહેશે.

આ સંગોષ્ઠિના અંતિમ વક્તા શ્રી લાભશંકરભાઈ પુરોહિત 'લાભુભાઈ' તરીકે જાણીતા છે. તેઓ પ્રખર વિવેચક છે. 'ફલશ્રુતિ' અને 'અંતઃશ્રુતિ' નામના તેમના વિવેચન ગ્રંથો છે. લોકસાહિત્ય તેમજ સંગીતના ઊંડા અભ્યાસી છે. તેઓએ પુરાણના પાત્રો પૈકી 'યયાતિ' વિશે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. વાતનો આરંભ કરતાં તેમણે જણાવ્યું કે 'આવા પર્વોમાં ગુપ્ત રહેતી સરસ્વતી પ્રત્યક્ષરૂપે વહેતી દેખાય છે. શ્રી રાધાવલ્લભ ત્રિપાઠીજીએ ખૂબ સુંદર ટ્રેક આપણને બનાવી આપ્યો છે જેથી યયાતિ વિશે કહેવું સરળ પડશે. યયાતિ ધર્મ, અર્થ, કામ, મોક્ષ પૈકી 'કામ' સાથે જોડાયેલું પાત્ર છે તેથી મૂંઝવણ થતી હતી કે વાત કેવી રીતે પ્રસ્તુત કરવી ? પરંતુ કામ પણ જીવનનો એક જરૂરી ભાગ જ છે ને ! ગુહ્યસુત્રમાં કામની અનિવાર્યતા બતાવી છે. વધુમાં વધુ સુગ આપણને હોય તો 'કામ'ની છે.

યયાતિની વાત શરૂ કરતાં પહેલાં જો તેના સ્વભાવનો પરિચય મેળવીએ તો એક વસ્તુ સ્પષ્ટ કહી શકાય કે વ્યક્તિ ગમે તે ક્ષેત્રમાં હોય પરંતુ એની ચેતનાનું એક સુક્ષ્મ તત્વ જેને આપણે 'કિલક' કહી શકીએ, એ કદી બદલાતું નથી. એ વ્યક્તિના જીવનને આજીવન સંચારિત કરે છે. એવું બને કે અનુકૂળતા ન મળે તો અપલક્ષણોએ તે ઢંકાયેલું રહે. એવું પણ બને કે સત્સંગ અને સાધનાને માર્ગે જાય ત્યારે બે-ચાર-છ મહિના કે વર્ષ-બે-વર્ષ દબાયેલું રહે. પરંતુ તે નાબૂદ થતું નથી. ક્યારે કઈ ક્ષણે એનો સ્ફોટ થશે તે કહી શકાય નહિ. એ વ્યક્તિની મૂળ પ્રકૃતિ છે. એનો અંતરંગ સ્વભાવ છે. યયાતિનું પાત્ર આપણને માનવીની અંતરંગ વૃત્તિઓનો પરિચય કરાવે છે. મૂળ તો યયાતિ મહાભારતનું પાત્ર છે. નહુષનો દીકરો છે. મહાભારતના આદિપર્વમાં તેની કથા મળે છે. યયાતિ કેવો છે ? જીવનની શરૂઆતમાં અખંડ બ્રહ્મચર્ય ધારણ કરીને વેદોને કંઠસ્થ કરે છે. તેની ધર્મબુદ્ધિ અને કર્તવ્યબુદ્ધિ જાગૃત છે. પોતે રાજર્ષિ છે. કંઈ જેવો તેવો માણસ નથી. હવે આપણને એમ થાય કે

અખંડ બ્રહ્મચર્ય ધારણ કરનારો આટલો બધો કામાંધ બની શકે ખરો ? જાગૃત માણસને આટલા બધા વિકારો ? અને પછી પરાકાષ્ઠા તો ત્યાં આવે કે જ્યારે પોતાની સંસારસુખની તરસ છીપાવવા માટે પોતાના જ જુવાન દીકરાઓની લીલીજુવાની સામે પોતાની શાપિત જરા અવસ્થાનું હાટુપાટુ કરવાનું કહે, અદલોબદલો કરવાનું કહે, અને એ માટે ધાંધોવાંધો થાય. માણસને જરાય લાજશરમ ના રહે. આ દ્રશ્ય જ કેટલું કંપાવી મૂકે છે ! પેલી અખંડ બ્રહ્મચર્યની મૂડી ક્યાં ગઈ ?

દાંપત્યજીવનની સાર્થકતા અપત્યમાં છે. અપત્ય એટલે કે સંતાન. સંસાર જીવન સંતાનો વાળું થાય ત્યારે સંસાર ચાલે. પત્નીને પ્રેમની ઉષ્મા જોઈએ અને સંતાનોને વાત્સલ્ય જોઈએ. ગૃહસ્થાશ્રમ એ રીતે સમશીતોષ્ણકટિબંધ છે. યયાતિના સંદર્ભમાં એક વાત કાલીદાસે શકુંતલા વિદાય વખતે સરસ લખી છે. તેમણે એમ કહ્યું છે કે કણ્વઋષિ શકુંતલાને વિદાય વખતે આશીર્વાદ આપતા એમ કહે છે કે યયાતિને જેવી રીતે શર્મિષ્ઠા પ્રિય હતી એવી રીતે તું તારા પતિના બહુમાનની અધિકારીણી થા. એનો અર્થ એમ થાય કે યયાતિને દેવયાની અને શર્મિષ્ઠા એમ બે પૈકી શર્મિષ્ઠા પ્રત્યે લગાવ વધારે હતો. દેવયાનીને તો એ પરણેલા પરંતુ એ સગપણ આકસ્મિક હતું. કેટલાક સગપણો આકસ્મિક હોય, નૈમિત્તિક હોય, સાંયોગિક હોય, હાર્દિક હોય અને કદાચ શારીરિક પણ હોય. દેવયાનીની પહેલી પસંદગી યયાતિ નથી. એ આકસ્મિક સગપણ હતું.

યયાતિની જીવન પરથી બીજી એક બાબત સ્પષ્ટ થાય છે કે માનવ જીવનમાં ત્રણ ક્ષુધાઓ રહેલી છે. એક ઉદર ક્ષુધા. ભોજન તો જોઈએ જ. બીજી હૃદયની ક્ષુધા. માણસને પ્રેમ જોઈએ. એના વગર એ જીવી ન શકે. ત્રીજી ભોગક્ષુધા. આ ત્રણેય કુદરતે જોડેલો ક્રમ છે પણ એમાંની અતિભોગક્ષુધા એટલે કે અસંયત કામેચ્છાના પ્રમાણ પુરુષ તરીકે કોઈને આલેખવો હોય તો એ 'યયાતિ' છે. જેમ હિમાલય પૃથ્વીનો માનદંડ છે તેમ યયાતિ અહીં અતિશય ભોગી મનુષ્યોનો માનદંડ છે. સમજદાર અને શીલવાન માણસનું 'કામ' ક્યાં લગી પતન કરી શકે તેનું મોટું ઉદાહરણ યયાતિ છે. મહર્ષિ વેદવ્યાસે યયાતિ માટે સત્યકામ, યજ્ઞોના અનુષ્ઠાતા, મન અને ઈન્દ્રિયોને સંયમમાં સાચવનાર, દેવતા-પિતૃ પૂજન કરનાર, ધર્મજ્ઞ અને રાજર્ષિ – એવા વિશેષણો વાપર્યા છે. પરંતુ એની અસંયત કામતૃષ્ણા આ તમામ વિશેષણોને ભોંઠા પાડીને તેને પ્રકૃતિની સપાટી પર લાવીને મૂકી દે છે.

યયાતિની આ વાસના અગાઉની પેઢીમાંથી ઉતરી આવી હોય તેમ પણ બનવા સંભવ છે. કારણ કે તે નહુષના પુત્ર છે. નહુષે એકવાર ઈન્દ્રને હરાવ્યા હતા. એમને ઈન્દ્રાસન મળ્યું એટલે ઈન્દ્રાણી શચિ માટેની એમની ઈચ્છા જાગૃત થઈ. પણ શચિએ કહ્યું કે તમે કોઈ અપૂર્વ એવા આસન પર બેસીને આવો તો હું તમારો સત્કાર કરીશ. રાજા નહુષે અગત્સ્ય જેવા મુનિને પોતાની પાલખી ઊંચકવા જોડ્યા. અંતે કુબુદ્ધિથી પ્રેરાઈને ગુસ્સામાં મુનિને લાત મારી ત્યારે અગત્સ્યે શાપ આપ્યો કે તારા સંતાનો તને કદી સુખ નહીં દે. એમનું આ સંતાન એટલે યયાતિ. કથા હવે આગળ ચાલે છે. યયાતિ અને દેવયાની કેવી રીતે મળ્યા એ જોઈએ. દેવયાનીમાં રૂપ અપાર છે પણ એની સાથે રૂઆબ અને રોષ બંને છે. એક વાર સખી શર્મિષ્ઠા સાથે સ્નાન કરવા જાય છે ત્યારે ભૂલમાં ઉતાવળથી શર્મિષ્ઠા દેવયાનીના વસ્ત્રો પહેરી લે છે. બંને વચ્ચે ઝઘડો થાય છે. એકબીજાને દુર્વચનો કહે છે. ગુસ્સામાં આવીને શર્મિષ્ઠા નિર્વસ્ત્ર દેવયાનીને કૂવામાં ફેંકે છે. ત્યાંથી પસાર થતા યયાતિ પોતાનું ઉપવસ્ત્ર આપીને દેવયાનીને બચાવી લે છે અને આમ આક્સ્મિક સંયોગ થાય છે. પહેલાં તો દેવયાની કચને દિલ દઈ

ચૂકી હોય છે પણ બંને વચ્ચે મતભેદ થતા કચ સાથે તેના લગ્ન થતા નથી અને કચ તેને શાપ આપે છે કે કોઈ ઋષિકુમાર તને પરણશે નહિ. યયાતિ તો રાજકુમાર છે. તેથી તેની સાથે તેનું આકસ્મિક સગપણ નક્કી થાય છે. દેવયાની ઘરે જઈને પિતા શુક્રને બધી વાત કહે છે. પિતા શર્મિષ્ઠાના વર્તનને કારણે ગામ છોડવાનો નિર્ણય લે છે. બધા લોકો એમને રોકાઈ જવા વિનંતી કરે છે પરંતુ દેવયાની 'શર્મિષ્ઠા દાસી બનીને મારે સાસરે આવે' એ શરતે જ રોકાવાની હા પાડે છે. અંતે શર્મિષ્ઠા તૈયાર થાય છે અને યયાતિના જીવનમાં બંનેનો પ્રવેશ થાય છે. દેવયાની કડક સ્વભાવની છે, સાસરે જઈને પણ પોતાના પિતાના ગુણગાન ગાયા કરે છે. પિતા તો જાણે એના પ્રાત:સ્મરણીય ! આખો દિવસ પોતાના કુળના જ વખાણ કર્યા કરે. પોતાના ગર્વને કારણે યયાતિને પૂરતો પ્રેમ આપી શકતી નથી માટે શર્મિષ્ઠા પ્રતિ રાજા આકર્ષાય છે. બંને વચ્ચેની વાતચીત દરમ્યાન શર્મિષ્ઠા પ્રેમની યાચના કરે છે અને યયાતિ ઢીલો પડીને કહે છે કે જે કોઈ મારી પાસે યાચના કરે એની ઈચ્છા પૂરી કરવી એ મારો ધર્મ છે. ત્યારબાદ બંને વચ્ચે શરીરયોગની શરૂઆત થાય છે અને એનાથી એમને ત્રણ પુત્રો થાય છે.

પહેલા તો શર્મિષ્ઠા દેવયાનીને ગોળ ગોળ વાત કરતાં કહે છે કે આ તો કોઈ ઋષિએ વરદાન આપ્યું હતું એટલે પુત્રનો જન્મ થયો. પરંતુ જ્યારે દેવયાનીને બે પુત્રો અને શર્મિષ્ઠાને ત્રણ પુત્રો થયા ત્યારે દેવયાનીથી ન રહેવાયું. એ વખતે એણે શર્મિષ્ઠાની બરાબર ખબર લઈ નાખી. એ સમયે યયાતિ, દેવયાની અને શર્મિષ્ઠાની પોજીશન મહાભારતકારે જે મૂકી છે તે અદ્દભુત છે. માણસ કેટલો પામર થઈ શકે તેની જાણે કે ચરમસીમા ! દેવયાની ત્રણેય રમતા છોકરાઓને પૂછે છે કે તમારો બાપ કોણ ? છોકરાઓ રાજા સામે આંગળી ચીંધે છે. રાજા કંઈ બોલી શકતો નથી. દેવયાનીનો રોષ ભભૂકી ઊઠે છે. તેના પિતા શુક્ર તે જ ક્ષણે ત્યાં હાજર થઈને યયાતિને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય એવો શાપ આપે છે. યયાતિ આકુળવ્યાકુળ થઈને શાપ પાછો લઈ લેવા વિનંતી કરે છે. તે શુક્રને કહે છે કે હજુ મારો તમારી પુત્રી દેવયાની સાથેનો સંસારરસ અપૂર્ણ છે, માટે હું તેને તૃપ્ત કરી શકું એ માટે મને જુવાની પાછી આપો. શુક્રને દયા આવે છે. 'કોઈ તારી વૃદ્ધાવસ્થા લઈ શકે તો તને એની જુવાની પાછી મળી શકશે' એટલી છૂટ આપે છે. યયાતિએ પોતાના દીકરાઓને પૂછ્યું. ત્રણેય દીકરાઓએ ના પાડી પણ છેલ્લા દીકરા પૂરુએ 'હા' કહી. યયાતિ પૂરુ ને કહે છે કે – મને ઘડપણે ઘેરી લીધો, વાળ ધોળા થયા અને કાયા જર્જરીત થઈ ગઈ. યુવાનીના સુખથી હજી હું ધરાયો નથી માટે હે પુત્ર, તું મારું ઘડપણ લઈ લે તો તારી જુવાનીના જોરે હજુ થોડા વર્ષ હું વિષયસુખ ભોગવી શકું – તમે જુઓ એક બાપ દીકરા સામે આવા શબ્દો બોલે છે ! કામાંધતાની આ ચરમસીમા છે.

પુત્રની જુવાનીના જોરે યયાતિ અનેક વર્ષો સુધી વિષયભોગમાં આળોટે છે અને અંતે એમને સાચું બ્રહ્મજ્ઞાન લાધે છે કે માણસના જીવનનું ધ્યેય વિષયભોગમાં નથી. ત્રણ-ચાર અદ્દભુત શ્લોકોમાં યયાતિની જાગૃતિનું વર્ણન છે. પુરાણકારનો આશય 'કામ'ની પ્રતિષ્ઠા કરવાનો નથી, પણ અતિકામ માણસનું પતન કરે છે એ વાત સમજાવવા માટે તે યયાતિ જેવા 'રોલમૉડલ' આપણી સામે મૂકી આપે છે. શરૂઆતની અવસ્થાની બ્રહ્મચર્યા, મધ્યની કામચર્યા અને સાચુ જ્ઞાન લાધ્યા પછીની તપશ્ચર્યા – એ ત્રણેય આપણને યયાતિમાં દેખાય છે. કાળક્રમે તે જ્યારે ઈન્દ્રલોકમાં જાય છે ત્યારે ઈન્દ્ર એને પૂછે છે કે 'તમારી તપશ્ચર્યા કોના જેવી ?' – યયાતિ કહે છે કે મારી તપશ્ચર્યાની બરાબરી કરી શકે એવો કોઈ હું દેખતો નથી ! – તમે જુઓ, જેમ અગાઉ મેં કહ્યું તેમ માણસની અંદર રહેલું 'કિલક', એની પ્રકૃતિ, એનો સ્વભાવ – એ એને સ્વર્ગમાંય મૂકતો નથી. સ્વર્ગ પણ એને

સુધારી શકતું નથી. ઈન્દ્ર એને પાછો ધરતી પર મોકલે છે ત્યારે યયાતિ સત્સંગની માગણી કરે છે. હજારો વર્ષ સત્સંગ કરીને તે ફરી સ્વર્ગે જાય છે ત્યારે પરમશાંતિને પામે છે. આનંદ અને સુખ પર્યાય નથી એવો આ કથાનો ઉદ્દેશ છે. શરીરસુખની સીમામાં જ રહીને ચાલીએ તો તૃપ્તિ કે પુષ્ટિ નહીં પરંતુ ત્રાસ કે રાસના સીમાડામાં પહોંચી જતા વાર નથી લાગતી તેમ આ વાર્તા સમજાવે છે. અનર્થનું મૂળ શરીરસુખને આનંદનો પર્યાય માની લેવામાં છે. કામ સ્થૂળ સપાટી પર રહે તો વ્યક્તિનું પતન પણ એ જો યોગ્ય દિશામાં વળીને આગળ વધે તો તેમાંથી ભાવ, સદભાવ અને છેવટે ભક્તિનું પણ નિર્માણ થઈ શકે, એવો સંદેશ યયાતિનું પાત્ર આપી રહ્યું હોય તેમ જણાય છે. અસ્તુ.' સત્રના પ્રથમ દિવસની આ બેઠક આ સાથે સમાપ્ત થઈ.

**[સંગોષ્ઠિ-3]**

બીજા દિવસની સવારે સંગોષ્ઠિ-3નું સંચાલન ગૌતમભાઈ પટેલે કર્યું હતું. તેમણે એક દષ્ટાંત ટાંકતા કહ્યું કે 'અમેરિકાના ચાઈલ્ડસાઈકોલોજીસ્ટ પ્રોફેસર ભારત આવ્યા અને એમણે સંશોધન કર્યું કે અમેરિકામાં આઠ-દસ વર્ષનો છોકરો દર બે-ચાર વર્ષે બે-પાંચના ખૂન કરી નાખે છે, ભારતામાં આટલા અબજોની વસ્તી છે પણ કોઈ બાળક કોઈનું ખૂન કરતો નથી. 20વર્ષના એમના રિસર્ચ પછી એમણે એમના વક્તવ્યમાં જાહેર કર્યું કે આનું કારણ ભારતમાં પુરાણકથાઓ છે. બાળક ચાર વર્ષનું થાય ત્યારથી ઘરમાં-બહાર બધે એ આ પુરાણકથાઓ સાંભળતો આવે છે. આ સાંભળીને તે બાળક જ્યારે આઠ-દસ વર્ષનું થાય તે પહેલાં સારું-ખોટું, હિંસા-અહિંસાની તેનામાં એક સમજ કેળવાય છે. તે ખોટા માર્ગે જતું નથી. માટે આટલી મોટી પ્રજા અહીં હોવા છતાં એ થતું નથી. પુરાણોનું આટલું મોટું પ્રદાન આપણા જીવન પર છે. એક વિદ્વાને તો કહ્યું છે કે પ્રાચીન સાથે જ્યારે અર્વાચીન જોડાય છે ત્યારે તેમાંથી એક સનાતનતાનો જન્મ થાય છે. એવા સનાતન પાત્ર 'પરીક્ષિત'ને લઈને હવે આવી રહ્યા છે શ્રી મનસુખભાઈ સાવલિયા. જૂનાગઢમાં આચાર્યપદે રહીને તેમણે અધ્યયન-અધ્યાપન કર્યું છે. કાલિદાસના કાવ્યોના સમ:શ્લોકી અનુવાદો તેમણે આપ્યા છે. સંગીતના પણ તેઓ મર્મજ્ઞ છે. ભારતીય સંગીતકારો પર 700-800 પાનાંનો તેમણે ગ્રંથ રચ્યો છે. આપણે તેમને સાંભળીએ...'

શ્રી મનસુખભાઈએ પોતાના વક્તવ્યનો પ્રારંભ કરતાં કહ્યું હતું કે : 'શ્રીમદ્ ભાગવત મહાપુરાણના પૂર્વકાલીન અને સમકાલીન કથાકારોએ પરીક્ષિત વિશે એટલી બધી વાતો કરી છે કે હું જે કંઈ કહીશ એ પુનરુક્તિ જ થશે પરંતુ ભગવાનના અને તેમના ભક્તોના ગુણોનું સંકીર્તન વારંવાર કરવું એ દોષ નથી, ગુણ છે. તેથી મારી જીભને પવિત્ર કરવા માટે તેમના ગુણોની હું પુનરુક્તિ કરી રહ્યો છું. પુરાણો માહિતીઓના મહાસાગર છે. જો તર્કના ચશ્માથી જોઈએ તો પુરાણોમાં અતિશયોક્તિ, અવાસ્તવિકતા અને કલ્પનાઓ-ઘટનાઓની ઉબડખાબડ ભૂમિ દેખાવાનો સંભવ છે પરંતુ એમ હોવા છતાં શબ્દોની લીલીછમવનરાજીથી શોભતા અને માણવાની મજા પડે એવા કેટલાક આશ્રયસ્થાનો પણ એમાં છે. આવા પુરાણોમાં આવેલા રાજર્ષિ, બ્રહ્મર્ષિ અને મહિપતિઓની વિરાટ નક્ષત્રમાળાનું એક ઝળહળતું નક્ષત્ર એટલે રાજર્ષિ 'પરીક્ષિત'. અર્જુનના પૌત્ર અને અભિમન્યુના પુત્ર. મહાવિનાશક દાવાનળમાંથી બચેલા કુરુવંશના એક માત્ર વંશજ. ખૂબ ધર્મધુરંધર, પ્રજાપાલક અને પરમભાગવત એવા પરીક્ષિતે ખૂબ યજ્ઞો કર્યા. પરમગુરુ શુકદેવજીએ જેને ઉપદેશ આપ્યો અને જેણે મરણ પહેલા મૃત્યુ પામવાની કલા મેળવી લીધી એવા દિવ્ય આત્મા એટલે પરીક્ષિત.

કથાની શરૂઆત કરીએ તો પાંડવવંશનું નિકંદન કાઢી નાખવા અશ્વત્થામાએ ઉત્તરાના ગર્ભમાં રહેલા ભૃણની હત્યા કરવા માટે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. ઉત્તરાએ ભગવાનની પ્રાર્થના કરી અને ભગવાને દિવ્યમાયાથી તે ભૃણથી રક્ષા કરી. ગર્ભમાં જ પરીક્ષિતે ભગવાનના ચર્તુભુજરૂપના દર્શન કર્યા. આમ પણ, ગર્ભસ્થ બાળક ભગવાનની વધારે નજીક હોય છે. ઈશ્વરને એમણે ઓળખ્યા, પરીક્ષ્યા... માટે તેમનું નામ પરીક્ષિત પડ્યું. બ્રહ્માસ્ત્રથી એમની થોડી કસોટી થઈ આથી પણ તેઓ પરીક્ષિત કહેવાયા. એક અર્થ એવો પણ કહેવાયો છે કે જે સતત પોતાની જાતનું પરીક્ષણ કર્યા કરે તે પરીક્ષિત. મહાભારતમાં એક અશ્વત્થામાએ ઉત્તરાના ગર્ભને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો, આજે અશ્વત્થામાના ટોળાઓ ફરે છે. સરકારી આંકડો ત્રણ કરોડ ભૃણ હત્યા થયાનું કહે છે પણ તે ખોટો છે, કદાચ વધારે હોવાની શક્યતા છે. પરીક્ષિત ગર્ભમાંથી બહાર આવ્યા બાદ પણ દુનિયામાં એ પરમાત્માને જોવા લાગે છે. પ્રાણીમાત્રમાં ઈશ્વરનો અનુભવ કરે છે. માણસ તો ગર્ભમાંથી બહાર આવ્યા બાદ આત્મજ્ઞાનીમાંથી આત્મઘાતી થઈ જાય છે પણ પરીક્ષિત જાગૃત છે. તેઓ ઉદરમાં પણ આત્મજ્ઞાની, બહાર આવીને પણ આત્મજ્ઞાની અને જીવનના અંત ભાગે પણ આત્મજ્ઞાની રહ્યા છે. વચ્ચે થોડો વખત જો કે એમના જીવનનું પરિવર્તન થઈ જાય છે પણ એ તો મનુષ્ય જીવનમાં એમ થતું જ રહે છે.

ઋષિઓની વાણી પાછળ અર્થે દોરાવવું પડે છે. ઋષિઓએ તપ:પુત વાણીથી કહ્યું કે પરીક્ષિત બહુ વિદ્વાન, સત્યવક્તા અને ધર્મનું સ્થાપન કરનારા થશે. અને છેવટે તેમ જ બન્યું. તેમણે અનેક અશ્વમેઘ યજ્ઞો કર્યા, શસ્ત્ર-શાસ્ત્ર વિદ્યામાં પારંગત બન્યા. હસ્તિનાપુરની ગાદી પર યુધિષ્ઠિરે તેમનો રાજા તરીકે અભિષેક કર્યો. વિરાટરાજ ઉત્તરની રાજકુમારી ઈરાવતી સાથે લગ્ન થયા. ચાર સંતાનો તેમને થયા. પરંતુ હવે તેમના જીવનમાં વળાંક આવ્યો. ભગવાન સ્વધામ જતાં કળિયુગ ધરતી પર ઊતરી આવ્યો. હકીકતમાં કળિયુગ ખરાબ છે માટે માણસો ખરાબ થાય છે એમ નથી, પરંતુ માણસો ખરાબ થાય છે એટલે જ એને કળિયુગ કહેવાય છે. રાજા પરીક્ષિતને ખબર પડી કે કળિયુગે મારા રાજ્યમાં પ્રવેશ કર્યો છે. મારે તેને ભગાડવો જોઈએ. તે ધનુષ્ય લઈને તેને શોધવા જાય છે. માર્ગમાં એક ક્ષુદ્ર પુરુષે રાજચિન્હો ધારણ કર્યા છે તેમ જુએ છે. તે બળદ અને ગાયને પીડા આપી રહ્યો છે. એ ક્ષુદ્રપુરુષ હતો કળિયુગ અને બળદ તે ધર્મ તથા ગાય એટલે પૃથ્વી. રાજાએ તેને સજા કરી, એ શરણે આવ્યો, અભયદાન માગ્યું. આમ જોવા જઈએ તો કળિયુગમાં અનેક દુર્ગુણ હોવા છતાં તે એક દષ્ટિએ સારો છે અને તે છે હરિનામ સંકીર્તન. સતયુગમાં તપ-બ્રહ્મચર્ય વગેરેનું ફળ મેળવતા દશ વર્ષ લાગે, ત્રેતાયુગમાં એક વર્ષ લાગે, દ્વાપર યુગમાં એક મહિનો જ્યારે કળિયુગમાં તેનું ફળ ચોવીસ કલાકમાં જ મળી જાય ! સતયુગમાં ધ્યાન, ત્રેતાયુગમાં યજ્ઞ, દ્વાપરમાં પૂજા જ્યારે કળિયુગમાં કેવળ નામ માત્રથી ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકે. એક દષ્ટિએ કળિયુગ એ કલાયુગ પણ છે. કોઈ પણ માણસને કોઈ કલા ફાવી ગઈ તો એ માલામાલ. પછી એ કલા ભ્રષ્ટાચારરૂપે હોય કે કવિ કૃષ્ણ દવે એ કહ્યું તેમ દેશની પથારી ફેરવવાની કલા પણ હોઈ શકે ! કળિયુગે પરીક્ષિત પાસે રહેવાના નિશ્ચિત સ્થાનો માંગ્યા. પરીક્ષિતે જુગાર, હિંસા, મદિરાપાન, સ્ત્રીઓ અને સોનું – એટલા સ્થાન આપ્યા. અહીં સ્ત્રીઓ એટલે હકીકતમાં 'સ્ત્રીઓ' એમ સમજવાનું નથી. ખરો અર્થ એ છે કે સ્ત્રી-પુરુષ વચ્ચે રહેલી અધિક કામવાસના એ કળિયુગ છે. કળિયુગે ફરી પ્રાર્થના કરતાં તેણે વધુ પાંચ સ્થાનો આપ્યા : અસત્ય, મદ, કામ, વૈર, રજોગુણ. આ દશ ન હોય તો સતયુગ અને હોય તો કળિયુગ ! વ્યાસ કહે છે કલ્યાણની કામના કરનાર પુરુષે આ દશમાંથી એકેયનું સેવન ક્યારેય ન કરવું. પણ પરીક્ષિતમાં તો આ દશમાંથી સાત હતા જ, એટલે કળિયુગને તેનામાં પ્રવેશવાની તક મળી ગઈ. સ્ત્રીસંગ, મદિરાપાન કે જુગાર

નહોતો, પણ બીજા તો સાત તૈયાર હતા ! પરીક્ષિતે પહેરેલા સોનાના મુગટ દ્વારા કળિયુગે તેનામાં પ્રવેશ કર્યો. એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ. મૃગયા કરવા નીકળ્યો ત્યારે હરણના દૂર ચાલી જવાથી તે ભૂખ્યો-તરસ્યો એક પર્ણકૂટીમાં પહોંચ્યો. ઋષિ તો ધ્યાનમાં લીન હતા. એમને દેહભાવ નહોતો. રાજાને થયું કે હું મોટો સમ્રાટ અને આ ઋષિ એ મને કંઈ જવાબ પણ ન આપ્યો ? તેમનું અપમાન કરવા એક મરેલો સર્પ એમણે ધનુષ્યની અણીથી ઋષિના ગળામાં પહેરાવી દીધો, કેવળ મદને કારણે. યુવાપુત્ર શૃંગિ એ ત્યાં આવીને જોયું કે પિતાના ગળામાં મરેલો સર્પ છે – એ યુવા હતો, ગુસ્સો હતો – એણે તરત વાણીનું વજ્ર છોડ્યું કે જે પાપાત્માએ મારા પિતાના ગળામાં સાપ નાખ્યો છે એને આજથી સાતમે દિવસે તક્ષક દંશ દેશે અને તેનું મૃત્યુ થશે.

હવે અહીં એક વાત એ સમજવાની છે કે તક્ષક શબ્દ સંસ્કૃતમાં 'તક્ષ' ધાતુ પરથી બન્યો છે. તક્ષ નો અર્થ થાય છે 'કાપવું.' તક્ષક એકલા પરીક્ષિતને દંશ દે છે એમ નહીં, આપણને બધાને એ દંશ દે છે. કઠિયારો જેમ લાકડું કાપે તેમ મહાકાળ આપણા આયુષ્યને રોજ કાપ્યા કરે છે; એ જ તક્ષક છે. પેલાને સાતમા દિવસે દંશ દીધો, આપણને પણ સાતવારમાંથી કોઈ એક વારે નિશ્ચિત દંશ દેશે જ. સોના દ્વારા કળિયુગ તેનામાં પ્રવેશ્યો. આપણે પણ સોનું પહેરીએ છીએ. સોનું તમે જોજો કે બીજાને દેખાય એ રીતે પહેરવામાં આવે છે. એક પાશ્ચાત્ય વિદ્વાને સોના માટે બહુ સરસ વાક્ય કહ્યું છે કે : 'there will be golden age only when the man will forget the gold.' મનુષ્ય જ્યારે સોનાને ભૂલી જશે ત્યારે સાચો સુવર્ણયુગ આવશે.

પણ ખેર, શાપ આપ્યા બાદ તો મૃત્યુ નિશ્ચિત હતું. ઋષિ ધ્યાનમાંથી જાગ્યા બાદ બધું જાણ્યું. રાજાની માફી માગવા એક શિષ્યને હસ્તિનાપુર મોકલ્યો. પણ એ તો જે હવે થવાનું હતું એ તો થવાનું જ હતું. રાજાને વિષાદ થયો, ગ્લાની થઈ, ભય પણ લાગ્યો. માણસ મૃત્યુથી બચવાનો હંમેશા પ્રયત્ન કરે. પોતાના મહેલની આસપાસ વિષવિદ્યાના જાણકાર માંત્રિકો-તાંત્રિકોનો કડક ચોકીપહેરો ગોઠવી દીધો. એક કશ્યપ નામનો વિષવૈદ્ય એને મદદ કરવા રસ્તામાંથી જતો હતો ત્યારે તક્ષક એને સામે મળ્યો. એની કસોટી કરવા એણે એક વૃક્ષને ડંખ માર્યો અને એ વૃક્ષ બળીને ભસ્મ થઈ ગયું. કશ્યપ વૈદ્યે મંત્રના જોરે એને ફરી લીલુંછમ બનાવી દીધું. તક્ષકને થયું કે જો આ રાજા સુધી પહોંચી જશે તો મારા ઝેરની અસર નહીં થાય. માટે એને પુષ્કળ ધન આપીને પાછો વાળ્યો. આ એ જમાનાનું સ્ટિંગ ઑપરેશન હતું ! સ્ટિંગ એટલે ડંખ. પુરાણોમાં પણ એવા ઘણા સ્ટિંગ ઑપરેશન થયા છે ! માણસ જાત ભાગ્યે જ સુધરી છે.

અંતે તો એણે ગંગાકિનારે જઈને તપ કર્યું, ઋષિમુનિઓ ત્યાં આવ્યા. પરમગુરુ શુકદેવજી ત્યાં પ્રગટ થયા. પ્રેમભક્તિની સુંદર વાતો થઈ. પરીક્ષિતે અનેક પ્રશ્નો પૂછ્યા. ભગવાન શ્રી કૃષ્ણના ગુણોનું સંકીર્તન થયું અને કળિયુગમાં ભક્તિનો મહિમા ગવાયો. જેમ જેમ કથાશ્રવણ થતું ગયું તેમ તેમ પરીક્ષિત દેહભાવથી મુક્ત થતો ગયો અને પેલી અંગ્રેજી કહેવત અનુસાર : કાયર માણસોના મૃત્યુ વારંવાર થાય છે, શુરવીરનું એક જ વાર થાય છે અને આત્મજ્ઞાનીનું કદી મૃત્યુ થતું નથી – એમ પરીક્ષિતનો આત્મા પણ ઈશ્વર સાથે સાયુજ્ય મુક્તિ પામે છે. આપણે બધા પણ સંસારી જીવો બે અર્થમાં પરીક્ષિત છીએ. એક તો આપણે ગર્ભમાં હોઈએ ત્યારે ભગવાન આપણું રક્ષણ કરે છે એ તો નક્કી જ છે. બીજું, સપ્તાહના કોઈ એક દિવસે મૃત્યુનો તક્ષક આપણને અચુક દંશ દેશે અને આપણા પ્રાણ હરી લેશે એ પણ નક્કી છે. આ અર્થમાં આપણે પરીક્ષિત છીએ પરંતુ

વિડંબણા એ છે કે પ્રભુ કથાનું રસપાન કરવાનું હોય ત્યારે આપણે પરીક્ષિત રહેતા નથી. બસ, આટલી આપણી ખામી ! આ પાત્ર આપણને આવો સંદેશો આપી જાય છે.' એમ કહી મનસુખભાઈએ પરીક્ષિતના પાત્રનો કથાસાર સમજાવ્યો હતો.

ત્યારપછીના વક્તા પ્રો. બી.જી. ચંદારાણા વિશે પરિચય આપતાં સંચાલકશ્રીએ જણાવ્યું હતું કે 'તેઓ ગિરનારની ગુફાઓમાં મહિનાઓ સુધી રખડેલ વિભૂતી છે. ગોરખનાથની વાણી એમના મુખે સાંભળવી તે એક લ્હાવો છે. તેઓ આજે આપણને દધીચિ વિશે વાત કરશે.'

પ્રો. ચંદારાણાજીએ હળવાશથી વાતની શરૂઆત કરતાં કહ્યું હતું કે 'મારા વક્તવ્ય પછી વસંતભાઈનો વારો છે. વસંતભાઈ બોલી લે પછી 'યતો વાચો નિવર્તતે' કંઈ બોલવાનું બાકી રહે નહીં ! હું તમારા બધાના મુખ પર 'વસંત'ના આગમનની ઈંતેજારી જોઉં છું' એમ કહી તેમણે દાઢી પર હાથ ફેરવતા ઉમેર્યું હતું કે 'પાનખર વિના વસંત ના આવે, ભાઈ !' ઉપસ્થિત સૌ શ્રોતાઓમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. પુરાણના એક પાત્ર દધીચિ વિશે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, 'દધીચિની કથા આમ તો દેહસમર્પણની કથા છે પરંતુ તે જે હેતુથી પોતાનો દેહ આપે છે એ જોતાં, તેને આત્મસમર્પણની કથા કહી શકાય. ભાગવત મહાપુરાણ અને અગ્નિપુરાણમાં તેની કથા મળે છે. અગ્નિપુરાણમાં તો દદીચિએ પોતાનો દેહ છોડતા પહેલાં જે 23 મંત્રો બોલેલા એનો સુંદર ઉલ્લેખ છે. વળી, વૃત્રાસુર અને દદીચિનો ઉલ્લેખ ઋગવેદ, ઉપનિષદ અને મહાભારતમાં પણ મળે છે પરંતુ અહીં આપણે ભાગવતની કથાને આધારે આગળ વધીશું.

આમ તો, વૃત્રાસુર નામના રાક્ષસને મારવા માટે ઈન્દ્ર દદીચિ ઋષિ પાસે તેમના અસ્થિ માંગે છે, દદીચિ એ માટે સંમત થાય છે, તેમના શરીરના અસ્થિનું વજ્ર બને છે અને ઈન્દ્ર વૃત્રાસુરને મારે છે – બસ, આટલી ચાર લીટીમાં કથાનું સમાપન થઈ જાય છે. પરંતુ એ કથામાં રહેલા સાંકેતિક અર્થો સમજવા જેવા છે. અહીં ઈન્દ્ર બહુ તુચ્છ દેખાયા છે. વૃત્રાસુરનો વધ કરવા માટે દદીચિના અસ્થિ માંગે એટલે એનો અર્થ એમ કે દદીચિને તો ઈન્દ્રે પહેલાં જ મારી નાખ્યા ! દદીચિના અસ્થિ વડે વૃત્રાસુર પણ મરાયો. હવે તમે કહેશો કે ઈન્દ્ર જીવે છે, પરંતુ ના. રહીમનો એક દોહરો છે :

રહીમન વો નર મર ચુકે, જો કંઈ માંગન જાઈ,
ઉનસે પહેલે વો મરે, જિન મુખ નિકસત નાહીં.

અહીં દદીચિ ઋષિ પોતાનું શરીર આપવા માટે 'ના' નથી પાડતા પણ ઈન્દ્ર એ શરીરની માંગણી કરે છે તેથી માંગનારો તો પહેલો મર્યો કહેવાય. દદીચિ અને વૃત્રાસુર દેહાવસાન પછી પણ અમર છે કારણ કે બંને છેવટે નારાયણની સ્તુતિ કરીને પરમપદને પામે છે જ્યારે ઈન્દ્ર દેહઉપસ્થિતિમાં પણ મરેલો છે ! કેવી વિચિત્રતા છે !

કથાના મૂળમાં જોઈએ તો એકવાર ઈન્દ્રને અભિમાન થાય છે કે મારા જેવું બળવાન કોઈ નહીં. એમની સભામાં બૃહસ્પતિ આવે છે ત્યારે એ તેમનો તિરસ્કાર કરે છે. દેવગુરુ બૃહસ્પતિ કોઈ પ્રતિભાવ આપ્યા વગર ચાલતા થયા. ત્યાં એક સરસ શબ્દ મૂક્યો છે : 'સ્વગ્રહં' એટલે કે પોતાના ઘરે જતા રહ્યા એમ નહિ, પરંતુ આત્મસ્થ થઈ ગયા. એમને માન-અપમાન કશું સ્પર્શયું નહિ. પરંતુ કુદરતનો એક નિયમ છે કે તમે કોઈની અવહેલના કરો તો

પ્રકૃતિ તેને સહન નથી કરી શકતી. બૃહસ્પતિએ દેવોને છોડી દીધા છે એ વાત જાણી ત્યારે દૈત્યોએ ખુલ્લું મેદાન સમજીને દેવો પર ચઢાઈ કરી. દેવો બ્રહ્માને શરણે ગયા. બ્રહ્માએ તેમને ગુરુની અવહેલના બદલ ઠપકો આપ્યો અને ગુરુનો મહિમા સમજાવ્યો. આમ તો એ પ્રકરણ ગુરુ મહિમાનું નથી પરંતુ ત્યાં ચાલતી કલમે જે ગુરુમહિમાની વાત થાય છે તે સમજવા જેવી છે. છેવટે બ્રહ્માએ કહ્યું કે તમે ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપ પાસે જાઓ. એ તમારું ગુરુપદ કામચલાઉ ધોરણે સ્વીકારશે. પરંતુ એ વાત યાદ રાખજો કે એ વિશ્વરૂપની માતા અસુર છે. દેવતાઓ તેમને મળે છે. ગુરુપદે સ્થાપે છે. તે દેવતાઓ માટે યજ્ઞ કરે છે પરંતુ વચ્ચે વચ્ચે અમુક આહુતિઓ દાનવોને આપી દે છે. ઈન્દ્રને ખ્યાલ આવી જાય છે એટલે એ વિશ્વરૂપના ત્રણેય મસ્તક છેદી નાખે છે. વિશ્વરૂપના મૃત્યુથી ત્વષ્ટા ક્રોધે ભરાય છે. ઈન્દ્રના શત્રુને ઉત્પન્ન કરવા માટે યજ્ઞ કરે છે અને એમાંથી વૃત્રાસુર નામના રાક્ષસનો જન્મ થાય છે.

કેવો ભયંકર અસુર ! તમસથી ત્રણેય લોક આવૃત કરીને દેવો પર ચઢાઈ કરી. કોઈ રીતે પરાજય ન થયો ત્યારે દેવતાઓ આદિપુરુષ નારાયણને શરણે ગયા. ભગવાને તેમને દાનવો પર વિજય મેળવાનો માર્ગ બતાવતા કહ્યું કે તમે દદીચિ પાસે જાઓ, એનું શરીર તપનું બનેલું છે. એ તમને અવશ્ય શરીર આપશે. એટલા માટે આપશે કારણ કે તેઓ નિષ્કલ બ્રહ્મને પ્રાપ્ત થયા છે, દેહની આસક્તિ નથી-દેહાધ્યાસ નથી. દેવતાઓ ઋષિ પાસે પહોંચે છે. દીનભાવે દદીચિ પાસે માગણી કરે છે. દધીચિ કહે છે કે જીવમાત્રને પ્રિય આ દેહ એક દિવસ છૂટવાનો જ છે તો લો હું આજે જ છોડી દઉં છું – એમ કહી સાપ જેમ કાંચળી ઉતારે તેમ દદીચિ દેહદાન કરે છે. ત્યાં શબ્દ વાપર્યો છે 'અહં ત્યજામિ' એનો એક અર્થ એવો થાય છે કે હું દેહ છોડી દઉં છું એમ નહિ, પરંતુ હું મને પણ છોડી દઉં છું – એટલે કે જાણે વ્યક્તિ પોતાના અહંનું વિસર્જન કરે છે. 'અહં બ્રહ્મ પરમજ્યોતિ…' કહીને દદીચિ જે 23 મંત્રો બોલે છે તે કોઈ પણ શરીરધારી માટે દેહાધ્યાસ છોડવાનું સબળ સાધન બની રહે તેવા છે' એમ કહી શ્રી ચંદારાણાજીએ તેનો સુંદર પાઠ કર્યો હતો.

વધુમાં તેમણે કહ્યું હતું કે 'નિસર્ગદત્ત મહારાજનું 'આઈ એમ ધેટ' નામનું એક પુસ્તક છે. તેમાં અમુક વાતો અદ્દભુત છે. તેમણે કહ્યું છે કે આપણી ચેતના પ્રદાર્થાશ્રિત છે. કોઈ પદાર્થ ન હોય તો આપણે ચૈતન્યરહીત થઈ જઈએ છીએ. જેમ કે ગાઢનિંદ્રા માં આપણને પોતાની ઓળખ રહેતી નથી. નર્યો પ્રકાશ જોઈ શકાતો નથી, પ્રકાશિત વસ્તુને જોઈએ એટલે પ્રકાશની પ્રતીતિ થાય છે. ચેતના ચેતનાને જુએ છે, પ્રદાર્થને નહીં – એવો અર્થ આ મંત્રોમાં સમાયેલો છે. સાક્ષીભાવથીયે ઉપર લઈ જાય એવા આ દિવ્યમંત્રો છે. દદીચિ બહુ તાત્વિક વાત કરતાં કહે છે કે ધન, જન, પરિવાર એ નાશવંત વસ્તુ છે પરંતુ એ નાશવંતથી જ પરોપકાર કરીને શાશ્વતની પ્રાપ્તિ થઈ શકે છે. ઈશ્વરની આપણી પર આ કેવડી મોટી કૃપા છે કે નાશવંત વસ્તુ શાશ્વતને પ્રાપ્ત કરવાના સાધન તરીકે આપી છે. દા.ત. શરીર. નાશવંત-નાશવંત તો બધાય કરે પણ એનો જે ઉપયોગ કરી જાણે તે જીતી જાય. અંગ્રેજીમાં સોના માટે એક કહેવત છે કે 'don't sell for gold which you can not buy again with that gold' સોનાને માટે એ વસ્તુ ન વેચી નાખો કે એ વસ્તુ પછી સોનાથી તમે ખરીદી ન શકો ! નાશવંતથી જ શાશ્વતની પ્રાપ્તિ થાય એ બહુ જબરજસ્ત વાત છે. બુદ્ધિશાળીઓની બુદ્ધિ શેમાં છે ? પૈસા કમાવવામાં, બંગલા બનાવવામાં કે બીજાને છેતરવામાં ? કે પછી કૃષ્ણ દવેએ કહ્યું એમ દેશની પથારી ફેરવવામાં ? પણ ના – મહાભારતકાર કહે છે કે આ શરીરરૂપી નાશવંત સાધનથી આપણે શાશ્વતને પ્રાપ્ત કરી લઈએ એ જ યોગ્ય બુદ્ધિ છે. દદીચિએ આમ વિચારીને પોતાનો દેહ સમર્પિત કરી દીધો.

દદીચીના અસ્થિમાંથી વિશ્વકર્માએ વજ્ર નામનું હથિયાર બનાવ્યું અને વજ્ર લઈને ઐરાવત પર સવાર થયો એ પછી ઈન્દ્ર મોટો ભા થયો ! દાનવોએ અનેક હથિયારથી હુમલો કર્યો પણ એ બધા વજ્ર સામે વામણા સાબિત થયા. છેવટે દાનવો મેદાન છોડીને ભાગ્યા. પણ વૃત્રાસુર કહે છે કે ભાગો મા ! મૃત્યુ તો સૌને માટે છે જ અને બે પ્રકારના મરણ જ ઉત્તમ છે; એક તો યોગીનું અને બીજું સૈનિકનું. વૃત્રાસુરે દેહ છોડવાનો છે ત્યારે એ ઈન્દ્રને કહે છે કે તું ચિંતા ન કરીશ. હું મરવાનો જ છું. જ્યાં શ્રી હરિ છે ત્યાં જ વિજય નિશ્ચિત છે. તારું વજ્ર મને નહીં પરંતુ મારા વિષયભોગરૂપી બંધનને કાપશે અને મને દેહવિલય થતાં મુનિઓની ગતિ પ્રાપ્ત થશે. હે ઈન્દ્ર, ઈશ્વર પોતાના ભક્તને સ્વર્ગ, પૃથ્વી કે રસાતાળની સંપત્તિ નથી આપતા કારણ કે એ બધાથી પરમાનંદની પ્રાપ્તિ નથી થઈ શકતી. ઊલટું એ બધાથી તો રાગ-દ્વેષ, અભિમાન અને પીડા થાય છે. ભગવાન તો ભક્તના અર્થ, કામ વગેરે ફળને પણ હણી લે છે.' એમ કહેતાં ચંદારાણાજીએ કહ્યું કે 'અંગ્રેજીમાં એક કહેવત છે કે 'God is jealous lover' ઈશ્વર એ ઈર્ષાળુ પ્રેમી છે. જેમ પ્રેમી પોતાની પ્રેમિકાને ક્યાંય જવા ન દે એમ ઈશ્વર પોતાના પ્રેમીને કોઈની આસક્તિ થવા નથી દેતો. વૃત્રાસુર ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે હું મોક્ષ સુદ્ધાં નથી માગતો, મને યોગસિદ્ધિ પણ નથી જોઈતી. મને તમે ફક્ત એક જ વસ્તુ આપો. જેને પાંખ નથી ફૂટી એવા બચ્ચાં ભૂખ્યા થઈને સાંજે જેમ માની રાહ જોતા હોય, ગોધૂલિ ટાણે ભૂખ્યું વાછરડું એની ગૌમાતાની રાહ જોતું હોય, વર્ષાઋતુની અંદર પ્રિયતમા પોતાના પ્રેમીની રાહ જોતી હોય તેમ હે ઈશ્વર હું તમારી રાહ જોઉં.' પોતાના વક્તવ્યનો ઉપસંહાર કરતાં ચંદારાણાજીએ કહ્યું કે 'નારદ, પ્રહ્લાદ, ધ્રુવે કરેલી સ્તુતિ આપણે કરીએ એ તો બરાબર પણ વૃત્રાસુરે કરેલી સ્તુતિ પણ આપણે અવશ્ય કરવી કારણ કે એ આપણને વધારે લાગુ પડે ! આપણે બધા જ થોડે ઘણે અંશે વૃત્રાસુર છીએ. તેથી લાગુ પડે એ પહેલું કરાય ! છેલ્લે, વૃત્રાસુરની દિવ્ય જ્યોતિ લોકાતીતમાંથી કાલાતીતમાં ભળી જાય છે.'

આ સંગોષ્ઠિના ત્રીજા વક્તા ડૉ. વસંતભાઈ પરીખનો પરિચય આપતાં સંચાલકે કહ્યું હતું કે એમનો શો પરિચય આપવો ? ગતસત્રમાં આપણે ભીમ વિશે તેમને સાંભળ્યા હતા. ગઈકાલથી દેશ-વિદેશમાંથી શ્રોતાઓના ટેલિફોન આવે છે કે વસંતભાઈ ક્યારે બોલવાના છે – એ પરથી જ એમની લોકપ્રિયતા સમજી શકાય. તેઓ આજે આપણને નારદ વિશે વાત કરશે.

પોતાના વક્તવ્યનો આરંભ કરતાં વસંતભાઈએ કહ્યું કે 'ખલિલ જિબ્રાને કહ્યું છે કે વસંત એ પાનખરનું સપનું છે એટલે હું હવે અહીં એમનું સપનું થઈને આપની પાસે નારદની વાત મૂકીશ... કારણ કે નારદ પણ આપણું એક સનાતન સપનું છે. 'નારાયણ' એમ શબ્દ બોલીએ એટલે નારદ યાદ આવે. બે વાર બોલીએ ત્યાં તો નારદ હાજર થઈ જાય ! નારાયણનું સ્મરણ કરતાં નારદ યાદ આવે અને નારદનું સ્મરણ કરતાં નારાયણ યાદ આવે એવું મધુરાદ્વૈત બહુ ઓછા ભક્તોમાં જોવા મળે છે. 'નારા' શબ્દનો અર્થ છે પાણી, એટલે કે પ્રેમજળ. શ્રી હરિરૂપી સરોવરનું પ્રેમજળ જે બધે વહેવડાવે તે નારદ. ઈશ્વરની કૃપાને આપણા સુધી પહોંચાડે. એ કોઈ જેવી તેવી વ્યક્તિ નથી. એ પુરાણની વ્યક્તિ નથી એનો અર્થ એ છે કે સનાતન છે અને હજી આજેય છે. આંગળી પકડી લેવાય તો બેડો પાર ! અસ્તિત્વનો એક આહ્લાદક ઉન્મેષ એટલે નારદ. મહર્ષિ અરવિંદ કહે છે કે "સ્થૂળ અને સુક્ષ્મને જો કોઈ જોડતું બિંદુ હોય તો એ નારદ છે." તે એક સેતુ છે જે વૈકુંઠ અને સ્વર્ગને મૃત્યુલોક સાથે જોડે છે. નારદ એ મોબાઈલ બ્રિજ છે. અને એવો તો ટ્રાન્સ્પરેન્ટ બ્રિજ છે કે તમે એની સોંસરવા નીકળી જાઓ

એટલે સીધા ભગવાનને પ્રાપ્ત થઈ જાઓ ! દેવો, અસૂરો, માનવો – બધાને નારદ પ્રિય છે. સર્વજનના લાડકા મુનિ છે ! એમની પાસે સૌથી અદ્દભુત કલા હોય તો એ છે સમાધાન કરાવવાની. મોટી કંપનીમાં જેમ ‘ટ્રબલશુટર’ની પોસ્ટ હોય છે તેમ નારદ એ વિશ્વવ્યાપી ‘ટ્રબલશુટર’ છે. ગમે તેનું દુ:ખ દુર કરવા તત્પર એવા પરદુ:ખભંજન છે. ધરતીના લોકોના દુ:ખની નોંધ કરી ભગવાન પાસે જાય અને ભગવાન પાસેથી તેનો ઉકેલ મેળવી તેમની વાત ધરતીના લોકોને સમજાવે – એવા મનુષ્યના સર્વકાળના નિ:સ્પૃહી મિત્ર નારદ છે. એમને કશું જોઈતું નથી, કેવળ કરુણાને કારણે દુ:ખ દૂર કરવાની એમને સતત ચિંતા રહે છે.

હવે તકલીફ શું થઈ કે જે બહુ આપણી સાથે રહે, આપણી સાથે હળીમળી જાય એટલે એ આપણને આપણા જેવા લાગે. એમની મહત્તા ભૂલાઈ જાય ! એને કારણે આપણે એમના વિશે મન ફાવે એવી વાતો જોડવા માંડી. નારદ એટલે તો જાણે કલહપ્રિય એવું ચિત્રિત કરવામાં આવ્યું. આપણે બીજાની મશ્કરી કરવાની આપણી અતૃપ્ત ઈચ્છાઓને વાચા નારદ પૂરી કરવાની કોશિશ કરી છે. તે એટલા તો લોકપ્રિય છે કે પુરાણો, રામાયણ, મહાભારત, વેદ, લોકસાહિત્ય અને આખ્યાનો – આ બધા જ નારદ પર જીવ્યાં છે. પણ આપણી ગુજરાતી ફિલ્મો અને ટી.વી. સીરિયલોએ નારદના પાત્રની જે અવદશા કરી છે તે ખૂબ ખોટું છે. હા, એ વાત કબૂલ કે નારદે એકની વાત બીજાને કરી છે. એમાં ના નહીં પરંતુ એની પાછળનો હેતુ તમે જોશો તો બંને પક્ષનું કલ્યાણ કરવાનો હશે, બંનેને ઝઘડો કરાવીને એનો રસ મેળવવાનો નહિ. નારદ દેવર્ષિ છે, તે એવો અધમ આનંદ મેળવવાની ઈચ્છા રાખે એવા નથી. નારદ વિશે આપણી ભાષામાં એક ખોટો શબ્દ પ્રચલિત થયો છે : ‘નારદવેડા’. મધ્યકાલીન લોકો નારદના પાત્રથી મનોરંજન કરવા લાગ્યા એટલે તેમાં રહેલું તત્વ ભૂલાઈ ગયું અને પરિણામે આવા ખોટા શબ્દો ઘૂસી ગયા. નારદ ધારે તો શાપ આપી શકે પણ એ તો હસીને કહે છે કે બેટાઓ, મારે ભોગે પણ તમે જો સુખી થાઓ છો તો ભલે થાવા દયો. એમને કોઈ ફરિયાદ નથી. એ તો આપણું જ દુર્ભાગ્ય છે કે આપણે એમને મજાકમાં ખપાવી દઈએ છીએ. એક ભાગવતકથાકારે ‘નારદ’ શબ્દની સરસ વ્યાખ્યા કરી હતી કે : ના+રદ. જે કંઈ રદ કરતા નથી એનું નામ નારદ. એમની પાસે બધાનો જ સ્વીકાર. તમે એમને આદર આપો તોય સ્વીકારે, તમે એમની મજાક ઉડાવો તોય સ્વીકારે.’

વાત કરતાં વસંતભાઈએ એક સત્યઘટના ટાંકતાં કહ્યું હતું કે : ‘અમારે અમરેલી જિલ્લાના નાનકડા ગામમાં પ્રાથમિક શાળાના એક બહુ ભોળા શિક્ષક હતા. બહુ સજ્જન માણસ. છોકરા ભણાવે ને રાજી થાય. વ્યવહારનું બહુ ભાન નહીં. એમની દીકરીના લગ્ન નક્કી થયાં. ઘરેણાં તો ચઢાવવા પડે ને ? પત્નીને પૂછ્યું કે શું કરીશું ? પત્ની કહે તમે કોઈ વાર કશું કર્યું છે ? તમે રહેવા દો. હું બધું કરીશ. પત્નીએ પોતાના જૂના ઘરેણા માસ્તરને આપ્યા અને સોનીને ત્યાં જઈ દાગીના તૈયાર કરાવવાનું કીધું. સોનીએ માસ્તરને ભોળો જાણીને આખો નકલી સેટ બનાવી દીધો. આ ભોળિયાને તો કંઈ ખબર નહીં ! શહેરમાંથી જાન આવી. લગ્ન પત્યાં. વેવાણ જરા અડધુપડધું ભણેલા એટલે એમણે ઘરે પહોંચી પહેલા સાસુ તરીકે વહુને ચઢાવેલા દાગીનાની ચકાસણી કરી. એમાં બધુ પકડાયું કે આ તો દાગીના બોગસ છે ! વેવાણ વહુને લઈને માસ્તરને ત્યાં આવ્યા કે આ લો તમારી દીકરી... રાખો... આવી છેતરપિંડી કરો છો અમારી સાથે ? માસ્તર તો હબક ખાઈ ગયા... કહે કે આમાં કોઈ છેતરપિંડી નથી. આ અમારી જ દીકરી છે. વેવાણ કહે એમ વાત નથી અવે. અહીં ઘરેણાની વાત થાય છે. તમે જે દાગીના ચઢાવ્યા એ બધા ખોટા છે. માસ્તરને વિશ્વાસ ના બેઠો. કહે કે સોનીને ત્યાં જઈને પૂછીએ. ગામ તો સાવ નાનું. એટલે હોહા થઈ અને માણસો ભેગા થઈ ગયા. આખું રાવણું સોનીની દુકાને પહોંચ્યું. સરપંચ અને

મુખી પણ આવી ગયા. સોની ગભરાયો એણે કબૂલાત કરી. મુખી કહે કે ચલો તેં કબૂલ કર્યું એ તો ઠીક. દાગીના ફરી નવા બની જશે. પણ મને એ કહે કે તને આ છેતરવા માટે ભોળો માસ્તર જ મળ્યો ? સોની એ બહુ સરસ જવાબ આપ્યો. સોની કહે કે સાહેબ, હાવ ભોળા ભગવાનનું માણસ હોય એને જ છેતરાય ને ! તમને છેતરું તો તમે મારી પાછળ ડાંગ લઈને દોડો ! જગતમાં ભલા ભોળા, નિખાલસ અને સજ્જન માણસો હોય એને જ બાપ છેતરાય ! એની જ બધા ફિલ્મ ઉતારે.... તો નારદની ઉતારે એમાં નવાઈ શું ? નારદ એટલા બધા નિખાલસ છે કે છેતરાઈ જાય. લોકો એમની ઉડાવે તો પણ શાંત રહે. રજનીશ કહેતા કે નારદ નિરહંકારી હતા. એમને લોકનિંદાનો સ્વીકાર પણ સહજતાથી કર્યો. નારદે પોતાની જાતને સંપૂર્ણ રીતે પરમાત્માને સમર્પિત કરી દીધા હતા એ વાત કોઈ સમજી શક્યું નહિ એટલે આવા નાટકોમાં લોકો એમની ઠેકડી ઉડાડે છે. નારદ પોતાને ભોગે એ નાટકોને શણગારે છે. કેવું મહાન ચરિત્ર !

હવે મારે તમને બે દષ્ટાંત ખાસ કહેવા છે જેના વિશે કદાચ બહુ ઓછા લોકોને ખબર હશે. નારદ એ વિશ્વના સૌથી પહેલા પત્રકાર છે. એ વૃત્તાંત નિવેદક છે. તેઓ જે આમાન્યા રાખતા તે આજના મીડિયાએ સમજવા જેવી છે. ખબર આપવાનું જે ધોરણ એમણે સ્વીકાર્યું હતું એ ખૂબ ઊંચું હતું. એનું એક ઉદાહરણ જોઈએ. રાવણ જ્યારે પુષ્પક વિમાનમાં બેસીને સંહાર કરતો હતો ત્યારે નારદે ત્યાં જઈને એને ઉકસાવ્યો. એમણે કહ્યું કે : ‘અલ્યા, મૃત્યુલોકના આ પરચુરણ માનવીઓ તો આમેય મરવાના જ છે. એને મારીને તને શું ફાયદો ? એમાં કંઈ તારી બહાદુરી ના દેખાય. અહીં પૃથ્વી પર તો બધા ‘ટેમ્પરરી’ છે. કાયમ તો એ લોકો યમલોકમાં રહે છે. ત્યાં તારું કશું ચાલશે નહિ, કારણ કે ત્યાં યમ બેસે છે.’ રાવણ કહે એમ ? જોઉં ત્યારે યમલોકને. રાવણ તો ઉપડ્યો. આમ, નારદે પૃથ્વીલોકને બચાવવા આખું ડાયવર્ઝન આપી દીધું. આ વૃત્તાંતનિવેદકનું કેવું સરસ કામ છે !

હવે નારદે વ્યક્તિક કલ્યાણ કેવી રીતે કર્યું એ જોઈએ. ચંદ્રને ભદ્રાનામની અત્યંત સ્વરૂપવાન પુત્રી હતી. વરુણે એનો હાથ માંગ્યો ત્યારે ચંદ્રે તેને ના પાડી. એણે કહ્યું કે મારે મારી દીકરીને કોઈ દેવ સાથે નથી પરણાવવી. એ પછી ચંદ્રે તેને ઉતથ્ય નામના તપસ્વી ઋષિ સાથે પરણાવી. પણ એ ઋષિ પાછા તપસ્વી એટલે તપસ્વી જ નીકળ્યા ! (સમજો તો સારી વાત છે !) અમારે ત્યાં એક ફકીરચંદ નામનો શિક્ષક હતો. એક દિવસ પોતાને ગામ જતો હતો. મને કહે કે મારા લગ્ન છે એટલે રજા મૂકીને ગામે જઉં છું. થોડા દિવસ પછી એ પાછો આવ્યો અને એક દિવસ આવીને મને કહે : ‘લગ્ન કરીને હું એને મળ્યો. મેં એને પહેલો પ્રશ્ન એ પૂછ્યો કે આ તમે જે સાડી પહેરી છે એ સાડી કેટલામાં આવી ?’ તો એણે કહ્યું કે 556 રૂ. માં. તો પછી તરત મેં કહ્યું કે તમે છેતરાઈ ગયા ! આમ 158નો ભાવ છે.’ આવી બધી વાત એણે મને કહી. એટલે મેં ધીરે રહીને કહ્યું કે એ પછી ભાભીએ શું કહ્યું હતું એ તમે સાંભળ્યું હતું ? ફકીરચંદ કહે ના. પણ તને ક્યાંથી ખબર ? મેં કહ્યું કે મને બધીય ખબર. ભાભી એવું બોલ્યા હતા કે હા, હું ખરેખર છેતરાઈ ગઈ છું !’ મેં કહ્યું અલ્યા ફકીરા, પહેલી મુલાકાતે સાડીના ભાવ પૂછે છે !! ધિક્કાર છે તને ! એમ ઘણા તપસ્વી હોય ને એ પછી તપસ્વી જ રહે ! ઉતથ્ય સાથે ભદ્રાના લગ્ન તો થયા પણ પછી થોડા સમય બાદ ઉતથ્ય તો તપ કરવા હાલી નીકળ્યા ! ભદ્રાને એકલી જોઈ વરુણ આવીને એને લઈ ગયો. અહીં અપહરણ નથી થયું, ભદ્રા પ્રેમથી એની સાથે ગઈ છે. છોકરીઓને પૂછ્યા વગર વર શોધો તો આવું થાય ! હવે અહીં નારદનો પ્રવેશ થયો. વરુણલોકમાં જઈને નારદે ભદ્રા સામે જોયું એટલે વરુણ કહે કે એને ઉતથ્યને ત્યાં માફક નહોતું આવતું એટલે હું એને અહીં લઈ આવ્યો છું ! આ એની જવાબ આપવાની રીત જુઓ ! નારદ સમજી ગયા. એ ખોટું તો સહન કરે નહિ. એમણે જઈને ઉતથ્યને વાત કરી.

ઉતથ્ય ગુસ્સે થયા. તપને સ્થગિત કર્યું અને નારદને કહ્યું કે હવે તમે આવ્યા જ છો તો તમે મારો સંદેશ વરુણને જઈને કહો કે મારી પત્નીને પાછી સોંપે નહીં તો જોવા જેવી થશે ! નારદ પાછા વરુણ પાસે ગયા અને કહ્યું કે ઉતથ્યને ખબર પડી છે અને એમણે આવો સંદેશો કહ્યો છે. આપણે હેમખેમ આપી દઈએ તો સારું નહીં તો એ શાપ આપશે. વરુણ કહે તમારી વાત બરાબર પણ હું અપહરણ કરીને લાવ્યો હોઉં કે એને અહીં ત્રાસ હોય તો હું એને પાછી સોંપું. તમે એને પૂછો એ પણ જવાની ના પાડશે. અમને અહીં હવે ફાવી ગયું છે. તમે વચમાં શું કામ પડો છો ? હવે એ અમારો મામલો છે. નારદ ઉતથ્ય પાસે ગયા. હવે તમે જુઓ કે નારદે કેવી આચારસહિંતા પાળી છે તે. એમના સ્વભાવનું સુંદર દર્શન જુઓ. એમણે એમ ન કહ્યું કે તમારી પત્નીને તમારી પર પ્રેમ નથી એટલે નથી આવતી, કે વરુણ એના પર મુગ્ધ થયો છે કે એ સ્વેચ્છાએ રહે છે – આમાંનું કશું જ ન કહ્યું. એમણે ફક્ત એટલું જ કહ્યું કે વરુણે મારી વાત સાંભળી નહીં અને મને ગળું પકડીને ધક્કો માર્યો એટલે સીધો અહીં આવ્યો છું. હવે આ તમારો અને વરુણ વચ્ચેનો મામલો છે એટલે હું રજા લઉં છું. આ નારદ છે ! ક્યાં અટકવું એ એમને ખબર છે, આજના મીડિયાવાળાને એ ખબર નથી. નારદની આ ઊંચાઈ છે.

બે મહાસમર્થ કવિ કાલિદાસ અને માઘે નારદનું સુંદર શબ્દચિત્ર આપ્યું છે. નારદનું વ્યક્તિત્વ શું છે તે જાણવા માટે આપણે એવા કવિઓ પાસે જવું પડશે. કાલિદાસ શબ્દચિત્ર આપતાં કહે છે કે – 'નિકષ પર શોભતી સુવર્ણરેખા સમાન ગોરોચનથી એમનો જટાકલાપ સોહી રહ્યો છે, ચંદ્રકલા જેવું નિર્મલ ધવલ એમનું યજ્ઞોપવિત છે, અદકેરા મોતીઓની માળાથી જેની અલંકાર સમૃદ્ધિ ઝળહળી ઊઠી છે, તેવા નારદ સુવર્ણની શાખા ઝુલાવતા જંગમ કલ્પવૃક્ષ જેવા લાગતા હતા.' કવિ માઘે શિશુપાલવધના આરંભમાં અગિયાર શ્લોકથી નારદનું વર્ણન કર્યું છે. તે મહાસમર્થ વક્તા હતા. એમની વાણી ઘણાના હ્રદય બદલતી. સત્યપુત અને હરિસ્મરણથી અનુસ્યુત વાણી સાંભળીને સંસારી જીવોનું રૂપાંતર થતું. વાલ્મિકી, પુરંજન, ચિત્રકેતુ, ધ્રુવ, પ્રહ્લાદ વગેરેને એમણે સુધાર્યા. બીજું બધું ય બાજુ પર મૂકી દઈએ તો પણ એમનો સૌથી મોટો ઉપરકાર માનવજાત પર એ છે કે તેમની મદદથી આપણને વાલ્મીકીનું રામાયણ અને વ્યાસનું ભાગવત પ્રાપ્ત થયાં. સ્વયં અનિકેત હતા, પણ હજારો માટે શાંતિનિકેતન થયા. આપત્તિને અવસરમાં ફેરવી નાખવાની કળા નારદમાં હતી, જેને આજનું મોર્ડન મેનેજમેન્ટ હવે સમજતું થયું છે. સારંગપાણીના ભક્ત વીણાપાણી જ હોય ને ! ભક્તને સંગીત શોભે, શસ્ત્ર નહિ. નારદ હવામાંના ઑકિસજનની જેમ પ્રાણવાયુ પૂરો પાડવાનું કામ કરે છે અને ક્લોરિનવાયુની જેમ વ્યક્તિના વિકારોની શુદ્ધિ કરે છે.'

નારદ વિશેની વાત પૂરી કરતાં વસંતભાઈએ 'નારદડૂબકી' શબ્દની વ્યાખ્યા કરી હતી. નારદ ડૂબકી એટલે કોઈને કોઈ ખ્યાલો કે આશાઓમાં જીવવું. લોકકથા એવી છે કે એકવાર નારદ ભગવાનને કહે છે કે મને તમારી માયા દેખાડો. પછી નારદ નહાવા ગયા  અને ડૂબકી મારી તો કોઈ બીજા દેશમાં નીકળ્યા. ત્યાં એમનો બહુ સત્કાર થયો, અનેક કામો કર્યા, એમને લોકોએ રાજા બનાવ્યા, એમના લગ્ન થયા, સંતાનો થયા. બધું થયું. પણ પછી થયું એવું કે પત્ની મરી ગઈ. પેલા લોકોએ કહ્યું કે અમારે તો એવો રિવાજ છે કે પત્ની મરે તો એની પાછળ પતિએ પણ બળી મરવું માટે તમે સ્નાન કરીને આવો. નારદને ફરજિયાત સ્નાન કરવા મોકલ્યા અને જેવી નારદ ડૂબકી મારીને બહાર નીકળ્યા તો ભગવાને હસતાં હસતાં પૂછ્યું કેમ નાહી લીધું ? ત્યારે એમને ખબર પડી કે આ બધી તો માયા હતી ! આ છે નારદ ડૂબકી. આપણે બધા ક્યારેક ને ક્યારેક એવી ડૂબકી મારી

દેતા હોઈએ છીએ પણ ઉપરવાળો આપણને તેમાં લાંબો સમય રહેવા દેતો નથી. આખરે એ બચાવી જ લે છે.' એમ કહી વસંતભાઈએ પોતાની વાતનું સમાપન કર્યું હતું.

**[સંગોષ્ઠિ-4]**

બીજા દિવસની સાંજે સંગોષ્ઠિ-4નું સંચાલન ડૉ. વસંતભાઈ પરીખે કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે હવે નવપાત્રોનો પ્રવેશ થતાની સાથે આપણે પુરાણોમાં પ્રવેશી ગયા છીએ, માત્ર એટલું જ નહિ, હવે આ ભૂમિ નૈમિષારણ્યમાં ફેરવાઈ ગઈ છે અને ઉપસ્થિત સૌ શ્રોતાઓ 88,000 ઋષિઓ જેવા જ લાગે છે. વક્તાઓ અહીં અનેક છે તેથી અહીં સૂતબાહુલ્ય છે તેમ કહી શકાય. જેના હૃદયમાં ભગવાન પ્રગટ થાય, સંસ્કૃતિ પ્રત્યેનો ઊભરો આવી જાય અને વાંચ્યા વિના પણ જેની છઠ્ઠી ઈન્દ્રિય ખૂલી જાય તથા અગમ-નિગમનું દેખાવા માંડે તે બધા જ સૂતનો અવતાર ધારણ કરીને પધારેલા કહેવાય.' આગામી વક્તા શ્રી વિજયભાઈ પંડ્યાનો પરિચય આપતાં તેમણે કહ્યું હતું કે 'વિજયભાઈની સંસ્કૃત અને ગુજરાતી બંનેમાં ગતિ છે. ઘણા પુસ્તકો લખ્યા છે, નાટકો-કાવ્યોના સંપાદનો આપ્યા છે, મૌલિક લેખો લખ્યા છે અને હાલ નિવૃત્ત થયા બાદ એલ.ડી. ઈન્સ્ટીટ્યૂટ ખાતે સેવાઓ આપી રહ્યા છે. તેવા આ અધિકારી વક્તા આજે આપણને પુરાણના પાત્ર 'પરશુરામ' વિશે વાત કરશે.'

પરશુરામના પાત્ર વિશે પરિચય આપતાં વિજયભાઈએ કહ્યું હતું કે 'પરશુરામનું ચરિત્ર રામાયણ, મહાભારત ઉપરાંત અનેક પુરાણોમાં મળે છે જેવા કે માર્કેંડય પુરાણ, બ્રહ્મ પુરાણ, પદ્મપુરાણ અને ભાગવત તો ખરું જ. પરશુરામનું બહુ વિલક્ષણ પાત્ર છે. વાલ્મીકી રામાયણ તો કહે છે કે એ કૈલાસ જેવા છે. એમની પાસે જઈ ન શકાય. કાલાગ્નિ જેવા અસહ્ય અને તેજથી જાણે સળગતા હોય એવું ચિત્ર વાલ્મીકીએ એમનું દોર્યું છે. રામાયણનું આ વર્ણન મુનશીને એટલું બધું ગમી ગયું કે 'ગુજરાતનો નાથ' નવલકથામાં તેમણે મંજરીના મુખે કાક વિશે આ શબ્દો વારંવાર બોલાવ્યા છે. એ પછી તો મુનશીએ 'ભગવાન પરશુરામ' વિશે આખી નવલકથા લખી. ભગવાનના દશ અવતારમાંના તે એક છે અને વિશેષતા એ છે કે આ એક જ એવો અવતાર છે જે શસ્ત્રથી ઓળખાય છે ! મૂળમાં તો એમનું નામ રામ છે પણ હવે પછી આવનારા ભગવાન રામથી એમને જૂદા પાડવા 'પરશુ' શબ્દ પ્રયોજાયો છે. અને આમ તે તેમના આયુધથી ઓળખાય છે. વિશ્વામિત્ર કદાચ પરશુરામના મામા છે.

પરશુરામની જન્મકથા પણ બહુ વિચિત્ર છે. તેઓ જમદગ્નિના પુત્ર છે અને માતાનું નામ રેણુકા છે. જમદગ્નિ અને પરશુરામના પિતામહ રૂચિક અને એની પત્ની સત્યવતી. રૂચિકે એક વાર બે ચરુ તૈયાર કર્યા. એકમાં બ્રાહ્મણ તેજ સમાય એવા મંત્રોથી ચરુને અભિમંત્રિત કર્યો. બીજો ક્ષાત્રતેજથી અભિમંત્રિત કર્યો. બંને ચરુ રૂચિકે પત્ની સત્યવતીને આપ્યા. પછી તો તેઓ તપ કરવા જતા રહ્યા. રૂચિકે કહ્યું હતું કે એક તમારે તમારી માતાને આપવાનો અને એક તમારે ખાવાનો. એ દરમિયાન સત્યવતીના માતાપિતા તેના આશ્રમે આવ્યા. ભૂલથી સત્યવતીએ બ્રાહ્મતેજવાળું સંતાન ઉત્પન્ન કરવા માટેનો પોતાને માટેનો ચરુ માતાને આપી દીધો અને માતાને માટેનો ક્ષાત્રતેજવાળો ચરુ પોતે રાખ્યો. રૂચિકે આવ્યા બાદ તપના પ્રભાવથી જોયું કે આવું ખોટું થયું છે, તેથી તેમણે સત્યવતીને કહ્યું કે તારે ખોળે ક્ષાત્રતેજવાળો પુત્ર જન્મશે. સત્યવતી ઈન્કાર કરે છે. તે કહે છે કે તમે કોઈક રસ્તો કાઢો પણ મારે તો બ્રાહ્મણતેજવાળો જ પુત્ર જોઈએ. તમે મારા પુત્રને બદલે પૌત્ર જન્માવશો તોય

વાંધો નથી. રૂચિકે તેમ કર્યું. જમદગ્નિ સત્યવતીના પુત્ર થયા. બહુ વિચિત્ર ઘટના બની ! જે પુત્ર થવાનો હતો એ પૌત્ર થયો અને જે પૌત્ર થવાનો હતો એ પુત્ર થયો.

જમદગ્નિ અને રેણુકાને પાંચ પુત્રો જન્મયા. એમાં સૌથી નાના પરશુરામ. એક દિવસ માતા રેણુકા સ્નાન કરવા ગયા. ત્યાં ગંધર્વ ચિત્રરથ બધી અપ્સરાઓ સાથે સ્નાન અને ક્રિડા કરી રહ્યો હતો. આ બધું જોઈને રેણુકાને ચિત્રરથ સાથે પળવાર માટે માનસિક સમાગમનો ભાવ થયો. પછી એ તરત સભાન થઈ ગઈ પરંતુ એનો ચહેરો મ્લાન અને તેજોહીન થઈ ગયો. તે આશ્રમ પરત આવી. ઋષિ તપથી જાણી ગયા. ગુસ્સે થયા. પરશુરામ તો એ વખતે તપ કરવા ગયા હતા, પણ તેમણે તેમના ચારેય પુત્રોને કહ્યું કે માતાનો વધ કરો. કોઈ તૈયાર ના થયું એટલે જમદગ્નિએ પુત્રોને શાપ આપ્યો કે તમે બધા ચેતના વગરના પશુપંખી થઈ જાઓ. એટલામાં વળી પરશુરામ આવ્યા. એમણે પિતાની આજ્ઞાને માન આપી માતાનો પરશુથી વધ કર્યો. જમદગ્નિ ખુશ થઈ ગયા. એમને પરશુરામને વરદાન માગવાનું કહ્યું. હવે જુઓ પુરાણકથાકાર વાર્તાને કેવી સરસ રીતે ગુંથે છે ! પરશુરામે એમ માંગ્યું કે માતા જીવતી થાય અને તેને એવી સ્મૃતિ ન રહે કે મેં તેનો વધ કર્યો હતો. એ પછી પરશુરામે માંગ્યું કે મારા ભાઈઓ પણ પોતાની મૂળ પ્રકૃતિને પામે. એટલે ટૂંકમાં, બધું પાછું હતું એમ યથાવત થઈ ગયું.

એક વખત પરશુરામ હતા નહિ ત્યારે જમદગ્નિના આશ્રમમાં સહસ્ત્રાર્જુન કાર્તવીર્ય આવે છે અને જમદગ્નિ પોતાની કામધેનુ ગાય વડે એનો વિવિધ સામગ્રીઓ દ્વારા આદર-સત્કાર કરે છે. તેથી કાર્તવીર્યને આ કામધેનુ ગાય મેળવવા માટે લોભ જાગે છે અને તેની તે માગણી કરે છે. જમદગ્નિ ના કહે છે તો એ જબદજસ્તીથી તેને લઈ જાય છે. આશ્રમમાં તોડફોડ કરે છે. પરશુરામ આ જાણે છે એટલે એની પાછળ પડે છે. જમદગ્નિ પરશુરામને હિંસા ન કરવા સમજાવે છે પરંતુ પરશુરામ તો એની પાછળ લાગે છે. રસ્તામાં બંને વચ્ચે પ્રબળ યુદ્ધ થાય છે જેમાં પરશુરામ સહસ્ત્રાર્જુનનો વધ કરે છે. સહસ્ત્રાર્જુનના સંતાનો પરશુરામ પર ક્રોધે ભરાય છે અને પરશુરામની ગેરહાજરીમાં તેઓ જમદગ્નિનો વધ કરે છે. પુરાણકાર કહે છે કે માતા રેણુકા વિલાપ કરતાં કરતાં એકવીસ વાર પોતાની છાતી કૂટે છે તેથી પરશુરામ એકવીસવાર પૃથ્વીને ન-ક્ષત્રી (ક્ષત્રિયો વગરની) કરવાની પ્રતિજ્ઞા લે છે. એ પછી તો લાખો કરોડો ક્ષત્રિયો, હૈહેયોને તે પરલોક પહોંચાડે છે. એટલે આમ જોઈએ તો આ કથા સંહારની કથા છે તેથી આનંદ આપે એવી નથી પરંતુ તેની પાછળ કોઈ બીજો સુક્ષ્મ અર્થ રહેલો હોય તેમ કદાચ હોઈ શકે.

પરશુરામ શિવભક્ત છે. એકવાર ભગવાન પરશુરામ શિવને મળવા માટે જાય છે. બારણેથી નંદી તો જવા દે છે પરંતુ અંદર ગણેશ અને કાર્તિકેય ઊભા છે. ગણેશ એમને અંદર જવાની ના પાડતા કહે છે કે ભગવાન શંકર માતા પાર્વતી સાથે વિશ્રામ કરી રહ્યા છે. પણ પરશુરામ કહે છે કે એ તો આપણા માતાપિતા છે એમને તો ગમે ત્યારે મળી શકાય. આખા જગતના તેઓ માતા-પિતા છે. બંને વચ્ચે સંવાદ લાંબો ચાલે છે. એમાં અંદર જવા અને રોકવા વચ્ચે ખેંચાખેંચી થાય છે. પરશુરામ પોતાનું પરશુ ગણેશ પર ફેંકે છે. ગણેશે જોયું કે આ પરશુ તો પિતાજીનું આપેલું છે. એ પરશુ દાંતને અડકે એ પહેલા ગણેશ પોતાની સૂંઢમાં પરશુરામને ઊંચકીને ઉપરના સાતેય લોક ફેરવે છે. પછી ગોલોકમાં ભગવાન વિષ્ણુના દર્શન કરાવે છે. વળી પાછા પાતાળના સાતેય લોક દેખાડે છે. છેવટે હતાં ત્યાંના ત્યાં લાવીને મૂકે છે. પરશુરામ તો ગભરાઈ જાય છે કે આ ક્ષણવારમાં શું બની

ગયું ? આ દરમ્યાન પેલું પરશુ ગણેશ દાંત પર ઝીલી લે છે એટલે એમનો દાંત અડધો તૂટી જાય છે, અને તેઓ લોહીલુહાણ થાય છે. આ બધી ધમાચકડી સાંભળી ભગવાન શિવ અને માતા પાર્વતી બહાર આવે છે. કાર્તિકેય એમને બધી વાત કરે છે. પાર્વતી પોતાના પુત્રને વાગવાથી ગુસ્સે થાય છે અને પિયર જતા રહેવાની તૈયારી કરે છે. શંકરભગવાન કૃષ્ણ-રાધાનું સ્મરણ કરે છે. સુદામા સહિત કૃષ્ણ-રાધા ત્યાં પ્રગટ થાય છે. રાધા આવીને પાર્વતીને સમજાવે છે. પરશુરામ પાર્વતીને પગે લાગે છે. પછી જાણે એકબીજાને ખોળામાં બેસાડવાની વિધિ ચાલે છે ! ગણેશને રાધાએ ખોળામાં બેસાડ્યા, પરશુરામને પાર્વતી ખોળામાં બેસાડે છે, શિવ અને કૃષ્ણ બાકી રહેલા બાળકોને ખોળામાં બેસાડે છે. પછી બધું સરસ થઈ જાય છે. પુરાણકાર આ રીતે આપણા જીવનમાં આવતી વિકટ પરિસ્થિતિઓને જ ઉકેલવાનું જાણે રહસ્ય બતાવતા રહે છે.' વાતનું સમાપન કરતાં વિજયભાઈએ કહ્યું હતું કે 'કોઈ અંગ્રેજ કવિએ કહ્યું છે કે કવિતા કદી પૂરી થતી નથી. એમ આ પુરાણો પણ કદી પૂરા થતા નથી. એને છેવટે છોડી દેવા પડે છે. પરશુરામ વિશેની વાત પણ કદી પૂરી થતી નથી. It has to be abandon એને છોડી દેવી પડે છે.

સંગોષ્ઠીના બીજા પ્રવક્તા શ્રીમતી વિનોદબાળાબેન જાની એ દેવયાનીના પાત્ર વિશે વાત કરી હતી. તેમનો પરિચય આપતાં સંચાલકશ્રીએ જણાવ્યું હતું કે 'તેઓ શ્રી ડૉલરરાય માંકડના વિદ્યાર્થીની છે. રાજકોટની વીરબાઈ કૉલેજમાં તેમણે વર્ષો સુધી સંસ્કૃતનો અભ્યાસ કરાવ્યો છે. રાજકોટના સંસ્કૃતભવનમાં નિયમિતપણે વિવિધ વિષયો પર પ્રવચન આપતા રહે છે અને સંસ્કૃત પ્રત્યે અપાર પ્રીતિ ધરાવે છે. તેઓ આજે 'દેવયાની' વિશે વાત કરશે….'

તેમણે પોતાના વક્તવ્યનો આરંભ કરતાં કહ્યું હતું કે : 'પુરાણો નિત્ય યૌવન છે, એમને કદી એકાવનમું બેસતું જ નથી, માટે સદાય આનંદ આપતા રહે છે. ઘણું નવું નવું રોજ પુરાણોમાંથી મળે છે. પુરાણોનો હેતુ માનવકલ્યાણનો છે. શ્રુતિ નેતિ નેતિ કહે છે, પુરાણો ઈતિ ઈતિ કહે છે. આપણી સંવેદનાને પુરાણો વાચા આપે છે. પુરાણ ઈશ્વરને ઝૂંપડી સુધી પહોંચાડે છે. જીવનના ઝંઝાવાતમાં કેમ ઝઝૂમવું, ભાંગી કેમ ન પડવું – એના દાખલા, દલીલો એ બધું આપીને આપણને સમજાવે છે કે જીવન હારવા જેવું નથી, જીવન ઝઝૂમવા જેવું છે. જીવન ઝઝૂમવા જેવું છે એવું કોઈ બતાવનાર હોય તો એ પુરાણોના પાત્રો પૈકી એક પાત્ર છે 'દેવયાની'. મત્સ્યપુરાણ, ભાગવત, વાયુપુરાણ, મહાભારત-આદિપર્વ અને રામાયણા ઉત્તરાર્ધમાં દેવયાનીની કથા મળે છે. શુક્રાચાર્ય અને જયંતિ(બીજું નામ ઉર્જસ્વતી)ની પુત્રી છે. તપસ્વીની, વિદુષી, ગુણાનુરાગી અને એક માત્ર દીકરી છે. શુક્રાચાર્યને તે પ્રાણથી પણ અત્યંત પ્રિય છે. દેવયાની હંમેશા વિજયની આશા રાખે છે, હારી જતી નથી. ઈન્દ્રની દોહિત્રી હોવાને નાતે સ્વભાવમાં તેજોદ્વેષ કે અસહિષ્ણુતા આવે એ સ્વાભાવિક છે પણ સાથે દિવ્યતાથી ભરેલી છે. માતા ઊર્જસ્વતી હોવાને કારણે ઓજસ્વીની છે પણ સાથે સ્વમાની તો ક્યારેક અતિમાની છે. વિવેકી છે પરંતુ ક્યારેક વિવેક ચૂકી જાય છે. યયાતિને તે દીપશીખા જેવી લાગે છે. શીલ, દાક્ષિણ્ય બધું જ છે પરંતુ આ તમામ ગુણોને ઢાંકી દે એવો એક જ અવગુણ એનામાં છે અને તે છે ક્રોધ. બીજા શબ્દોમાં કહીએ તો અભિમાન છે. વિદુરનીતિ કહે છે કે ઘડપણ રૂપ હરી લે છે, તૃષ્ણા આશાને હરી લે છે, મૃત્યુ પ્રાણને હરી લે છે, અસૂયાથી ધર્મ નાશ પામે છે, ક્રોધથી શ્રી નાશ પામે છે, અનાર્ય સેવાથી શીલ નષ્ટ થાય છે, કામનાથી વ્યક્તિનું હિત નાશ પામે છે પરંતુ આ બધું જ એક માત્ર અભિમાનથી નષ્ટ થઈ જાય છે.

યુવા દેવયાનીની થોડીક વાતો જોઈએ. એના જીવનમાં કચનો પ્રવેશ થાય છે. નૃત્ય-ગાયન-વાદનથી તે દેવયાનીને ખુશ કરે છે અને દેવયાની પણ એકાંતમાં કચની પરિચર્યા કરે છે. બંનેનું મિલન અગ્નિ અને ઘી જેવું છે. શુક્રાચાર્ય તો કચને સ્વીકારે છે પણ અસૂરો કચને કેમ કરીને સ્વીકારે ? કચને જો સંજીવની વિદ્યા આવડી જાય તો દાનવો તો યુદ્ધમાં જીતી જ ન શકે ! અસૂરો એકવાર કચને મારી નાખે છે. દેવયાની વિલાપ કરે છે. શુક્રાચાર્ય તેને શાંત પાડે છે અને કહે છે કે તું કચને હવે ભૂલી જા. પરંતુ મુગ્ધા દેવયાની 'હું તો કચને માર્ગે જઈને મરણ પામીશ એમ કહી જમવાની ના પાડે છે.' અસુરોએ કચને મારી તેનો ભૂકો કરી શુક્રાચાર્યને તેનું પાન કરાવી દીધું હોય છે તેથી શુક્રાચાર્યના ઉદરમાં રહેલો કચ બોલે છે કે તમારા હોવા છતાં મારો નાશ શક્ય છે ? શુક્રાચાર્ય કહે છે કે હું મરું તો તને કચ મળે, પણ દેવયાનીને તો બંને જોઈએ છે. છેવટે શુક્રાચાર્ય વચલો માર્ગ કાઢતાં કહે છે કે તું મારો પુત્ર થા, વિદ્યા પ્રાપ્ત કર, મારું કુક્ષી ભેદીને બહાર આવ અને પછી મને જીવંત કર. કચ એ પ્રમાણે કરે છે. પરંતુ શુક્રાચાર્ય તો હવે કચના ગુરુ થયા. દેવયાની કચ સામે લગ્નનો પ્રસ્તાવ મૂકે છે ત્યારે કચ 'ગુરુની દીકરી પ્રત્યે તો પૂજ્યભાવ હોવો જોઈએ' એમ કહીને લગ્ન માટે ના પાડે છે. ઉપરથી કહે છે કે તમે તો મારા બહેન થાઓ કારણ કે મેં તમારા પિતાની કુખે નિવાસ કર્યો છે. દેવયાની કોઈ દિવસ ના સાંભળવા ટેવાયેલી નથી. કચ ના કહે એ કેમ ચાલે ? તરત ગુસ્સામાં આવીને શાપ આપે છે કે તમારી કોઈ વિદ્યા સિદ્ધ નહીં થાય. કચ પણ શાપ આપે છે કે તમને કોઈ ઋષિપુત્ર પરણશે નહીં. સારાંશ એટલો જ કે મુગ્ધાવસ્થાનું સહજ આકર્ષણ, ઉન્માદ અને છેવટે ક્રોધ અને શોકમાં પરિણમે છે. અતિલાડના પરિણામે વ્યક્તિ પોતાનું સાનભાન ગુમાવે છે તેવી શીખ આ કથા આપે છે.

હવે બીજો પ્રસંગ લઈએ તો જલક્રિડા પ્રસંગની યાદ આવે. સરખી ઉંમરની યુવતીઓ સાથે તે સ્નાન કરવા જાય છે. ભગવાન શિવ ત્યાંથી પસાર થતા ઉતાવળમાં શર્મિષ્ઠા દેવયાનીના વસ્ત્રો પહેરી લે છે. એક ક્ષાત્રતેજથી સંપન્ન છે અને બીજી બ્રહ્મતેજથી.બંનેને પિતાના સ્થાનનો ગર્વ છે. બંને સામસામા અથડાય છે. ખૂબ બોલાચાલી થાય છે. અંતે ક્રોધ વેગ વધી જતાં શર્મિષ્ઠા દેવયાનીને કૂવામાં ફેંકી દે છે. પુરાણકાર બોધ આપે છે કે સર્વ અનર્થોનું મૂળ સત્તા છે. યયાતિ એને બહાર કાઢે છે. દેવયાનીનું સ્વમાન ઘવાય છે. તે કહે છે કે હવે હું નગરમાં નહીં પ્રવેશું. પિતા તેને સમજાવે છે કે દરેકને કર્મનું ફળ ભોગવવું પડે છે. તું અક્રોધથી ક્રોધને જીત તો જગત જીતી જઈશ. ઉત્તરમાં દેવયાની પોતાને બધી ખબર છે એમ ઘોષણા કરે છે. પોતાનું માન અને ગૌરવ થાય એવા સ્થાન પર જ રહેવું જોઈએ તેમ કહે છે. છેવટે શર્મિષ્ઠા પોતાની દાસી બને તો જ નગરમાં રહેવાની તૈયારી બતાવે છે. અંતે, શર્મિષ્ઠા દાસી બનવા તૈયાર થાય છે અને ત્યાં એ પ્રસંગ પૂરો થાય છે.

યયાતિને જ્યારે તે મળે છે ત્યારે તેને અંધારામાં નથી રાખતી. કચના શાપની વાત વિગતે કહી દે છે અને ઋષિપુત્ર સાથે તેના લગ્ન કેમ ના થઈ શકે તે બાબત જાહેર કરે છે. યયાતિ પોતે ક્ષત્રિય છે એમ જાણ થતાં તેની સાથે લગ્ન કરે છે. શર્મિષ્ઠા એને ત્યાં દાસી તરીકે આવે છે અને પછી આગળની કથા આપ સૌ જાણો છો તેથી સમય અભાવે હું તેમાં નથી પ્રવેશતી.' એમ કહી વિનોદબાળાબેને જણાવ્યું કે, 'નિયતિ બળવાન છે. દેવયાની કચ અને યયાતિ બંનેનું વરણ સ્વયં કરે છે પરંતુ બંનેને ચાહી નથી શકતી. સાચો પ્રેમ મેળવી શકતી નથી. બંનેના શાપનું કારણ પોતે બને છે. દેવયાની અતિક્રોધી છે અને અતિક્રોધીની શું ગતિ થાય એ આપણને અહીંથી શીખવા મળે છે. તે સતત ચડતી પડતી અનુભવે છે. પ્રિય પત્ની કે પ્રેયસી બની શકતી નથી. શ્રેષ્ઠ માતા પણ નથી બની શકતી કે યયાતિને સુખ-દુ:ખમાં સાથ આપે એવા સંતાન એમને આપી શકે. તે યોગ્ય

વારસદાર નથી આપી શકતી. આમ છતાં, આ બધી નિષ્ફળતામાંથી તે બહાર આવે છે. જીવનના અંતે એની દષ્ટિ વિશાળ બને છે. શર્મિષ્ઠાના પુત્ર પુરુનો યયાતિ રાજ્યાભિષેક કરે ત્યારે પોતાની મૌન સંમતિ આપે છે. ઈર્ષ્યા અને ગર્વ છોડી દે છે. હવે તેને લાલસા નથી. કડવાશ પી જાય છે. યયાતિએ કહેલી ગાથાને તે નિવૃત્તિ માર્ગની પ્રેરક સમજીને સંસાર પરથી મોહ છોડી દે છે. ભગવાન કૃષ્ણમાં પોતાનું મન પરોવી દે છે. માત્ર સ્થૂળ શરીર નહીં પરંતુ અનેક જન્મના કારણરૂપ એવા લિંગશરીરનો પણ તે ત્યાગ કરે છે. અંતે દેવયાની દેવયાનમાર્ગે જનારી બને છે, એટલે કે મોક્ષ પ્રાપ્ત કરે છે. જીવનની હજારો નિષ્ફળતામાંથી બહાર નીકળીને વ્યક્તિ પોતાના સ્વભાવ પર વિજ્ય મેળવી કલ્યાણનો માર્ગ પ્રાપ્ત કરી શકે છે તેવો પુરાણકારનો સંદેશ આ ગાથામાં રહેલો છે.'

સંગોષ્ઠિના અંતિમ વક્તા શ્રી અજિતભાઈ ઠાકોર વિશે પરિચય આપતાં સંચાલકશ્રીએ જણાવ્યું કે અજિતભાઈને વિશેષ કોઈ પરિચયની જરૂર નથી કારણ કે અગાઉના સત્રમાં આપણે તેમનું કર્ણ વિશેનું અદ્દભુત વક્તવ્ય સાંભળ્યું છે. વિષયના તેઓ ઊંડા અભ્યાસી છે. અનેક પુસ્તકો લખ્યા છે અને વિવેચનો કર્યા છે. ઘણી સિદ્ધિઓને વરેલા વિદ્વાન છે. આજે આપણને તેઓ પુરાણના પાત્ર 'જડભરત' વિશે વાત કરશે.

અજિતભાઈએ પોતાના વક્તવ્યનો પ્રારંભ કરતાં કહ્યું હતું કે : 'રાજર્ષિ ભરત, મૃગ ભરત અને જડભરત : બંધાતી, ગંઠાતી અને વિચ્છેદાતી માનવચેતના એમ ત્રણ સ્વરૂપે આપણે તેમને જોઈ શકીએ. જડભરતની કથા અદ્દભુત છે. કથા કહેતા કહેતા ખુદ વ્યાસજી ડોલી ઊઠ્યા હતા અને તેમણે એવું વિધાન કર્યું કે જેમ માખી ગરુડની હોડ લગાવી શકતી નથી તેમ રાજર્ષિ ભરતના માર્ગને બીજો કોઈ રાજા મનથીયે અનુસરી શકે તેમ નથી. ભરતજીના મુખ પર તેમના પૂર્વજોની રેખાઓ ઝળકે છે. ભગવાન મનુના પુત્ર પ્રિયવ્રત. સાત સમુદ્ર અને દ્વિપ રચનાર કેવા પરાક્રમી ! પ્રિયવ્રતના પુત્ર નાભી થયા. એમને થયું કે મારે જેવો તેવો પુત્ર ન જોઈએ. પુત્ર તો અદ્વિતિય જ જોઈએ. એટલે એમણે નારાયણની આરાધના કરી અને તેમની પાસે ભગવાન નારાયણ જેવો જ પુત્ર માગ્યો. ભગવાને કહ્યું કે મારા જેવો તો હું જ છું તેથી તેમણે દીકરા તરીકે અવતરવાનું વચન આપ્યું. એ પછી તેમને ત્યાં અંશાવતાર રૂપે ઋષભદેવ પ્રગટ્યા. એમના જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ પુત્ર તે ભરતજી.' અજિતભાઈએ પુરાણોનું મહત્વ સમજાવતા કહ્યું કે, 'પુરાણોમાં તો પરિચિતા વચ્ચે રહેલી અપરિચિતતા શોધવાની છે. કારણ કે એમાં આપણો ચહેરો છે. એ આપણું દર્પણ છે. તેથી એ ક્યારેય પુરાણું નથી થતું. વાંચનારની જવાબદારી છે કે એને નવું કરવું. જેનામાં આ શક્તિ ન હોય તેણે ન વાંચવું.'

જડભરતની કથાનો વિસ્તાર કરતાં તેમણે કહ્યું કે, 'રાજર્ષિ હોવું એ ભરતનું પ્રથમ સ્થિત્યંતર છે. પિતા ઋષભદેવે તેમને રાજ્ય સોંપ્યું. બાકીના નવ્વાણું ભાઈઓએ પોતાનું અસ્તિત્વ ભરતજી સાથે જોડી દીધું; જેને ઈતિહાસની એક અદ્દભુત ઘટના કહી શકાય. ભરતપૂર્વે આ દેશ 'અજનાભવર્ષ' તરીકે ઓળખાતો હતો, જે ભરતના આવ્યા બાદ 'ભારતવર્ષ' તરીકે ઓળખાવા લાગ્યો. એમણે પ્રજાવત્સલતાથી પોતાના પૂર્વજોની કીર્તિને આચ્છાદિત કરી દીધી. વિશ્વરૂપની પુત્રી પંચજની સાથે ભરતજીના લગ્ન થયા. એમને પાંચ પુત્રો થયા. તેમણે ઈશ્વરની આરાધના વૈદિક યજ્ઞ-યાગ વડે શરૂ કરી. અનેક યજ્ઞો કર્યા પરંતુ યજ્ઞોનું કર્મફળ તો બાંધે ! ભરતજી એટલા ચતુર હતા કે એમણે યજ્ઞફળ ભગવદ અર્પણ બુદ્ધિથી વાસુદેવને અર્પણ કર્યા. એકપણ યજ્ઞે એમને બાંધ્યા નહીં. પરમાત્માને કેવી રીતે બાંધવા એ ભરતજી પાસેથી શીખવા જેવું છે ! તેમણે ઈશ્વરનો અનુભવ કર્યો. બધા

દેવોને પરમાત્માના અવયવરૂપે જોયા. એમને જગતમાં સૂર્યચંદ્ર છે એવું દેખાયું જ નહિ, એમને તેમાં ઈશ્વરની આંખ દેખાઈ. આખુ બ્રહ્માંડ એમને બ્રહ્મ સ્વરૂપે દેખાવા લાગ્યું. બુદ્ધિના રાગદ્વેષના મળ ધોવાવા લાગ્યા. હૃદય નિર્મળ થઈ ગયું. વર્ષો સુધી શાસન કર્યા બાદ ભરતજીએ રાજર્ષિ તરીકેનું કાર્ય પૂરું કર્યું. ઉત્તરાવસ્થાએ પિતાજીના માર્ગે ચાલીને છેવટે ચક્ર (ગંડકી) નદીના કિનારે, હરિહરક્ષેત્રમાં, પુલહના આશ્રમમાં અને એકાંત ઉપવનમાં તેઓ નિવાસ કરવા લાગ્યા. ઈશ્વર પ્રતિ ભક્તિ કરતાં એમનો અનુરાગ એટલો બધો વધી ગયો કે તેઓ દ્રવિભૂત થઈ ગયા. એમને કંઈ કરવાનું બાકી ન રહ્યું.

હવે અહીંથી ભરતજીનું બીજું સ્થિત્યંતર 'મૃગભરત' રૂપે શરૂ થાય છે. 'મૃગમય થયા, મૃગાવતારે ગયા' એટલે કે મૃગમાં આસક્તિ થઈ એ દિવસથી જ એ જાણે મૃગ બની ગયા ! પરમાત્માની લગોલગ પહોંચી ગયેલા ભરતજીની ચેતનામાં કોઈ કર્મ વિપાકથી ગૂંચ પડી ગઈ જે ઉકેલતા એમને પૂરા બે જન્મો લાગ્યા. એમને ભારે તવાવું પડ્યું. આત્મવિસ્મૃતિ અને વિવેકધૂંધળો થવાથી તેમજ ભગવદચરણ પરથી દૃષ્ટિ ખસી જવાની પળે ભરતજીને જન્માંતરોની તાવડીમાં તાવ્યા છે. હૃદયમાં ઊંડી પડેલી પુત્ર આસક્તિ મૃગરૂપે પ્રગટશે એવી ખુદ ભરતજીને પણ ખબર નહોતી. એ મૃગ તો જાણે કે માયામય વિષ્ણુ હતા. ભગવાન ભક્તને કોઈ દિવસ ભૂલાવામાં નાખે નહીં. એ તો જે ભક્ત ઈચ્છે એ બધું જ આપી દે. એમનામાં સંતાનની આસક્તિનો એક નાનકડો અંશ રહી ગયેલો, જેને દૂર કરવા માટે ઈશ્વર મૃગશ્રાવક થઈને આવ્યા. એકવાર ભગવાન ચક્રપ્રવાહે પાણીની અંદર બ્રહ્માક્ષર નો જાપ કરી રહ્યા હતા એમ પુરાણોમાં લખ્યું છે. મને થયું કે ચક્ર શબ્દનો ઉલ્લેખ શા માટે કર્યો ? પણ એ તો એમ જ હોય. ભરતજીની વાત કાચીપોચી હોય નહીં. એકદમ તાણી નાખે એવા પ્રવાહમાં જે સ્થિર રહીને જાપ કરી શકે એ જ ભરત ! એવામાં એક હરણી ઝૂંટથી વિખૂટી પડેલી તરસથી વ્યાકુળ થતી ત્યાં આવી. તે ગર્ભિણી હતી. ત્યાં તો સિંહે જોરથી ત્રાડ પાડી. મૃગીએ છલાંગ મારી એમાં એને પ્રસવ થઈ ગયો અને બચ્ચું એ પ્રવાહમાં તણાવા લાગ્યું. મૃગી સામે જઈને મૃત્યુ પામી. તણાતા મૃગને જોઈને ઋષિ દ્રવી ગયા. સ્વજનની જેમ શિશુને લઈને આશ્રમે આવ્યા. એ મૃગી જાણે બીજું કંઈ નહીં માયા જ હતી ! એ એનું કામ પતાવીને ચાલી ગઈ. આ કથા વર્ણવતા વ્યાસજીએ ત્યાં એક બહુ સરસ શબ્દ વાપર્યો છે કે મૃગી કેવી છે ? 'હરિના ભયથી વ્યગ્ર' હું આ શબ્દ જોઈને બહુ વિચારમાં પડ્યો. સિંહના તો કેટલા બધા નામો છે. વનરાજ, કેસરી વગેરે…. તો વ્યાસજીએ 'હરિ' શબ્દનો જ પ્રયોગ કેમ કર્યો ? પણ ધ્યાનથી વિચારતા જણાયું કે અહીં શ્લેષ છે. ભક્તને બચાવવા માટે હરિ તત્પર છે એથી મૃગી માયારૂપે ભક્તની પાસે આવી તો ખરી પણ ઈશ્વરને એમ થયું કે હજી મારા ભક્તને ચેતવી દઉં એટલે સિંહે જે ત્રાડ પાડી એનો અર્થ હરિએ ભરતજીને ચેતવ્યા એમ થયો. છેલ્લો પ્રયત્ન ઈશ્વરે કરી જોયો.

આખરે ભરતજી લપેટાઈ ગયા. મૃગશ્રાવક (હરણના બચ્ચા)માં એમને મમતા થઈ. લાલન-પાલન-પોષણ કરવા લાગ્યા. એને રોજ નવડાવે-ધોવડાવે, ફૂલની માળા પહેરાવે. યમ-નિયમ-સ્નાન બધું ભૂલાવા લાગ્યું. તેઓ પોતે પોતાની જાતને 'જસ્ટીફાય' કરતાં કહેવા માંડ્યા કે, 'અરે આ મૃગશ્રાવક તો મારી શરણે આવ્યું છે. એનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે. જુઓ, એને મારામાં કેટલો વિશ્વાસ છે ! જુઓ એ મારી સાથે કેટલું ભળી ગયું છે.' પરંતુ એક વાર એ મૃગ ચરતું ચરતું દૂર ચાલ્યું ગયું. ભરતજી એકદમ વ્યાકુળ થઈ ઊઠ્યા. મનમાં બોલવા લાગ્યા કે મને છોડીને આ મૃગ દૂર ચાલ્યું ગયું એ ફરી આવશે કે નહિ ? શું હવે આ મૃગ મને ઘાસ ચરતું જોવા મળશે ખરું ? – જાણે મતિભ્રમ થઈ ગયો હોય એમ જાત જાતનું બોલવા લાગ્યા. અત્યંત આસક્તિ અને તીવ્ર

ઈચ્છા ને કારણે તેઓ પછીના જન્મમાં મૃગ થયા. પરંતુ આ સ્ખલન ભરતજીને પછી એટલું બધું ખટક્યું કે તેમાંથી વૈરાગ્યનો પ્રચંડ અગ્નિ પ્રગટ્યો જેમાં સંસાર અને માયા ભસ્મિભૂત થઈ ગયાં. મૃગરૂપે અવતર્યા પછી પહેલું કામ એમણે એ કર્યું કે તેમણે માતા અને માતૃભૂમિને છોડી દીધી. બીજું જ્યાંથી ભ્રષ્ટ થયા હતા ત્યાં ચક્ર નદીને કિનારે તેઓ જઈ પહોંચ્યા. સૂકા પાંદડા ખાઈને તેમણે નિ:સંગ વિચરણ કરવા માંડ્યું. અંતે એમણે તે દેહને પણ છોડી દીધો.

હવે ભરતજીના જીવનનું ત્રીજું સ્થિયંતર 'જડભરત' રૂપે આવ્યું. પછીના જન્મમાં તેઓ જડભરત થયા. જડતાનું કવચ ધારણ કર્યું. બધી બાબતમાં તેમણે પોતાને નાલાયક સાબિત કર્યા. બાપે પુષ્કળ કોશિશ કરી પરંતુ એક પણ અક્ષર ન ભણ્યા. જે કંઈ કર્યું તે ઊંધું કર્યું. અવધૂત થઈ ગયા. એકવાર ઝાડ નીચે બેઠા હતા ત્યારે જેને સંતાનની ઈચ્છા હતી એવા ક્ષુદ્ર રાજાના સેવકો એમને પકડીને બલિ આપવા માટે લઈ ગયા. ભદ્રકાલી આગળ બલિ ચઢાવવાનો હતો પરંતુ જડભરતજી તો દેહાભિમાન મુક્ત હતા. એ તો આરામથી બેઠા. પરંતુ જ્યારે વધ માટે ખડક ઊંચકાયું ત્યારે ભદ્રકાલીથી તે સહન ન થયું. ભરતજીના બ્રહ્મતેજથી ભદ્રકાલી ભભૂકી ઊઠી અને ભદ્રકાલી માતા મૂર્તિ એકદમ ફાડીને બહાર નીકળી આવ્યા. જે લોકો વધ કરવાના હતા એમના ડોકા એમના જ ખડકથી કાપી નાખ્યાં અને ફૂટબોલની જેમ લાત મારતાં મારતાં તેમના મસ્તકને લઈ ગયા. પણ તોય ભરતજી તો જાણે કંઈ બન્યું જ નથી તેમ તટસ્થ હતા.

ફરી એકવાર બેઠા હતા ત્યારે રાજા રહુગણના સેવકો એમને પાલખી ઊંચકવા લઈ ગયા. એમણે પાલખી તો ઊંચકી પરંતુ કોઈ કીડી મરે નહીં એટલે કૂદકા મારીને ચાલવા માંડ્યું જેથી પાલખી ઊંચી નીચી થવા લાગી. આમ વાતેય સાચી છે કે સંસારીની ચાલ સાથે અવધૂતની ચાલનો મેળ ના ખાય ! રહુગણને ગુસ્સો આવતા એ પાલખીમાંથી બહાર આવ્યો. 'આટલો જાડો છે તો આવી રીતે કેમ ચાલે છે ?' એમ કહ્યું ત્યારે જડભરતજીએ જવાબ આપ્યો કે હું જાડો-પાતળો કંઈ નથી. એ તો દેહ હોય. હું દેહ નથી. રહુગણને થયું કે આવો જવાબ આપનાર કોઈ યોગી હોઈ શકે. પગે પડીને એમણે માફી માંગી. જડભરતજીએ એમને મુક્તિનો માર્ગ બતાવતા કહ્યું કે મન એ આત્માની ઉપાધિ છે. મન જ માણસને સંસાર સાથે બાંધે છે અને જ્યારે એ નિર્મળ થાય છે ત્યારે પરમાત્મા સાથે જોડી દે છે. આમ, આ ભરતજીનું ચરિત્ર આપણને સૌને આસક્તિથી દૂર રહી ભગવાન પ્રતિ પ્રીતિ વધારવાનો સંદેશ આપે છે.' એમ કહી અજિતભાઈએ પોતાની વાત પૂરી કરી.

**[સંગોષ્ઠિ-5]**

સત્રની ત્રીજા દિવસની અંતિમ સંગોષ્ઠિ-5નું સંચાલન કરતાં શ્રી અજિતભાઈ ઠાકોરે કહ્યું હતું કે : 'પુરાણનું સમગ્ર માનવજાતિ વિશે પોતીકું દ્રષ્ટિબિંદુ છે. તેનું પોતાનું અર્થઘટન છે, પોતીકું મુલ્યાંકન છે. પુરાણો પાછળ રહેલી માનવચેતના ઉપનિષદોમાં પ્રગટતી માનવચેતનાથી તો જુદી છે જ, પણ કાલિદાસ આદીની જે પ્રશિષ્ઠ કાવ્યચેતના છે એનાથી પણ જુદી છે, ધર્મશાસ્ત્ર કે ષડદર્શન વિલસતી ચેતનાથી પણ જુદી છે. પુરાણોને માપવા કે પામવા માટે પુરાણોનો જ માનદંડ સ્વીકારવો પડે. તેનો મર્મ પામવો હોય, તેને આત્મસાત કરવું હોય તો વેદવાંચતા હોઈએ એનાથી સાવ જુદો જ રસ્તો લેવો પડે. પુરાણ આજે પણ તેના સાચા વાચકની પ્રતિક્ષા કરી રહ્યું છે. આપણે તેના સાચા વાચક બનવાની સજ્જતા હજુ કેળવવાની છે.' તેમણે ડૉ. ગૌતમભાઈ પટેલનો પરિચય આપતાં કહ્યું હતું કે 'તેમના નામથી સૌ કોઈ પરિચિત છે. 37વર્ષ અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજ

ખાતે અધ્યાપનનું કાર્ય કર્યું છે, સંસ્કૃત સેવા સમિતિના સ્થાપક પ્રમુખ રહી ચુક્યા છે, 100 થી વધુ પુસ્તકોનું લેખન-સંપાદન કર્યું છે, વિશ્વવ્યાપી પરિભ્રમણો કર્યા છે અને રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત થયા છે. તેઓ આજે આપણને 'પ્રહ્લાદ' વિશે વાત કરશે.'

ગૌતમભાઈએ પોતાના વક્તવ્યનો આરંભ કરતાં કહ્યું હતું કે : 'प्रह्लाद महाभागवतः ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં સ્પષ્ટ ગાયું છે કે દૈત્યોમાં હું પ્રહ્લાદ છું. એવા આ પ્રહ્લાદનું ચરિત્ર મહાભારતમાં, પદ્મપુરાણમાં, અગ્નિપુરાણમાં તેમજ અન્ય પુરાણો ઉપરાંત શ્રીમદ ભાગવતમાં વિશેષરૂપે મળે છે. ભગવાન પ્રહ્લાદને વશ છે. નૃસિંહ ભગવાન પ્રહ્લાદને કહે છે કે ક્યાં આ તારી સુકોમળ કાયા, ક્યાં પેલા દાનવે આપેલી યાતના – આવું મેં કદી જોયું નથી તેથી હે વહાલા, મને આવવામાં વિલંબ થયો હોય તો તું મને માફ કરજે. આવો ભક્તિનો મહિમા ભારત દેશમાં થયો છે. પ્રહ્લાદનું ચરિત્ર પ્રેરણા આપે એવું છે. ભગવાન મનુ કહે છે કે માનવી માત્રને જો ચરિત્ર શીખવું હશે તો આ દેશના જે ઉત્તમ મહાપુરુષો છે એની પાસેથી પૃથ્વીના બધા મનુષ્યો તે શીખી શકે છે.

કથા વિશે વિચાર કરીએ તો ભગવાનના દ્વારપાળોને પેલો શાપ મળ્યો અને તેમને ત્રણ વાર જન્મ લેવો પડ્યો. પ્રથમવાર હિરણકશ્યપુ અને હિરણ્યાક્ષ, પછી રાવણ-કુંભકર્ણ અને દંતવક્ત્ર અને શિશુપાલ. હિરણકશ્યપુનો પુત્ર પ્રહ્લાદ થયો. હિરણકશ્યપુનો ભાઈ યુદ્ધમાં માર્યો ગયો તેથી તેણે આકરું તપ કર્યું અને બ્રહ્માજી પાસે વરદાન માંગ્યું કે હું સૃષ્ટિના સર્જેલા કોઈપણ પ્રાણીથી ન મરું, ઘરમાં કે બહાર ન મરું, દિવસે કે રાતે ન મરું, કોઈ આયુધથી ન મરું, ન ભૂમિ-કે ન આકાશમાં મરું. બ્રહ્માજીએ વરદાન આપ્યું. પછી તો એને મૃત્યુનો ભય ન રહેવાથી લોકોને હેરાન કરવા લાગ્યો. દેવતાઓ વિષ્ણુને શરણે ગયા. ભગવાને કહ્યું કે થોડો સમય રાહ જુઓ. એ જ્યારે મારા ભક્ત એવા એના પુત્રનો દ્રોહ કરશે ત્યારે એનું ગમે તેવું વરદાન હશે તો પણ હું એને મારીશ. બીજી બાજુ, પ્રહ્લાદ તો શાંત અને સમદર્શી છે. જીતેન્દ્રિય, સર્વપ્રાણીઓમાં પોતાના આત્માને જોનાર, પ્રિય અને સુહૃદ છે. વાત્સલયભાવ વાળા અને પ્રેમાળ છે. ગુરુજનોમાં ઈશ્વરની ભાવના કરવાવાળા છે. ભગવાન વાસુદેવમાં તેમની નૈસર્ગિક ભક્તિ છે. આ બધુંય હોવા છતાં તે અભિમાનથી રહિત છે. બાળપણમાં રમવાનું છોડીને ભગવાનમાં તન્મય થઈ જાય છે. ક્યારેક હસે છે, ક્યારેક રડે છે, ક્યારેક શાંત થઈ જાય છે. એમની ચેતના સદા ઈશ્વરમાં જ મગ્ન રહે છે.

એકવાર અભ્યાસ કરીને આવ્યા બાદ પિતાજી તેને પ્રેમથી પ્રશ્ન પૂછે છે કે તું સાધુ કોને માને છે ? પ્રહ્લાદ કહે છે કે હું એને સાધુ માનું છું કે જે ઘરના આંધળા કૂવામાં પડી આત્મઘાતી થવાને બદલે, વનમાં જઈને શ્રી હરિનો આશ્રય લે છે. હિરણ્યકશ્યપુને લાગ્યું કે આ બાળકની બુદ્ધિને કોઈએ ભમાવી છે. એને ફરી ભણાવવા આદેશ કરે છે. થોડા દિવસો પછી તે ફરી પ્રહ્લાદને પ્રશ્ન પૂછે છે. પણ પ્રહ્લાદ તો 'श्रवणं कीर्तनं विष्णो' ની સુંદર વાત કહીને ભગવાનના ગુણગાનમાં મગ્ન રહે છે. લોહચુંબક જેમ ખીલીને ખેંચ્યા કરે તેમ પ્રહ્લાદનું ચિત્ત ચક્રપાણી ભગવાન તરફ ખેંચાયા કરે છે. હિરણ્યકશ્યપુ હુકમ કરે છે કે આને મારી નાખો. ઝેર આપ્યું, હિમ, વાયુ, અગ્નિ, પર્વત પરથી ફેંક્યા છતાં બધામાં તે નિષ્ફળ ગયા. કદાચ કોઈને આશ્ચર્ય થાય કે શું આવું આજે બની શકે ? હા, આજે પણ એમ બની શકે છે. મારા ઘરમાં ત્રીજે માળે રહેતા ભાડુઆતની નાની છોકરી રમતાં રમતાં બારીમાંથી ઊથલી પડી, નીચે પડી, પણ નીચે ગાય ઊભી હતી. એના પર તે પડી. સહેજેય વાગ્યું નહીં.

ગાય પરથી ઊતરી અને ઊભી થઈ ચાલતી ચાલતી ઉપર આવી ગઈ ! ઈશ્વર પ્રહ્લાદને ઝીલે છે એમ નહિ, આપણા જેવા અનેકોને ઝીલી લે છે. આગ અને પાણીથી બચેલા કેટલાય ઉદાહરણો આપણી સામે છે.

પ્રહ્લાદે પોતાના બાળમિત્રોને ઉપદેશ આપતાં બહુ સરસ વાત લખી છે કે જીવનમાં જેમ દુ:ખ વગર પ્રયત્ને આવે છે તેમ સુખ પણ વગર પ્રયત્ને આવે છે, સુખ માટે ધાંધા થવાની જરૂર નથી. પ્રાણીમાત્ર પ્રત્યે દયા રાખો, પ્રભુને મેળવવા માટે દેવ કે ઋષિ થવાની જરૂર નથી, વિદ્વતાનીયે જરૂર નથી, ન દાન, ન તપ, ન શૌચ – કેવળ અને કેવળ નિર્મળ ભક્તિથી જ ઈશ્વર પ્રસન્ન થઈ જાય છે. પિતા હવે તેની વાતોથી ગુસ્સે થયા. કોના બળ પર તું મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે ? પ્રહ્લાદ કહે છે કે જે આ સંસારનું સર્જન, સંચાલન અને સંહાર કરે છે તે ઈશ્વર છે, એ જ કાળ છે અને તે સર્વસ્વ છે. હિરણ્યકશ્યપુ કહે છે કે જો તારો ઈશ્વર બધે જ છે તો આ થાંભલામાં કેમ નથે દેખાતો ? ગુસ્સામાં તલવાર લઈને થાંભલાને મુક્કો મારે છે. એ પછી ભાગવતકારની જે શૈલી ઝળહળી છે તે અદ્દભુત છે. પોતાના સેવકના શબ્દોને સત્ય કરવા અને પૃથ્વીની દરેક વસ્તુમાં ઈશ્વર વ્યાપ્ત છે તે બતાવવા માટે 'ન નર કે ન પશુ' એવું અત્યંત અદ્દભુત રૂપ લઈને નૃસિંહ ભગવાન પ્રગટ થયા. હિરણ્યકશ્યપુ સાથે યુદ્ધ કર્યું એને બરાબર પકડ્યો અને ગોદમાં લઈને ઊંબરે આવ્યા. પછી એને નખ બતાવ્યા. પૂછ્યું કે બોલ આ આયુધ છે ? તું જ્યાં છે તે ભૂમિ કે આકાશ છે ? ઘરમાં કે બહાર છે ? આ હું છું એ સૃષ્ટિનું સર્જન છે ? દિવસ કે રાત છે ? હું માણસ કે પશું છું ? એની પાસે બધું કબૂલ કરાવ્યું અને પછી ભગવાનનો ક્રોધ માતો નથી. ત્યાં વીરરસનું ઉદાહરણ દેખાય છે. કેશવાળી ખંખેરી ત્યાં તો આકાશના વાદળો ખળભળી ઊઠ્યા, એમના તેજની સામે ગ્રહોની લાલિમા ચાલી ગઈ, સાગરો એમના નિ:શ્વાસથી ખળભળી ઊઠ્યા. એમની ગર્જનાથી દિશાઓના હાથી પલાયન થઈ ગયા. એક જગ્યાએ તો એવું લખ્યું હતું કે ભગવાને એને ચીરી કાઢ્યો પણ ભગવાનના નખ એવડા મોટા હતા કે એ નખ વચ્ચે ક્યાંક ભરાઈ ગયો તો નૃસિંહ ભગવાનને થયું કે એ ગયો ક્યાં ? પછી એ દેખાયો નહિ એટલે એમણે આનંદથી તાળી પાડી અને નખમાં ભરાયેલી રેતીની માફક એ નીચે પડ્યો અને ભગવાન ખડખડાટ હસી પડ્યા ! આવી જુદા જુદા કવિઓની કલ્પના છે.

ભગવાનનો ક્રોધ શમ્યો નહિ. બ્રહ્મા, રુદ્ર, ઈન્દ્ર, પ્રજાપતિ, દેવ, સર્પ, મનુષ્ય, વિદ્યાધર, ગંધર્વ, પાર્ષદો અને લક્ષ્મીએ સ્તુતિ કરી પણ તેમનો ક્રોધ શાંત ન થયો. છેવટે બ્રહ્માએ પ્રહ્લાદને સ્તુતિ કરવાનું કહ્યું અને પોતાના ભક્તને જોતાં જ ભગવાન શાંત થઈ ગયા. એને પોતાના ખોળામાં બેસાડ્યો. એના મસ્તક પર હાથ મૂક્યો કે પ્રહ્લાદે તેમની અદ્દભુત સ્તૃતિ કરી. ભગવાને કીધું કે હું તારી પર ખૂબ પ્રસન્ન છું માટે જે માગવું હોય તે માગી લે. હું પ્રાણીમાત્રની કામના પૂરી કરનાર છું. પરંતુ પ્રહ્લાદ કહે છે કે જો તમે ખરેખર મારી પર પ્રસન્ન થયા હો તો હું એક જ વસ્તુ માગું છું કે મારા હૃદયમાં કદી માગવાની ઈચ્છા જ ન થાય. પ્રહ્લાદે આ સરસ વાત કહી છે. જેમ વિદ્વાનો કહે છે કે 'પ્રભુ સે માંગનેવાલે બહોત હૈ, પ્રભુ કો માંગને વાલા કોઈ નહિ.' પ્રહ્લાદે ભગવાનના આશીર્વાદ મેળવ્યા અને ભગવાને વિદાય લીધી. ભાગવતમાં કહ્યું છે કે જેના હૃદયમાં કામના કે કર્મ કે એવા કોઈ બીજની શક્યતા જ નથી અને તોય જે પ્રભુમાં સમર્પિત રહે છે અને પોતાની બુદ્ધિને ઈશ્વરમાં પરોવી રાખે છે તેનામાં કદી કામના ઉત્પન્ન થતી નથી; જેમ ધાન્યને ભૂંજી નાખો કે ઉકાળી નાખો પછી એ ફૂટતા નથી, એમ વ્યક્તિની કામના ઈશ્વરપ્રતિ ગતિ કરે ત્યારે તે ભૂંજાઈ જાય છે. પ્રહ્લાદની ભાવના ઈશ્વર પ્રતિ એ પ્રકારની છે.' આમ કહીને તેમણે પ્રહ્લાદના ચરિત્રનો ઉપસંહાર કર્યો હતો.

આ સંગોષ્ઠિના અંતિમ વક્તા તરીકે શ્રી રાજેન્દ્રભાઈ નાણાવટીએ 'સાવિત્રી' વિશે વિસ્તારપૂર્વક વક્તવ્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે 'સાવિત્રીનું ચરિત્ર મહાભારતમાં જોવા મળે છે. યુધિષ્ઠિર માર્કંડેય ઋષિને જ્યારે પૂછે છે કે દ્રૌપદી જેવી કોઈ બીજી પતિવ્રતા સ્ત્રી હશે ખરી ? ત્યારે એના જવાબમાં ઋષિ સાવિત્રીનું ઉપાખ્યાન તેમને સંભળાવે છે. કુલ 300 શ્લોકોમાં એ પ્રસંગ સમાયેલો છે. વાર્તાની શરૂઆત એવી છે કે મદ્ર દેશમાં એક અશ્વપતિ નામનો રાજા થઈ ગયો. પરમ ધાર્મિષ્ઠ, જીતેન્દ્રિય, યજ્ઞો કરનારો, દાનપતિ, પ્રજાપ્રિય અને સત્યવાક હતો. પરંતુ તેને સંતાન નહોતું. મિતાહાર અને બ્રહ્મચર્યથી સંતાન મેળવવા એણે લાખો હોમ કર્યા. નિયમપૂર્વક વ્રત કરતાં એને અઢાર વર્ષ પૂરા થયા એટલે બ્રહ્માનાં પત્ની સાવિત્રીએ સંતુષ્ટ થઈને રાજાને દર્શન આપ્યા તથા વરદાન માગવાનું કહ્યું. રાજા કહે છે કે આપ સંતુષ્ટ થયા હોવ તો હું સંતાનની યાચના કરું છું. અહીં 'સંતાન' શબ્દ સહેતુક મુકાયો છે. સાવિત્રી કહે છે કે મેં તારો ભાવ જાણીને બ્રહ્માને અગાઉથી પૂછી રાખ્યું હતું અને તેમની જ કૃપાથી તને એક તેજસ્વીની કન્યા થશે. આમ, રાજાને પુત્રને બદલે પુત્રી થઈ. રાણી માલવીને ગર્ભ રહ્યો. યોગ્ય સમયે કમળ જેવા લોચનવાળી કન્યાને જન્મ આપ્યો. સાવિત્રી દેવીના સંતુષ્ટ થવાથી આ કન્યાનો જન્મ થયો માટે બ્રાહ્મણોએ તેનું નામ પણ 'સાવિત્રી' જ રાખ્યું.

વખત જતા કન્યા યુવાન થઈને સુવર્ણની પ્રતિમા જેવી શોભવા લાગી. એના તેજથી અંજાઈ જઈને કોઈ પુરુષ એને વરવાની હિંમત નહોતો કરી શકતો. એકવાર તે વ્રત-ઉપવાસ, સ્નાન, દેવપૂજા, હોમ, વિપ્રસ્વસ્તિવાંચન વગેરે પ્રાત:ક્રિયાઓ કરીને તે પિતા પાસે ગઈ. પિતાને પ્રસાદ અર્પણ કરીને પ્રણામ કર્યા. પુત્રીને જોઈને દુ:ખી થયેલા પિતાએ કહ્યું કે આ તારો કન્યાદાનનો સમય છે પણ કોઈ મારી પાસે તને વરવાની યાચના કરવા આવતું નથી માટે ગુણોમાં તારા જેવો કોઈ પતિ તું તારી મેળે જ શોધી લે. આમ કહી રાજાએ કન્યાની સાથે મંત્રી-સેવકોને જવાનો આદેશ આપ્યો. તે કંઈક લજ્જા પામતી રાજ્યમાંથી બહાર નીકળી રાજર્ષિઓના તપોવનોમાં વિચરણ કરવા લાગી; કારણ કે નગરમાં તો તેના તેજથી કોઈ તેની સામે જોઈ શકતું નહોતું. એકવાર પિતા મદ્રરાજ અશ્વપતિ મહર્ષિ નારદ સાથે બેઠા હતા ત્યારે સાવિત્રી બધા તીર્થો, ઉપવનો અને આશ્રમોમાં વિહાર કરીને પાછી આવી. તેણે પિતાને પ્રણામ કર્યા. પિતાએ પૂછતાં તેણે જણાવ્યું કે શાલ્વદેશના રાજા દ્યુમત્સેન ધર્માત્મા રાજા હતા. તેઓ અંધ બન્યા એટલે તેમનો પુત્ર નાનો હોવાથી એમના કોઈ પૂર્વ વેરીએ એમનું રાજ્ય હરી લીધું. શાલ્વરાજ પોતાની રાણી અને પુત્રને લઈને વનમાં જઈ તપ કરવા લાગ્યા. એમનો નગરમાં જન્મેલો અને વનમાં ઊછરેલો પુત્ર સત્યવાન મને ભર્તા તરીકે અનુરૂપ લાગ્યો છે. હું તેને મનથી વરી ચૂકી છું.

સાવિત્રીની વાત સાંભળી તરત જ નારદ બોલી ઊઠ્યા કે અજાણતા જ આ દીકરીએ સત્યવાનનું વરણ કર્યું.... અરેરે... એ તો બહુ ખોટું થયું. નારદે સૌપ્રથમ તેના ગુણો વર્ણવતા કહ્યું કે, 'તે બાળપણથી જ સત્ય બોલે છે એટલે બ્રાહ્મણોએ તેનું નામ સત્યકામ રાખ્યું છે. તેને અશ્વપ્રિય છે, માટીના અશ્વ બનાવે છે અને તે અશ્વ ચિત્રિત કરે છે માટે તેનું નામ ચિત્રાશ્વ પણ છે.' એમ કહી નારદે તેના અનેક ગુણો કહ્યા. અશ્વપતિએ પૂછ્યું કે એ તો બરાબર પણ એના દોષ કયા છે ? નારદ કહે કે એક જ દોષ છે. આજથી માંડીને બરાબર એક વર્ષમાં તેનું આયુષ્ય પૂરું થઈ જશે. તે દેહ છોડી દેશે. હવે સ્વાભાવિક છે કે અશ્વપતિ એમ જ કહે કે જા દીકરી, તું કોઈ બીજાનું વરણ કર. પણ સાવિત્રી પોતાના નિશ્ચયમાં સ્થિર છે. મહાભારતકાર ત્યાં સુભાષિત મૂકતાં કહે છે કે વારસાના ભાગ એક જ વાર થાય, 'આ આપ્યું' એમ એક જ વાર કહેવાય, કન્યાનું દાન એક જ વાર થાય માટે

એકવાર હું તેને વરી ચૂકી છું તેથી હવે તે દીર્ઘાયુ હોય કે અલ્પાયુ, ગુણવાન હોય કે નિર્ગુણ – હવે હું બીજાને નહીં વરું. નારદે જોયું કે સાવિત્રીનો વિચાર સ્થિર છે તેથી તેમણે કહ્યું કે ભલે, તમારી દીકરી સત્યવાનને વરે એ જ ઠીક લાગે છે. અશ્વપતિએ તૈયારી કરી. દ્યુમત્સેનને ત્યાં ગયા. સત્યવાન સાથે લગ્ન માટે વિનંતી કરી. લગ્ન સુખરૂપે સંપન્ન થયું. કન્યાદાન કરીને અશ્વપતિ પોતાને ભવન પાછા આવ્યા.

આ બાજુ જેવા પિતા પાછા ગયા કે સાવિત્રીએ તમામ આભુષણો ઊતારી નાખ્યા. વલ્કલ વસ્ત્રો ધારણ કર્યા. સાસુ-સસરાને દેવકાર્યોથી, વાકસંયમથી અને અન્ય સૌને પોતાના ગુણ, વિનય, સેવાકાર્યોથી પ્રસન્ન કર્યા. તેમજ પ્રિય વચનો, કુશળતા અને એકાંતના ઉપચારો વડે ભર્તાને પરિતોષ આપ્યો. આશ્રમમાં વસતાં કેટલોક કાળ વીત્યો પરંતુ સાવિત્રીના મનમાં તો રાતદિવસ નારદે કહેલા પેલા વાક્યનું જ સ્મરણ રહેતું હતું. ઘણા દિવસો પસાર થયા પછી સત્યવાનના મૃત્યુનો દિવસ નજીક આવી પહોંચ્યો. આજથી ચોથા દિવસે પોતાના પતિનું મૃત્યુ છે તેમ જાણી સાવિત્રીએ ત્રિરાત્રી જાગરણ કર્યું. વ્રત-ઉપવાસ કર્યા. આવતીકાલે પતિનું મૃત્યુ છે તેમ જાણી આખી રાત દુ:ખપૂર્ણ સ્થિતિમાં વીતાવી. આખરે એ દિવસ ઊગ્યો. સાવિત્રીએ સવારના પહેલા પ્રહરમાં અગ્નિનો હોમ કર્યો. સવારના કાર્યો આટોપ્યા. બધા બ્રાહ્મણો, વૃદ્ધો અને વડીલો પાસેથી સૌભાગ્યના આશિષ મેળવ્યા. સાસુ-સસરાએ વ્રતના પારણા કરવાનું કહ્યું તો તેણે સૂર્યાસ્ત પછી ભોજન કરવાનું જણાવ્યું. સત્યવાન ખભે કુહાડી મૂકીને જંગલમાં જવા માંડ્યો ત્યારે સાવિત્રીએ તેને રોકતાં કહ્યું કે આજે તમે એકલા ન જાઓ. મારો તમને છોડતા જીવ ચાલતો નથી. આજે મારે તમારી સાથે આવવું છે. સત્યવાને વનમાર્ગની મુશ્કેલીઓ અને વ્રત-ઉપવાસને કારણે અશક્તિ વગેરેના કારણો દર્શાવ્યા પરંતુ સાવિત્રીએ આગ્રહ છોડ્યો નહીં. અંતે વડીલોના આશીર્વાદ લઈને તે સત્યવાન સાથે વન તરફ ચાલી. માર્ગમાં સત્યવાન રમણીય વનો, મોરના ટહુકા, પવિત્ર ઝરણા, ફૂલોથી છવાયેલા પર્વતો બધું જ બતાવતો જતો હતો પરંતુ સાવિત્રીનું મન કશાયમાં નહોતું. એ તો નારદના વચનોને જ યાદ કર્યા કરતી. વનમાં જઈ સત્યવાને ફળોનો ટોપલો ભર્યો. પછી લાકડા ફાડવા માંડ્યો. પુરાણકાર જુઓ કેવી સુક્ષ્મતાથી આપણને ધીમે ધીમે લઈ જાય છે.... લાકડા ફાડતાં એને પરસેવો વળ્યો. પરિશ્રમથી માથામાં પીડા થવા માંડી. તેણે સાવિત્રી પાસે જઈને કહ્યું કે મારા અંગો તૂટે છે, હૃદય જાણે વલોવાય છે, મન ઠીક નથી લાગતું, માથું જાણે શૂળથી વિંધાઈ જાય છે, ઊભા રહેવાની મારામાં શક્તિ નથી. સૂઈ જવાની ઈચ્છા થાય છે. સાવિત્રી તરત તેની પાસે આવી. પતિને ટેકો આપીને એનું મસ્તક એણે ખોળામાં લીધું. ભોંય પર બેસી ગઈ અને નારદના વચનોને યાદ કરી ઘડી, પળની ગણતરી મેળવવા લાગી.

થોડી વારમાં પીળું વસ્ત્ર પહેરેલા, માથે મુગટ ધારણ કરેલા, સૂર્ય જેવા તેજથી શોભતા પુરુષને તેણે જોયો. તે પુરુષ ઉજળા શ્યામવર્ણનો, લાલ આંખો વાળો અને હાથમાં પાશ સાથે સત્યવાનની નજીક ઊભેલો ભયંકર લાગી રહ્યો હતો. પતિનું મસ્તક ધીમેથી નીચે મૂકીને કાંપતા હ્રદયે દુ:ખી સ્વરે સાવિત્રી કહેવા લાગી કે આપ કોઈ દેવતા છો, આવું શરીર મનુષ્યનું ન હોય. આપ કોણ છો ? અને શું કરવા ઈચ્છો છો ? યમે કહ્યું કે તું પતિવ્રતા નારી છે અને તપથી યુક્ત છે એટલે હું તારી સાથે વાત કરું છું. (બાકી યમ સામાન્ય વ્યક્તિ સાથે વાત ન કરે, એ તો કામ પતાવીને ચાલવા માંડે.) હે શુભે, તું મને યમ જાણ. તારા પતિ સત્યવાનનું આયુષ્ય ખૂટ્યું છે માટે હું એને બાંધીને લઈ જઈશ.' શ્રી રાજેન્દ્રભાઈએ વિગતે સમજાવતા કહ્યું કે, 'યમ ત્યાં એવું વર્ણન કરે છે કે સત્યવાન રૂપવાન અને ગુણોનો સાગર છે, ધર્મયુક્ત છે માટે તે મારા સેવકો વડે લઈ જવા યોગ્ય

નથી, તેથી હું જાતે આવ્યો છું – આ સત્યવાનનું ગૌરવ છે. પુરાણકારે એક એક વિગત બહુ સુક્ષ્મતાથી આલેખી છે. કથા આગળ વધે છે. પોતાની વાત કહીને યમે સત્યવાનની કાયામાંથી પાશ વડે વશ થયેલા માત્ર અંગુઠા જેવડા પુરુષને બળપૂર્વક બહાર ખેંચી કાઢ્યો. આપણે સૌ જાણીએ છીએ કે આત્મા વગર જીવન સંભવે નહીં. એ અંગુષ્ઠ માત્ર પુરુષ આપણા જીવનના સારા-નરસા અનુભવો અને ગુણો-દુર્ગુણોને લઈને આપણી અંદર બેઠેલો છે. જ્યારે વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારે તે તેના શરીરમાંથી બહાર નીકળે છે. બહાર નીકળી ક્યાંક વિચરણ કરતો કરતો કોઈ બીજા દેહમાં જઈને નવો જન્મ ધારણ કરે છે; આમ પૂર્વજન્મના સંસ્કાર વ્યક્તિની સાથે આવે છે.

સત્યવાનના જીવને લઈને યમ ચાલવા માંડે છે. સાવિત્રી પણ ભારે દુ:ખથી યમની પાછળ ચાલવા માંડે છે. યમ કહે છે, હે સાવિત્રી તું પાછી વળ. જેટલું જવાય એટલું તું ગઈ છે. હવે તારે એની પાછળ જવાની જરૂર નથી. તું પતિઋણમાંથી મુક્ત થઈ છે. પરંતુ સાવિત્રી કહે છે કે જ્યાં મારા સ્વામી જાય ત્યાં જ મારે તો જવું છે. એ જ સનાતન ધર્મ છે. ગુરુઓની સેવા, પતિનો સ્નેહ અને આપની કૃપાથી મારી ગતિ અટકતી નથી. વિદ્વાનો કહે છે કે સાત ડગલાં સાથે ચાલે તે મિત્ર કહેવાય, માટે હે યમ, હું મિત્રતાના નાતે આપને કહું છું કે અજ્ઞાનીઓ નથી વનમાં વિચરતા કે નથી અભ્યાસ કે ન તો શ્રમનું આચરણ કરતા. સંતો અનુભવથી ધર્મનો ઉપદેશ કરે છે. સજ્જનોના મતે જે એકનો ધર્મ હોય તે માર્ગને સૌ કોઈ અનુસરે છે. બીજા ત્રીજાની ઈચ્છા કરતા નથી..... સાવિત્રીના આવા ડહાપણ ભરેલા વચનો સાંભળી યમ પ્રસન્ન થાય છે. યમ કહે છે કે તું સત્યવાનના જીવ સિવાય કોઈ પણ બીજું વરદાન માંગી લે. સાવિત્રીએ કહ્યું કે મારા સસરા અંધત્વને કારણે વનવાસ વેઠી રહ્યા છે. એમને આપ કૃપા કરીને સૂર્ય જેવી દષ્ટિ આપો. યમે તથાસ્તુ કહ્યું અને ઉમેર્યું કે તને માર્ગનો શ્રમ લાગ્યો છે, તું વ્રત-ઉપવાસથી તૃષિત છે, માટે જા હવે તું પાછી વળ. સાવિત્રી કહે છે કે પતિની પાછળ જવામાં વળી મને શ્રમ કેવો. તમે મારા પતિને જ્યાં લઈ જશો ત્યાં જ મારી ગતિ હશે. હે દેવરાજ, ફરી મારા વચનો સાંભળો. સજ્જનો સાથેનો એક વાર મેળાપ પણ ઈષ્ટતમ હોય છે. તે કદી નિષ્ફળ નથી હોતો. સદા સજ્જનોના સંગાથમાં જ રહેવું જોઈએ. યમે કહ્યું કે તેં કહેલા વચનો મનને રૂચે એવા છે. ડાહ્યાઓની બુદ્ધિને પણ હિતકારક છે. સત્યવાનના જીવન સિવાય તું બીજું વરદાન માંગી લે. સાવિત્રી કહે છે કે મારા સસરાનું રાજ્ય શત્રુઓએ હરી લીધું છે તે પાછું મળે અને એમણે સ્વધર્મ છોડવો ન પડે એવું વરદાન આપો. યમે તથાસ્તુ કહ્યું અને ઊમેર્યું કે હવે તું પાછી વળ. પરંતુ સાવિત્રી યમ સાથે આગળ ચાલતી રહે છે. યમ પ્રત્યેક વખતે તેને પાછી વાળવાની કોશિશ કરે છે પરંતુ તે પાછી ન જતાં દર વખતે ધર્મની, સત્યની અને સજ્જનોના માર્ગની વાતો કરતી રહે છે, યમ તેને પ્રસન્ન થઈને વરદાન આપતા રહે છે.

ત્રીજું વરદાનએ પોતાના પિતાને સો પુત્રો થાય એમ માંગે છે. ચોથું વરદાન માંગતા તે કહે છે કે મારા અને સત્યવાનના ઔરસ (દત્તક નહીં) એવા કુળને વહન કરનારા બળ અને વીર્યવાન સો પુત્રો થાઓ. યમને બધો ખ્યાલ છે કે આનો અર્થ શું થાય પરંતુ તે તથાસ્તુ કહી દે છે. યમ કહે છે કે હે સ્ત્રી, તું ખૂબ દૂર સુધી આવી ગઈ છે માટે હવે પાછી વળ. વળી સાવિત્રી કહે છે કે સજ્જનોની વૃત્તિ ધર્મમાં હોય છે, સજ્જનો કદી નિરાશ કે દુ:ખી થતા નથી. સંતો સત્યથી સૂર્યને ધારણ કરે છે. સત્યથી ભૂમિને ધારણ કરે છે. સંતો ભૂતભાવિની ગતિ છે – એમ અનેક સુભાષિતો તે કહે છે. છેવટે યમ કહે છે કે તું જેમ જેમ ધર્મયુક્ત વચનો બોલતી જાય છે તેમ તેમ તારા પ્રત્યેની મારી ભક્તિ વધતી જાય છે. માટે હે વ્રતધારીણી, તું અપ્રતિમ વર માંગી લે. સાવિત્રી કહે છે કે દરવખતની જેમ તમે હવે કોઈ અપવાદ કર્યો નથી માટે હું માગું છું કે સત્યવાન જીવિત થાય. એનાથી તમે

પુત્રપ્રાપ્તિ માટે આપેલું વચન સત્ય થશે. યમરાજા તથાસ્તુ કહીને તેને યમપાશમાંથી મુક્ત કરે છે. ખૂબ પ્રસન્ન થઈને સાવિત્રીને કહે છે કે તારા પતિને મેં છોડ્યો છે, તું એને લઈ જા. એ તારી સાથે 400 વર્ષનું આયુષ્ય ભોગવશે. ધર્મ આચરશે, યજ્ઞો કરશે અને લોકમાં કીર્તિ પામશે. આમ, સાવિત્રી યમ પાસેથી પોતાના પતિને છોડાવે છે.

આખ્યાનની સરળ ભાવલેખન પદ્ધતિ છે. સાવિત્રી સજ્જનોના ગુણો ગણાવતી જાય છે અને યમ વરદાન આપતો જાય છે. આરંભમાં મહાભારતકાર 'યમ' શબ્દ પ્રયોજે છે પરંતુ જ્યારે તે સત્યવાનને પાશમાંથી મુક્ત કરે છે ત્યારે ત્યાં 'ધર્મરાજ' શબ્દ પ્રયોજ્યો છે. ઉપનિષદોમાં સાવિત્રી શબ્દ ગાયત્રીમંત્ર માટે વપરાયો છે. જે સત્કર્મમાં પ્રેરે તે સાવિત્રી. સત્ય તેણે કદી છોડ્યું નથી. યમ પાસે જતી સાવિત્રી સત્યનો હાથ સદા પકડી રાખે છે માટે તે જીતી જાય છે.' આમ કહી શ્રી રાજેન્દ્રભાઈએ સાવિત્રીના અખ્યાનની પૂર્ણાહુતિ કરી હતી.

સંગોષ્ઠિ-5ની સમાપ્તિ બાદ સત્રના 'વાચસ્પતિ પુરસ્કાર' પ્રદાનવિધિનો આરંભ કરવામાં આવ્યો હતો. સૌપ્રથમ સમગ્ર સત્રના સુત્રધાર શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશીએ અગાઉના વર્ષોમાં અપાયેલા 'વાચસ્પતિ પુરસ્કાર'ની વિગતો આપી હતી જેમાં ઈ.સ. 2000માં પ.પૂ શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી, 2001-ડૉ. કે.કા. શાસ્ત્રી, 2002-ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા, 2003-ડૉ. એસ્તેર સોલોમન, 2004-ડૉ. વસંત પરીખ, 2005-ડૉ. તપસ્વી.એસ.નાંદી, 2006-ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, 2007-ડૉ. લક્ષ્મેશ વલ્લભજી જોષીને આ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શ્રી હરિશ્ચંદ્રભાઈએ ચાલુ વર્ષે અપાનાર વર્ષ-2008 માટેના પુરસ્કૃત વિદ્વાન ડૉ. અરવિંદભાઈ જોષી (સુરત)નો વિસ્તૃત પરિચય આપ્યો હતો જેની વિગતો આ પ્રમાણે છે :

**નામ :** ડૉ. પ્રો. જોષી અરવિંદ હર્ષદરાય
**જન્મતારીખ :** 5-1-1934.

**સરનામું :**
બ.નં. 101/બી, કલ્પના સોસાયતી વિભાગ-2,
અડાજણ પાટીયા પાસે, રાંદેર રોડ, સુરત-9.

**શૈક્ષણિક લાયકાત :** એમ.એ. પી.એચ.ડી.
**શાસ્ત્ર :** વેદાન્ત
**રસના વિષયો :** ભારતીય દર્શનશાસ્ત્ર, તત્વજ્ઞાન, કાવ્યશાસ્ત્ર, કાવ્ય
**પી.એચ.ડીનો વિષય :** ગૌડપાદ : એક સમીક્ષાત્મક અધ્યયન.
**માર્ગદર્શકનું નામ :** ડૉ. અરુણચંદ્ર દે. શાસ્ત્રી (સ્વર્ગસ્થ)

**શૈક્ષણિક અનુભવ :**
[1] 15જૂન, 1959થી 1966 સુધી આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, તિથલ રોડ, વલસાડ. [2] જૂન-1966થી એમ.ટી.બી આર્ટસ કૉલેજ સુરત [3] 1994માં સંસ્કૃત વિભાગના અધ્યક્ષ તરીકે નિવૃત્ત. [4] સાર્વજનિક

એજ્યુકેશન સોસાયટી, સુરત દ્વારા સંચાલિત ચુનીલાલ ગાંધી વિદ્યાભવન (રિસર્ચ એન્ડ લર્નિંગ ઈન્સ્ટીટ્યુટ)માં 1999થી ચાર વર્ષ સુધી સંસ્થાના માનદ નિયામક તરીકે કાર્યરત.

**પ્રવૃત્તિઓ :**

[1] સભ્ય, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર 1994થી 1999 સુધી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી દ્વારા નિયુક્ત. [2] દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની કૉલેજના સંસ્કૃત પ્રાધ્યાપક મંડળના સ્થાપક તથા પ્રથમ પ્રમુખ. [3] એમ.ફીલ તથા પી.એચ.ડીના માર્ગદર્શક [4] પી.એચ.ડી થિસિસના પરીક્ષક તથા વિવિધ ગ્રંથોના પરામર્શક. [5] અનેક પરિષદો તથા અધિવેશનોમાં વ્યાખ્યાતા તથા અધ્યક્ષ તરીકે કાર્ય કર્યું. [6] વિવિધ પરિષદો તથા અધિવેશનોમાં વ્યાખ્યાનો આપ્યાં, લેખો તથા શોધપત્રોનું વાચન કર્યું. [7] 1995-96 દરમ્યાન અમેરિકા ખાતે ત્રણ વ્યાખ્યાનો આપ્યાં. (અ) ભગવદગીતાનું દર્શન : Place : India house of worship, Washington, December-1995. (બ) મહાકવિ કાલિદાસનું કુમારસંભવ : Place : India house of worship, Washington, February, 1996. (ક) Introducation to Hindu Scriptures (Vedas, Upnishads and Bhagvad Gita) : Place : Allen Town, Philadelphia June,1996) [8] ગુજરાતી વિશ્વકોષમાં પ્રદાન : 10 અધિકરણો [9] પ્રકાશનો : (ક) 'માંડૂક્યોપનિષદ-ગૌડપાદકારિકા', પ્રકા. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત, 1979. (શ્રેષ્ઠ ગ્રંથ તરીકેનું ગુજરાતી સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક 1979માં પ્રાપ્ત થયું છે.) (ખ) 'ગૌડપાદ- એક સમીક્ષાત્મક અધ્યયન' (ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પુરોવચન સહિત), 1984 (ગ) 'કુમારસંભવ' (ડૉ. ગૌતમ પટેલ સાથે) (ઘ) 'મૃગજળનાં મોતી' (કાવ્યસંગ્રહ : 1995), (ચ) 'માંડૂક્યોપનિષદ-ગૌડપાદકારિકા', બીજી આવૃત્તિ, પ્રકા. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત, 1979. (છ) ઉત્તરગીતા (ગૌડપાદીય વ્યાખ્યા સહિત), પ્રકા. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત. (જ) 'પડછાયાની પાર' (કાવ્યસંગ્રહ) (ઝ) માલવિકાગ્નિમિત્ર : કાલિદાસ (અપ્રકાશિત)

**અન્ય વિશેષ :**

[1] સ્વધ્યાય મંડળ, પારડી દ્વારા પ્રકાશિત 'વેદસંદેશ'માં 20 લેખ. [2] President, National Seminar on 'Works Attributed to Kalidasa', Arts and Commerce Collage, Chikhli, Dist. Navsari, October-2006. [3] અન્ય વ્યાખ્યાનો (ક) વૈદિક સાહિત્યમાં વિદુષીઓ, અખિલ હિંદ મહિલા પરિષદ સુરત, 2001. (ખ) સંસ્કૃત સાહિત્યમાં પ્રણય નિરુપણ, રોટરી કલબ, નવસારી, 2006. (ગ) આદિ શંકરાચાર્યનું તત્વજ્ઞાન, બ્રહ્મસમાજ, વ્યારા, 2008. (4) આદિ શંકરાચાર્યનું જીવનદર્શન, સિનિયર સીટીઝન કલબ, સુરત-2008.

આ મંગલ પ્રસંગે સુરતના સુપ્રસિદ્ધ કવિ 'ઉશનસ્' દ્વારા પાઠવાયેલા પત્રનું ત્યાં વાંચન થયું હતું. કવિશ્રીએ પોતાનો સદભાવ વ્યક્ત કરતાં લખ્યું હતું કે 'યુનિવર્સિટીના તો તમે ડોક્ટર છો જ ને હવે શ્રી મુરારિબાપુની યુનિવર્સિટીના વિદ્યાવાચસ્પતિ પણ થયા છો; આમ તમે બેવડી પી.એચ.ડી. પદવી પ્રાપ્ત કરી છે, જે તમને છાજે છે. તમારામાં અદ્વૈતતત્વનું ટૂંપણું છે તો પ્રેમ લક્ષણા ભક્તિના દ્વૈતતત્વનું 'તું'પણું પણ છે, જે તમારી પ્રેમવિષયક કવિતામાં ખૂલ્યું ને ખીલ્યું છે.' તે પછીથી તમામ વિદ્વાન વક્તાઓ ગંગાધરજી પંડા, શ્રી અજિત ઠાકોર, શ્રી ગૌતમ પટેલ, શ્રી વસંત પરીખ – સૌએ પોતાનો આનંદ વ્યક્ત કરીને તેમના સંસ્કૃત સાહિત્ય પ્રતિ જે પ્રદાન છે તેની માટે 'બે શબ્દો' કહ્યા હતા. 'વાચસ્પતિ પુરસ્કાર' ના એવોર્ડની વિગત વંચાયા બાદ તેમને

પૂ.બાપુ તેમજ સૌ ઉપસ્થિત વિદ્વાનોના હસ્તે આ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો અને તે સાથે તેમનું શાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. પવિત્ર મંત્રો સાથે સૌ શ્રોતાઓએ ઊભા થઈને આ ક્ષણે તેમનું અભિવાદન કર્યું હતું. રોમાંચ પેદા કરતી આ ધન્ય ઘડી સૌ કોઈ માટે ચિરસ્મરણીય બની રહી હતી. સમગ્ર સત્રના અંતિમ ચરણમાં પૂ. મોરારિબાપુએ પ્રાસંગિક વક્તવ્યનો આરંભ કર્યો હતો.

શ્રી રામચંદ્ર શરણં પ્રપદ્યે
શ્રી રામદૂતં શરણં પ્રપદ્યે
પૂ.બાપુએ સૌનું અભિવાદન કરતાં કહ્યું કે : 'આજના ઋષિપંચમીના દિવસે ઋષિકાર્ય કરતા આપ સૌ વડીલો અને જેની વંદના કરવા માટે આપણે બડભાગી બન્યા છીએ અને જે વંદના સ્વીકારીને આપણને કાયમ જેણે ઋણી કર્યા છે એવા ઉત્સવમૂર્તિ આદરણીય ડૉ. અરવિંદભાઈ જોશી સાહેબ અને બહેનશ્રી. શ્રવણ કરતાં કરતાં મેં મારે માટે વાણીના અમુક વિભાગો પાડ્યા છે. એક વાણી હોય છે નભવાણી, બીજી નાભીવાણી, ત્રીજીવાણી નિજવાણી, ચોથી નીર જેવી, પાંચમી વાણી નાગરીવાણી હોય છે. મને 'અસ્મિતાપર્વ' અને 'સંસ્કૃતસત્ર' માં આ પાંચેય વાણીઓને શ્રવણ કરવાનો બહુ મોટો લાભ મળે છે. સંસ્કૃતસત્રમાં મારા માટે વિશેષ આનંદની વાત એ છે કે આ પહેલા શ્રાવણ માસમાં હું એક મહિનો મૌન હોઉં છું અને મારું બોલવાનું આ સત્રથી શરૂ થાય છે.

તુલસીદાસજીએ રામચરિત માનસના આરંભમાં મંગલાચરણના સાતમામંત્રમાં 'નાના પુરાણ...' કહીને પહેલું નામ પુરાણોનું લીધું છે. આમાંના કેટલાય પૌરાણિક પાત્રો રામચરિત માનસે ક્યાંક સંકેતરૂપે, ક્યાંકસુત્ર રૂપે, ક્યાંક દ્દષ્ટાંતરૂપે તો ક્યાંક એનો આધાર લઈને તુલસીએ વર્ણવ્યાં છે. પાત્રોથી ગ્રંથ બને કે ગ્રંથથી પાત્રો બને તે મને ખબર નથી પરંતુ મને એમ લાગે છે કે ઈશ્વર જો માણસ થઈ શકતો હોય તો માણસ પણ ઈશ્વર થઈ શકે. પક્ષી જો ઈંડુ પ્રગટાવે તો ઈંડુ પક્ષીને પ્રગટાવી શકે. આ સંદર્ભમાં થોડા સમય પહેલા મેં એક મોટું દીર્ઘકાવ્ય વાંચ્યું હતું. રશિયાના કોઈ કવિનું હતું જેનો અનુવાદ બાબુભાઈ સુથારે અને એક બીજા સાહિત્યકારે કર્યો છે. એમાંની એક વસ્તુ મારે આપને કહેવી છે. એ કાવ્યમાં કવિ એમ કહે છે કે બે ખાટલા છે. એમાં એક પર માણસ સૂતો છે અને બીજા પર ઈશ્વર સુતો છે. બંને વચ્ચે એક ગ્રંથ છે. ગ્રંથ કંઈ બોલતો નથી પણ સૌથી પહેલા સ્વભાવ મુજબ માણસ બોલવાની શરૂઆત કરે છે કે આ ગ્રંથની રચના મેં કરી છે ! એ વારંવાર બોલે છે. એકનું એક વાક્ય બોલ્યા જ કરે છે. ઈશ્વરને બોલવું નથી પરંતુ આખરે એ પેલા મનુષ્યને કહે છે કે આ ગ્રંથ તેં નથી રચ્યો પણ મેં તારી પાસે રચાવ્યો છે. હવે બંને વચ્ચે તકરાર થઈ અને બહુ લાંબુ ચાલ્યું. છેવટે ગ્રંથ બોલે છે કે તમને બંનેને મેં રચ્યા છે.'

પૂ.બાપુએ વધુમાં કહ્યું હતું કે 'રામચરિત માનસ મારો શ્વાસ છે, ભગવદગીતા મારો વિશ્વાસ છે અને શ્રીમદ ભાગવતના પ્રેમની મારી તલાશ છે તથા ઉપનિષદ મારો પ્રકાશ છે. આવા ઉત્તમ ગ્રંથોનો સ્વધ્યાય કરીને હરિશભાઈએ કહ્યું તેમ 50 મિનિટ બોલવા માટે આપ 50-50 દિવસનું અધ્યયન કરીને આવો એનાથી અમને કેટલો બધો પ્રકાશ પ્રાપ્ત થાય છે. અમને એમાંથી અજવાળું મળે છે. ધર્મ-અર્થ-કામ-મોક્ષમાં ગુજરાતી ભાષા એ આપણો ધર્મ છે. એટલે કે જેની જે માતૃભાષા હોય તે તેનો ધર્મ છે. હિન્દી સાર્થક છે માટે તે અર્થ છે. હિન્દી ભાષા આપણી સમૃદ્ધિ છે. અંગ્રેજી ભાષા કામની છે – એટલે કે ઉપયોગી છે. પરંતુ સંસ્કૃત તો મોક્ષની ભાષા છે. મોટાભાગના મોક્ષદાયી ગ્રંથો સંસ્કૃતમાં આવ્યા છે. અને તેનું આટલું સેવન કરીને આપ અહીં આવો છો તે ખૂબ

આનંદનો વિષય છે. આ આયોજન પાછળ બીજો કોઈ હેતુ નથી. અમારા પ્રતિ એક વાત્સલ્યને કારણે આપ આવો છો. આ બધા અવસરો નથી મુરારિબાપુના કે નથી સીતારામ સેવા ટ્રસ્ટના કે નથી કૈલાસ ગુરુકુળના – આ બધું સમય કરાવે છે. સમય સિવાય આ શક્ય નથી.'

રામચરિત માનસનો એક પ્રસંગ ટાંકતા બાપુએ કહ્યું હતું કે : 'રામચરિત માનસમાં એક કોહબરની લીલા છે. સરળ શબ્દમાં એને ગામડાઓમાં કોડી-કરડા રમાડવાની વિધિ કહીએ તે. રામ તેઓ એ રમવામાં એકદમ ઉદાસીન અને શાંત. એમને જોઈને મિથિલાની સ્ત્રીઓ મજાકમાં કહે છે કે એમણે ધનુષ્ય તોડ્યું એનો બહુ અહંકાર છે ! ભગવાન તો કંઈ બોલતા નથી પણ બે-ચાર વાર તે આમ કહે છે એટલે લક્ષ્મણજીથી રહેવાયું નહીં. એ બોલ્યા કે તમે એમને અભિમાની કહો છો તો એમને અભિમાન કરવાનો અધિકાર છે કારણ કે જે ધનુષ્યને દશ હજાર રાજાઓ નથી તોડી શક્યા તે ધનુષ્ય એમણે એકલાએ તોડ્યું છે. મિથિલાની સ્ત્રીઓ લક્ષ્મણજીને કહે કે એ પોતે કહે કે મેં તોડ્યું છે તો અમે માનીએ. લક્ષ્મણજી ભગવાન રામને કહે છે કે હવે આપણી પ્રતિષ્ઠાનો સવાલ છે. તમે ચોખ્ખું કહી દો કે તમે ધનુષ્ય તોડ્યું છે. લક્ષ્મણજીને એમ કે ભગવાન તો હવે મારા પક્ષમાં જ બોલશે ! અને વાતેય સાચી હતી એ ભગવાને જ તોડ્યું હતું. પરંતુ રામ કહે છે કે મેં નથી તોડ્યું. મેં તોડ્યું હોય એનો દર્શનીય પુરાવો તો હોવો જોઈએ ને ? મેં તોડ્યું ત્યારે તો અંજાઈને બધાએ આંખો બંધ કરી દીધેલી એટલે કોઈએ જોયું જ નથી. મિથિલાની સ્ત્રીઓ આ સાંભળીને પોતાની જીત થતી જોઈ ખુશ થઈ ગઈ. ભગવાન રામે આગળ કહ્યું કે મેં તો ફક્ત હાથ અડાડ્યો અને ધનુષ્ય જૂનું હતું એટલે એ તૂટી ગયું. પછી ભગવાને સરસ વાત કરી છે કે દશ હજાર રાજા ઊભા થયા ત્યારે એનો તૂટવાનો યોગ નહોતો અને જ્યારે તૂટવાનો યોગ હતો ત્યારે હું ફક્ત અડક્યો ને તૂટી ગયું. એટલે હે લક્ષ્મણ, આ જગતમાં કોઈ કોઈને તોડતું નથી, એના તૂટવાના યોગ્ય સમયે બધું તૂટી જાય છે અને એ સમય મારો ગુરુ વિશ્વામિત્ર જાણે છે. તેથી મારે આપને કહેવું છે કે આ બધું આયોજન સમયને લીધે થાય છે. સમયની એ માંગ હશે. મારો આમાં કોઈ હેતુ નથી. હું તો કેવળ ને કેવળ આપને સાંભળી શકું અને શ્રવણનો આનંદ લઈ શકું.'

અન્ય એક વિષય વિશે વાત કરતાં પૂ.બાપુએ કહ્યું કે 'હળવા હોય એને ઈશ્વર માથા પર રાખે. ભગવાન રામ કળીઓને માથે રાખતા અને ખીલી ગયેલા ફૂલને ડાબા હાથમાં લેતાં. કળીઓએ ઈશ્વરને પૂછ્યું કે પ્રભુ આમ કેમ ? તો રામ કહે કે જે નથી ખીલ્યા એને હું માથે ચઢાવું છું અને જે ખીલી ગયા છે એવો અહંકાર રાખતા હોય એ તો મારા ડાબા હાથનો ખેલ જેવા છે, ક્યારે ફેંકી દઉં કંઈ ખબર ન પડે !' શ્રદ્ધા વિશે વાત કરતાં બાપુએ કહ્યું હતું કે 'મારે તો અશ્રુ અને આશ્રય એ પર જ જીવવાનું છે. કોઈકની કૃપાથી આ બધુ કુદરતી રીતે થાય છે. શ્રાવણ પછી આપણે બધા આ જીવતા શિવનો અભિષેક કરવા ભેગા થયા છે અને અરવિંદભાઈએ આ અભિષેક સ્વીકાર્યો એ માટે અમે ઋણી છીએ. આ સત્રનું તમામ સુકૃત હનુમાનજીના ચરણોમાં અર્પણ કરીને જૂનાગઢના યુવા કવિ ભાવેશ પાઠકને યાદ કરું છું. એમણે કહ્યું છે કે : 'સોચલો રસ્તા બડા દુષ્વાર હૈ, જિંદગી રસ્સી નહીં તલવાર હૈ' જિંદગી તો તલવારની ધાર છે અને એના પર ચાલવા માટે આ બધા સત્રો માર્ગદર્શન પૂરું પાડે છે અને આપણું સંબલ બને છે. આપ સૌને પુનઃ પ્રણામ. છેલ્લે એટલું કહીશ કે....

લો હવે કૈલાસ ખુદને કાંધ પર, રાહ સહુની ક્યાં સુધી જોયા કરો,<br>
દર્દને ગાયા વિના રોયા કરો, ફૂલને સુંઘો નહીં જોયા કરો.

---